بسم الله الرحمن الرحيم

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/ઓગસ્ટ/૨૦૧૭**

શવ્વાલુલ મુકર્રમ-ઝિલ્ ક઼અ્દ

હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૮, સળંગ અંક : ૧૬૪

સ્થાપક અને પ્રકાશક

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | સંગઠિત થવાનો નુસ્ખો | 02 |
| 02 | **ધર્મના નામે નિર્દોષોનું ખૂન એ સ્વધર્મને બદનામ કરવું છે** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ | 15 |
| 06 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 18 |
| 07 | સીરતે રસૂલે મુખ્તાર صلی اللہ علیہ وسلم | 21 |
| 08 | ક઼ાનૂને શરીઅત | 24 |
| 09 | મહબ્બતે રસૂલ صلی اللہ علیہ وسلم નું મહત્વ, સબબો, | 27 |
| 10 | ગુનાહોનો ઈલાજ | 32 |
| 11 | ખ્વાજા ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ | 35 |
| 12 | પાણી પીવડાવવું : મગફિરત તથા બખ્શિશનો સબબ | 39 |
| 13 | શું D.N.A.ના આધારે શરઈ સજા થઈ શકે ? | 41 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


### ક઼િસ્મત મેરી ચમકાઈ હૈ આક઼ાને બુલાકર

ક઼િસ્મત મેરી ચમકાઈ હૈ આક઼ાને બુલાકર
જોલી ભી મેરી ભર દી હૈ દાતાને બુલાકર

બે મિષ્લ શફીઅ તુમ હો તો મૈં અદના ભિકારી
હસ્નૈનકા સદક઼ા દો મુઝે દર પે બિઠાકર

હૈ આરઝૂ ઈતની કે રહૂં દરકા હી મંગતા
રખના મેરે દાતા મુઝે અપના હી બનાકર

અપની હી નિગાહોંકી દરબાની મેં રખના
ઈસ બેબસો મજબૂર કો આ'દા સે બચાકર

મુજરિમ બુલાએ આયે હૈં "જાઊક" હૈ ગવાહ
કર દીજિયે બખ્શિશકી દુઆ લબકો હિલાકર

કહ દીજીએ શામિલ હૈ ગુલામો મેં તૂ "શાકિર"
બૈઠા હૂં મૈં ચૌખટપે યહી આશ લગાકર

જબ હશ્રમેં **'શાકિર'** હો પરેશાન તુમ્હારા
રખ લેના ઉસે અપને દામનમેં છુપાકર

❑ અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી, મુંબઈ

પયગામે નૂરી

# સંગઠિત થવાનો નુસ્ખો

અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી, મુંબઈ

અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ દયાદરવી

અત્યારે વિશ્વકક્ષાએ મુસ્લિમ ઉમ્મત સખત ડર તથા ભયનો શિકાર છે. દિન પ્રતિ દિન મુસ્લિમ દેશોની તબાહી તથા મુસલમાનોની બર્બાદીનાં ભયાનક દશ્યો જોઈને એ ગહરી સોચમાં સપડાયેલ છે કે અલ્લાહ ન કરે, ખબર નહીં ! ક્યારે શું થઈ જાય ? રમઝાન શરીફના મુક઼દ્દસ મહિનામાં જેવી રીતે સઊદીની જાલિમ હુકૂમત તરફથી ક઼તર પર પાબંદી અને નાકાબંદીનું ફર્માન જાહેર થયું અને એના ફર્માન પર જેવી રીતે કેટલીક મુસ્લિમ હુકૂમતોએ લબ્બૈક કહ્યું, આ જોઈને દરેક દર્દમંદ મુસલમાન એ વિચારવા અને કહેવા પર મજબૂર થઈ ગયો કે શું આ જ મુસલમાનોનો તરીક઼ો છે ? અને શું આ જ હરમૈન શરીફૈનની ખિદમત છે ?! આ ફર્માન અને એના પર અમલી કાર્યવાહીથી સાફ રીતે એ જ સમજમાં આવે છે કે આ પશ્ચિમી હુકૂમતોની ગુલામી છે, **બસ ! હક઼ીક઼ત એ છે કે પૂરી દુનિયામાં જો મુસ્લિમ ઉમ્મતનો કોઈ ક઼ાતિલ છે તો એ ફક્ત અને ફક્ત સઊદી છે.** આ'લા હઝરત ઈમામે ઈશ્ક઼ો મહ઼બ્બત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની દિર્ઘ દષ્ટિવાળી નિગાહો પર કુર્બાન કે સમયના આ મહાન મુજદ્દિદે દરેક બાતિલ ફિર્ક઼ાનો રદ કર્યો અને એમાં કોઈ કસર ન છોડી, પરંતુ એ સૌથી વધારે ઈસ્લામ અને મુસલમાનોના દુશ્મન વહાબી ફિર્ક઼ાને સમજતા હતા એટલા માટે સૌથી વધારે રદ અને પકડ આ ફિર્ક઼ાની કરી અને આપની અસંખ્ય કિતાબો આ ફિર્ક઼ાની રદમાં મૌજૂદ છે.

ઘણા જ અફસોસ સાથે લખવું પડે છે કે ક઼ાતિલ પણ કલ્માએ તયબહનો દાવો કરવાવાળો અને ક઼તલ થનાર પણ કલ્મો પઢવાવાળા ! આખરે ક્યાં ગઈ મુસલમાનોની ઈસ્લામી સોચ ?! શું થઈ ગયું છે મુસલમાનોને ?! બાતિલ બધા જ એક થઈ ગયા છે, અને મુસલમાન વિખેરાતા જઈ રહ્યા છે ! મુસલમાનોને કોની નજર લાગી ગઈ છે ?!

આક઼ાએ કરીમ ﷺ પોતાની ઉમ્મતને એક અને સંગઠિત જોવા માગતા હતા, એટલા માટે રહ઼મતે આલમ ﷺએ પોતાના અખ્લાક઼ અને તા'લીમના થકી પોતાના ગુલામોને એવા એક અને સંગઠિત કર્યા કે દુનિયાની કોઈ તાક઼ત એમાં તિરાડ પેદા ન કરી શકે. પરંતુ જેમ જેમ રિસાલતનો જમાનો ગુજરતો ગયો તેમ તેમ એકતાના ટુકડે ટુકડા થતા રહ્યા. આજે પણ જો ગુલામાને રસૂલ ﷺ એકતાની રસ્સીને મજબૂતીથી પકડે તો ખોવાયેલ વક઼ાર અને ઈજ્જત અને સરબુલંદી ફરીથી આપણુ મુક઼દ્દર બની શકે છે. આજે ફક્ત નમાઝ, રોઝા અને હજ્જની તબ્લીગ પૂરતી નથી, બલ્કે ઈશ્કે નબી علیہ الصلوٰۃ والسلامની તબ્લીગ પણ ખૂબ જ જરૂરી છે. આપણે આક઼ાએ કરીમ ﷺની એ તા'લીમાતને અપનાવવી પડશે અને આમ કરવી પડશે જેનાથી મુસ્લિમ ઉમ્મત વિખેરાવાથી બચી જાય અને આપણો વિખવાદ એકતામાં ફેરવાય જાય. આક઼ાએ કરીમ ﷺના કેટલાક ઈર્શાદોને જોઈએ જે આપસી એકતા, એકબીજાની મદદ અને ભલાઈના વિશે છે : **اَلْمُوْمِنُ لِلْمُوْمِنِ كَالْبُنْيَانِ يَشُدُّ بَعْضُهٗ بَعْضًا** એટલે કે એક મો'મિન બીજા મો'મિન માટે એવી મજબૂત ઈમારત જેવો છે જેના એક હિસ્સાથી બીજા હિસ્સાને મજબૂતી હાંસલ થાય છે. *(બુખારી, કિતાબુલ આદાબ, બાબે તઆવુનુલ મુઅ્મિનીન)*

બીજી જગ્યાએ ઈર્શાદ ફર્માવ્યો :–

**مثل المو منین فی توادهم وتراحمهم وتعاطفهم مثل الجسد اذا! شتکی منه عضو تداعی له سائر الجسد بالسهر والحمی**

''આપસમાં મહ઼બ્બત તથા પ્રેમભાવ, દયા કૃપા, રહ઼મ તથા હમદર્દીમાં મુસલમાનોનું દષ્ટાંત એક શરીર જેવું છે. જ્યારે એના કોઈ અંગને તકલીફ પહોંચે છે તો આખુ શરીર તાવમાં સપડાય જાય છે અને ઊંઘ ઉડી જાય છે. *(મુસ્લિમ, કિતાબુલ્ બિર્રે વસ્સિલા)*

**જે નબીએ કૌનૈન ﷺ પોતાની ઉમ્મતને આવી રીતે સંગઠિત જોવા** વધુ પેજ 40 પર..

# ધર્મના નામે નિર્દોષોનું ખૂન

## એ સ્વધર્મને બદનામ કરવું છે

*તંત્રી લેખ....*

**મઝહબ નહીં સિખાતા આપસમેં બૈર રખના**
**હિંદી હૈં હમ, વતન હૈ હિંદુસ્તાં હમારા**

પ્યારા વતની ભાઈઓ ! બહેનો ! આ ટૂંકા લેખમાં હું આપ લોકોને જીવનના એક અતિ ગંભીર પાસા પ્રતિ ધ્યાનિત કરવા તથા નિષ્પક્ષ બનીને વિચારણા કરી પોતે જ તમારા આત્માને, તમારા ઝમીરને સવાલ કરવા વિનંતિ કરું છું કે જેથી હાલના હિંદુસ્તાનમાં જે ધર્માંધતાના નામે નિર્દોષ મુસ્લિમો તથા દલીતો તથા અન્ય લોકોની જાહેરમાં ગુંડાગર્દીની રીતે પિટાઈ તથા તેમનું ટોળાશાહીમાં હલ્લો બોલાવીને ખૂન કરી નાખવાના જે બનાવો દિન પ્રતિ દિન વધી રહ્યા છે તેની પાછળનું રાઝ શું છે તે તમને સમજાય જશે અને ઉમ્મીદ છે કે એવાં કુકર્મોથી આપણે સૌ જરૂર બચી જઈશું. કોઈપણ ધર્મમાં કે શાસ્ત્રમાં કોઈ નિર્દોષની મારપીટ અથવા તો કોઈ વ્યક્તિ પર ખોટો આરોપ મૂકીને તેનું ખૂન કરી નાખવું, તેના પર જુલ્મ કરવો એવો આદેશ હરગિઝ જોવા મળશે નહીં, બલ્કે એ કૃત્યમાં જ અધર્મતા છે. ધર્મ એવો ઉપદેશ નથી કરતો, બલ્કે માનવી માનવીનો સહાયક બનીને માનવતાની મહેક ફેલાવે એ જ ધર્મો તરફથી આદેશ હોય છે.

### હિંદુસ્તાનના લોકો આમ અચાનક ઉગ્ર ધાર્મિક શાથી થઈ ગયા ?!

આ બાબતે સીધે સીધુ અને સાચે સાચુ કહી દઈએ તો એવું છે કે આ આખો રાજકારણનો ખેલ છે. રાજકારણમાં જ્યારે સસ્તી લોકપ્રિયતા મેળવવી હોય તો સૌથી સરળ માર્ગ લોકોની ધાર્મિક લાગણીઓને છંછેડવું છે. લોકોનાં માઈન્ડ એ રીતે વોશ કરવાં કે તે ધર્માંધ બનીને જનૂની બની જાય, અને સામા ધર્મવાળાઓને પોતાનો દુશ્મન જ સમજવા લાગે. જ્યારે કે **હક઼ીક઼તમાં ધર્મ એ દરેકની અંગત બાબત છે, એમાં કોઈ કોઈના ધર્મમાં હસ્તક્ષેપ કે માથુ મારવાનું પસંદ નથી કરતો. આમ જનતાની હજી પણ આ જ સ્થિતિ છે, અને વરસોથી આજ સુધી આ રીતે જ હિંદુસ્તાનના સમાજમાં સર્વ કૌમો આપસમાં મેળમિલાપથી એક બીજાથી વહેવાર રાખીને રહેતી આવી છે.** પણ બુરુ થાય સત્તાના લાલચુઓનું કે સત્તા પ્રાપ્તિ માટે કોઈ સારો તથા પ્રજાની ભલાઈનો મુદ્દો કે પ્લાન તેમનાથી થઈ શકે તેમ ન હતો તો સત્તા મેળવવા લોકોની ધાર્મિક લાગણીઓને છંછેડવાના પ્રોગ્રામો આજથી વરસો પહેલાંથી શરૂ કરી દીધા. જેમ કે સૌ પ્રથમ "રામ મંદિર"ના નામે હિંદુઓની ઉશ્કેરણી કરવા, વડા પ્રધાન થવાના જેમના કોડ અધૂરા રહી ગયા તે નેતા અડવાણીએ "રથ યાત્રા" હાંકે રાખી અને દેશનો શાંત માહોલ બગાડયો અને છેવટે એના ફળ રૂપે ઐતિહાસિક "બાબરી મસ્જિદ"ને કહેવાતા ધાર્મિષ્ઠ લોકોએ શહીદ કરી નાખી ! બનાવટી ઈતિહાસને ખૂબ જ ફેલાવી ફેલાવીને લોકોના દિમાગમાં ઠસાવી દીધું કે મોગલ બાદશાહ બાબરે રામ મંદિર તોડી મસ્જિદ

બનાવી હતી ! જ્યારે કે આ સરાસર જૂઠ છે. ખૈર ! આ પ્રવૃત્તિ ચાલુ રહી અને બિન જવાબદાર સત્તાધારીઓએ જૂથવાદી તત્વોની સાથે સાઠગાંઠ કરી દુનિયાને અચંબામાં તથા અફસોસમાં નાખે તેવો બનાવ એ બની ગયો અને એના રિએક્શનમાં કેટલાય નિર્દોષો હોમાયા, કેટલીય સ્ત્રીઓ વિધવા બની, કેટલાયના લાલોનાં ખૂનો થયાં.....એ નફામાં !

શું આ પહેલાં હિંદુસ્તાનમાં હિંદુઓ વસતા ન હતા, તેઓ પોતાના ધર્મને ચાહતા ન હતા ? ત્યારે શાથી આ તોફાનોનો માહોલ ન હતો ? સ્પષ્ટ તારણ નીકળે છે કે **આ સર્વ રાજકારણીઓની ગંદી મેલી રમતો હતી જેણે માહો માહે મહોબ્બતથી વહેવાર રાખતી હિંદુ, મુસ્લિમ તથા અન્ય કોમોને લડાવી રાજ્ય સત્તા મેળવવાનું ષડયંત્ર રચ્યું હતું અને તેમાં ભોળી પ્રજા સપડાય ગઈ અને હજી એ જ નીતિથી સત્તાને દેશભરમાં મજબૂત કરવા ક્યારેક રામના નામે તો ક્યારેક ગાયના નામે તો ક્યારેક ભારત માતાના નામે પબ્લિકને સતત ઉશ્કેરવામાં આવી રહી છે.** જો આ જ નીતિ ચાલુ રહી તો ભારતનું ભવિષ્ય અંધકારમય બની જશે, કારણ કે **પબ્લિક જ્યારે કાયદો હાથમાં લઈ ગુંડાગીરી પર ઉતરી આવે તો આજે એ એક ખાસ કૌમ પર હુમલો કરી રહી છે પણ આ ગુંડાગીરી લુખ્ખાગીરીની આદત કાલે આપસમાં પણ હુમ્લા કરાવશે અને ખૂના મરકી તથા બળાત્કારો અને સ્ત્રીઓના અપહરણો, લૂંટમારના બનાવોનો અડ્ડો દેશને બનાવી દેશે એવાં એંધાણ જણાય રહ્યાં છે.** અલ્લાહની પનાહ ! અને એવા બનાવો હાલ બનવા લાગ્યા છે. જેમ કે :–

- ✪ હાલમાં જ ધ્રાંગધ્રાના ક્ષત્રિય સમુદાયના ઈન્દ્રસિંહ ઝાલાની હત્યાના કારણે દરબાર તથા ભરવાડ જૂથ વચ્ચે ભયંકર અથડામણો ચાલી રહી છે જેમાં ૨૦થી વધુ વાહનો તથા ઘરોને આગ ચાંપવામાં આવી, બસ વ્યવહાર ઠપ થયો. *(૧૪–૭–૨૦૧૭, ચિત્રલેખા, મોબાઈલ ન્યૂઝ)* અને આવા બનાવો વધી રહ્યા છે.
- ✪ નાગૌર (જયપુર)માં કુખ્યાત ગેંગસ્ટર આનંદપાલના Encounterની CBI તપાસની માગ કરી રજપૂતો ફરી ભડકી ઉઠયા. ફાયરિંગમાં એક વ્યક્તિનું મૌત, ૨૦ ઘાયલ, રાજપૂત સમાજના યુવકોએ ડેગાના–રાજગઢ રેલ્વે ટ્રેક પર કબજો કરી લીધો હતો જેના કારણે ટ્રેનો રોકવાની ફરજ પડી હતી. નાગૌર–અજમેર રાજમાર્ગ પર પણ રાજપૂતોએ કબજો જમાવ્યો છે. *(૧૩–૭–૨૦૧૭, મોબા. ન્યૂઝ, વિશ્વ ગુજરાત. કોમ)*

પબ્લિકની કાયદો હાથમાં લેવાની પ્રવૃત્તિઓની આડ અસર એ જોવા મળી રહી છે કે હવે ક્રમે ક્રમે "જાતિવાદ" તથા "પ્રાંતવાદ"ના હંગામાઓ જન્મ લઈ રહ્યા છે જેમ કે હાલમાં ગુરખાલેન્ડ તથા ખાલિસ્તાનના માટે પંજાબમાં તથા આસામના દાર્જિલિંગમાં દંગાઓ ભડકી ઉઠયા છે.

## આ બધાં ધર્મના નામે રાજકરણીઓની ઉશ્કેરણીનાં પરિણામો છે

પબ્લિકની ભલાઈના કોઈ ઠોસ એજન્ડા વિનાના હોવાથી હાલના સત્તાધારીઓ રામના નામે કે ગાયના નામે કે માતાના નામે તરી જવા માગે છે, જેથી રોજ બ રોજ નિઃસહાય મઝલૂમ લોકો પર જુલ્મના બનાવો વધતા જઈ રહ્યા છે. ભોળી પ્રજા આપસમાં દરેક કૌમ સાથે હળીમળીને જે રહેતી હતી, સામાજિક વ્યાપારિક

જે વહેવારો હતા તેમાં નફરતનાં બીજ ઓરીને સત્તા લાલચુઓએ દેશભરમાં અશાંતિનું વાતાવરણ, અરાજકતાનો માહોલ ખડો કરી આપ્યો છે. જ્યારથી વર્તમાન ગવર્નમેન્ટ સત્તા પર આવી ત્યારથી એમની નીતિએ નવા નવા ધાર્મિક લાગણીઓને સ્પર્શતા કાયદા ખડા કર્યા અને પબ્લિકના કેટલાક માણસોએ એ કાયદાને હાથમાં લઈને ખૂનામરકી શરૂ કરી આપી. ફક્ત ટૂંક સમયમાં જ બની બેઠેલા ગૌ રક્ષકોએ ગાયના નામ પર તથા અન્ય બહાને મુસ્લિમો તથા દલીતોને ઢોર માર મારીને મૌતને ઘાત ઉતાર્યા તેનાં દષ્ટાંતો જોઈ લો :–

**૦૧.** સપ્ટેમ્બર ૨૦૧૫ : ઉત્તરપ્રદેશના દાદરી હત્યાકાંડમાં ગૌમાંસ રાંધવા અને ખાવાના શકના આધારે ઉશ્કેરાયેલા ટોળાએ મુહમ્મદ અખ્લાક઼ની ઢોર માર મારીને હત્યા કરી નાખી અને તેના પુત્રને ગંભીરરૂપે ઘાયલ કર્યો.

**૦૨.** ઓકટોબર ૨૦૧૫ : જમ્મુના ઉધમપુરમાં ગૌહત્યાની અફવાને પગલે ઉશ્કેરાયેલા ટોળાએ એક ટ્રક પર પેટ્રોલ બોમ્બ ફેંકયો અને તેમાં ૨ ટ્રક ચાલકો ગંભીરરૂપે ઘાયલ થયા હતા. આ ઘટનામાં ૨૦ વર્ષીય ઝાહિદ અહમદનું મોત થયું હતું.

**૦૩.** માર્ચ ૨૦૧૬ : ઝારખંડના લાતેહારમાં પશુના વેપારીઓ મુહમ્મદ મઝલૂમ અને આઝાદ ખાનને ગૌતસ્કરીના આરોપસર ઉશ્કેરાયેલા ટોળાએ લટકાવીને ફાંસી આપી દીધી.

**૦૪.** મે ૨૦૧૬ : મહારાષ્ટ્રના લાતૂરમાં મુસ્લિમ પોલીસકર્મીઓ સાથે હિંદુ કટ્ટરપંથીઓએ બળજબરી કરી અને જયા ભવાની અને જય શિવાજીના જાપ કરાવડાવ્યા.

**૦૫.** એપ્રિલ ૨૦૧૭ : આસામમાં પશુના વેપારીઓ અબૂ હનીફા અને રિયાઝુદ્દીન અલીની ગાય ચોરવાના આરોપસર હત્યા કરવામાં આવી.

**૦૬.** એપ્રિલ ૨૦૧૭ : રાજસ્થાનના અલવરમાં કથિત ગૌરક્ષકોએ ઢોર માર માર્યો જેના કારણે પશુના વેપારી પહેલુ ખાનનું મોત નિપજયું. જો કે તે સમયે પશુના વેપારીઓએ તેમને દસ્તાવેજ પણ દેખાડયા અને કહ્યું કે તે ગૌતસ્કર નથી.

**૦૭.** મે ૨૦૧૭ : મધ્યપ્રદેશના ભિંડમાં મુસ્લિમ યુવકો પર મંદિરમાં ભગવાનની મૂર્તિ તોડવાનો આરોપ લગાવીને ઉશ્કેરાયેલા ટોળાએ તેમના પર હુમ્લો કરી દીધો.

**૦૮.** મે ૨૦૧૭ : ઝારખંડમાં બાળચોરીની અફવાને પગલે અનેક મુસ્લિમોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

**૦૯.** મે ૨૦૧૭ : મહારાષ્ટ્રના માલેગાંવમાં બે પશુઓના વેપારીને ગૌમાંસ રાખવાના આરોપસર ઢોર માર મારવામાં આવ્યો.

**૧૦.** જૂન ૨૦૧૭ : ઝારખંડના ધનબાદમાં ઈફતારમાં ગૌમાંસનો ઉપયોગ કરવાના શકના આધારે એક મુસ્લિમ શખ્સ પર હુમ્લો કરીને મારપીટ કરવામાં આવી.

**૧૧.** જૂન ૨૦૧૭ : તમિલનાડુ પશુપાલન વિભાગના અધિકારીઓ પર ગૌતસ્કરીનો આરોપ લગાડી રાજસ્થાનના બાડમેરમાં તેમની સાથે મારપીટ કરવામાં આવી.

**૧૨.** જૂન ૨૦૧૭ : રાજસ્થાનના પ્રતાપગઢ સંગઠનનાં એક આગેવાન અને સામાજિક કાર્યકર્તાની ઢોર મારી મારીને હત્યા કરવામાં આવી જે એક મહિલાને બચાવવા માટે આગળ આવ્યા હતા.

**૧૩.** જૂન ૨૦૧૭ : ઈદની ખરીદી કરીને પોતાના ૩ ભાઈઓ સાથે દિલ્હીથી વલ્લભગઢ જઈ રહેલા જુનેદની ચાકૂ મારીને હત્યા કરવામાં આવી. *(આમીન માસિક–આમદાવાદ, જુલાઈ : ૨૦૧૭)*

**૧૪.** તેમજ હાલમાં જ નાગપુરમાં ગૌમાંસના આરોપમાં બી.જે.પી.ના જ કાર્યકર અલ્પસંખ્યક સેલના મુસ્લિમ યુવાનની મારપીટ કરવામાં આવી. *(મોબા. ન્યૂઝ GSTV, તા. ૧૩–૭–૨૦૧૭)*

આ તો અમુક જ દૃષ્ટાંતો છે જે પ્રકાશમાં આવ્યાં, જે જાહેર નહીં થતા હોય તેવા કેટલા બનાવો હશે ? હાલમાં જ હરિયાણામાં એક મસ્જિદના ઈમામને બજરંગળ દળના ગુંડાઓએ જબરદસ્તી "ભારત માતા કી જય" બોલવા ધમકાવ્યા અને ન બોલતાં એક જોરદાર થપ્પડ મારી દીધી ! અને જો પોલીસ ન આવી પહોંચતી તો ન જાણે શું થાત ?! શું આ નારાઓમાં જ દેશભક્તિ સમાયેલી છે ?!

## જો નેતાઓની આ સ્થિતિ હોય તો કાર્યકરો શું નહીં કરે ?!

ગુજરાતનાં ૨૦૦૨ના તોફાનો જેમાં હજારો મુસ્લિમોને જીવતા સળગાવાયા તથા કતલ કરાયા, સ્ત્રીઓની આબરૂઓ લૂટવામાં આવી, તેમનાં ઘરો સળગાવી દેવામાં આવ્યાં, તેમને વતનથી બેવતન હાથે પગે કરી દેવામાં આવ્યા....વગેરે આ પ્રસંગોના ધૂમાડા હજી શમ્યા નથી તેવામાં ગુજરાતમાં જેમ આવા ખેલોથી સત્તા કબજે કરાઈ હતી તેમ બંગાળમાં સત્તા કબજે કરવાના પ્લાનરૂપે ભાજપના ધારા સભ્ય એમ. રાજાસિંહે ખુલે આમ ઉશ્કેરણીજનક નિવેદન આપતાં હિંદુ સમુદાયના લોકોને ૨૦૦૨માં ગુજરાતમાં અપાયેલા જવાબ જેવા પ્રત્યાઘાત આપવા જણાવ્યું હતું. *(સંદેશ ૯–૮–૨૦૧૭ મોબા. ન્યૂઝ)* એટલું નહીં સંસ્કારની સીમાઓ વટાવીને ચાલુ બસમાં સત્તાધારી પક્ષના નેતાઓ ગૈર યુવતીઓ સાથે શારીરિક સંબંધો બાંધી ખુલ્લે આમ વ્યભિચાર કરી રહ્યા છે ! જેમ કે મહારાષ્ટ્રના ગડચિરૌલા જિલ્લાના ચંદ્રપુર વિસ્તારમાં બસમાં લાગેલા CCTV કેમેરામાં એ દુષ્કૃત્ય કરતાં બીજેપી નેતા રવિન્દ્ર બાવનથડે ઝડપાય ગયા. હદ તો એ છે કે આ બસમાં અનેક મુસાફરો પણ હતા ! કેટલી નીચલી કક્ષાએ પ્રજાના કહેવાતા સેવકો તથા પ્રતિનિધિઓનું અખ્લાકી સ્તર ઉતરી ગયું છે ?! આ હાલત સત્તાધારીઓની છે જેઓ જિમ્મેદાર છે તો આમ પબ્લિક ક્યાં જઈને રહેશે ! *(સંદેશ, ૪–૭–૨૦૧૭, મોબા. ન્યૂઝ)* તો વળી કેરળમાંથી BJP યુવા મોરચાના નેતાના ઘરેથી નકલી નોટોનું છાપખાનુ પકડાયું. *(૨૪–૬–૨૦૧૭, સંદેશ ન્યૂઝ)* વળી ક્યાંક આવા નેતાઓ રેપના કેસમાં સપડાય છે જેમ કે કચ્છમાં બનાવ બન્યો, ક્યાંક દારૂની હેરાફેરીમાં તો ક્યાંક લાખોની ચલણી નોટો સાથે પકડાતા જોવા મળે છે તો ક્યાંક સેક્સ રેકેટ ચલાવતા જોવા મળે છે.

સારાંશ કે ધર્મની આડમાં કેવા કેવા લોકો નેતા બની ગયા છે અને કેવા કેવા લુખા તથા ગુંડા તત્વોએ કાયદાને હાથમાં લઈ લીધો છે ?! આ આગળ જતાં દેશભરમાં અરાજકતાનું સામ્રાજ્ય ખડુ કરશે અને જનજીવનની શાંતિ તથા સલામતી વેડફાય જશે એમાં દરેક નાગરિકે ભોગવવાનું થશે એવા સ્પષ્ટ એંધાણ જણાય રહ્યાં છે.

## વડાપ્રધાન સાહેબનું એ નિવેદન ખરેખર દાદને પાત્ર પણ.. !

જેનો હોદ્દો જેટલો ઊંચો તેટલો તે દેશ માટે અધિક ચિંતિત હોવો જોઈએ, દેશના દરેક નાગરિકની રક્ષાની જિમ્મેદારી તેની જ હોય છે. દેશમાં કાયદો અને વ્યવસ્થા વેરવિખેર ન થાય તેની જવાબદારી તે ઉચ્ચ હોદ્દેદારની હોય છે. એ વસ્તુનો આપણા પ્રધાનમંત્રી સાહેબને એહસાસ છે અને એટલે જ એમણે બે વાર ગૌરક્ષકો વિરુદ્ધ નિવેદન આપીને તેમને ટોકયા છે અને તેમની પ્રવૃત્તિઓની નિંદા પણ કરી છે. છતાં પણ સમજાતુ નથી કે તેમની લુખ્ખાગીરી તો ચાલુ જ રહી છે ! તો વડા પ્રધાન જેવી હસ્તીના નિવેદનને ન ગણકારવું એ કેટલી ધટાઈની વાત છે ! જેથી હવે **કેવળ નિવેદનબાજી નહીં પણ આવા લોકો સાથે કડક કાનૂની કાર્યવાહી તાત્કાલિક ધોરણે થવી જોઈએ, આવી રીતે કાયદો હાથમાં લેનારાઓને જેલના સળિયા પાછળ વેળાસર ધકેલવા જોઈએ, નહીં તો એમની હિંમતો ઔર વધી જશે અને દેશની શાંતિને જોખમમાં નાખી શકે છે.** વળી આવાં કૃત્યો કરનારા પણ તો **ભય** તથા **આતંક** જ ફેલાવી રહ્યા છે તો એમના પર પણ **આતંકવાદી ધારા હેઠળ કાર્યવાહી થવી જોઈએ** તો જ સાચો ઈન્સાફ ગણાશે.

## ધર્મના નામે આતંક ફેલાવતા સર્વ જૂથોને અમો વખોડીએ છીએ

આજે વિશ્વમાં ધર્મના નામ પર આતંકવાદ ફેલાવનારા જૂથોને વિશ્વભરના દેશે દેશના મુસ્લિમોએ તેમજ સભ્ય નાગરિકોએ વખોડી કાઢેલ છે અને તેમનો વિરોધ દર્શાવ્યો છે. જેમ કે ISIS વહાબી જૂથ, તાલિબાન વગેરે ગુમરાહો જેઓ ઈસ્લામનું નામ અપનાવી ઈસ્લામના કાનૂનો વિરૂધ્ધ માનવતા વિહોણા કામો કરે છે, એ જ પ્રમાણે અન્ય આફ્રિકી દેશોના આતંકવાદી જૂથો અલ શબાબ વગેરે તેમજ બર્મામાં રોહિંગ્યા મુસ્લિમો પર જુલ્મ કરતા બૌધ્ધ અત્યાચારી જૂથો, કાશ્મિરમાં આતંકવાદી હુમ્લા કરનારા જાલિમો, તેમજ હાલમાં ગુજરાતની બસ પર અમરનાથમાં જે આતંકવાદી હુમલો થયો વગેરેને અમો વખોડીએ છીએ, એ જ પ્રમાણે હિંદમાં હાલમાં દિન પ્રતિ દિન ઉગ્રતા અપનાવી રહેલ કહેવાતા હિંદુવાદી જૂથો જેઓ નિર્દોષ મુસ્લિમો તથા દલીતો તેમજ ક્રિશ્ચનો પર જે હુમ્લા કરી આતંક તથા ભયનો માહોલ ફેલાવી રહેલ છે તે સૌને અમો વખોડીએ છીએ અને એમના પર સખત હાથે કાર્યવાહી કરવામાં આવે એમ ઈચ્છીએ છીએ. જો એવું નહીં થાય અને આ જૂથોને આઝાદી જ રહેશે તો ભારતનું ભાવિ અંધકારમય બની જશે એ નિશ્ચિત છે. દેશમાં શાંતિ સ્થાપવી ત્યારે ભારે પડી જશે એવું જણાય રહ્યું છે. અલ્લાહથી દુઆ છે કે આપણા માદરે વતનમાં અમનો શાંતિની સ્થાપ્ના થાય અને સર્વ વતની ભાઈઓ આપસમાં હળીમળીને એક બીજાના સહાયક બનીને જીવન ગુજારે. (આમીન)

અંતમાં "સૌનો સાથ સૌનો વિકાસ"એ પ્રચાર સૂત્રના ઓઠા હેઠળ દિલ્હીની ગાદી પર આવેલી વર્તમાન ગવર્નમેન્ટ આ સૂત્રના પ્રમાણે ચાલે અને સૌનો વિકાસ કરે અને હાલમાં ધાર્મિક જુનૂની કટ્ટરવાદીઓને મળેલા છૂટા દોર પર બ્રેક લગાડીને દેશના તથા દેશ બાંધવોના ખાતર સર્વનો વિકાસ થાય અને અમ્નો શાંતિ અને ભાઈચારાનો માહોલ પેદા થાય એવી રીતે કાયદાનું પાલન કરાવે એવી અપેક્ષા તેમનાથી કરીએ છીએ. અને જે વિકાસના એજન્ડાની વાતો સાંભળતા આવીએ છીએ તે આગળ વધે અને દેશ વિકાસના શિખરે પહોંચે એવી અભિલાષા સેવીએ છીએ.



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ؕ
اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ ﴿٩﴾ اِنَّ الَّذِيْنَ كَفَرُوْا
لَنْ تُغْنِيَ عَنْهُمْ اَمْوَالُهُمْ وَلَآ اَوْلَادُهُمْ مِّنَ اللّٰهِ
شَيْـًٔا ؕ وَاُولٰٓئِكَ هُمْ وَقُوْدُ النَّارِ ﴿١٠﴾ كَدَاْبِ اٰلِ
فِرْعَوْنَ ۙ وَالَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَذَّبُوْا بِاٰيٰتِنَا ۚ
فَاَخَذَهُمُ اللّٰهُ بِذُنُوْبِهِمْ ؕ وَاللّٰهُ شَدِيْدُ الْعِقَابِ ﴿١١﴾
قُلْ لِّلَّذِيْنَ كَفَرُوْا سَتُغْلَبُوْنَ وَتُحْشَرُوْنَ اِلٰى
جَهَنَّمَ ؕ وَبِئْسَ الْمِهَادُ ﴿١٢﴾ قَدْ كَانَ لَكُمْ اٰيَةٌ
فِيْ فِئَتَيْنِ الْتَقَتَا ؕ فِئَةٌ تُقَاتِلُ فِيْ سَبِيْلِ اللّٰهِ
وَاُخْرٰى كَافِرَةٌ يَّرَوْنَهُمْ مِّثْلَيْهِمْ رَاْيَ الْعَيْنِ ؕ
وَاللّٰهُ يُؤَيِّدُ بِنَصْرِهٖ مَنْ يَّشَآءُ ؕ اِنَّ فِيْ ذٰلِكَ لَعِبْرَةً
لِّاُولِي الْاَبْصَارِ ﴿١٣﴾ زُيِّنَ لِلنَّاسِ حُبُّ الشَّهَوٰتِ
مِنَ النِّسَآءِ وَالْبَنِيْنَ وَالْقَنَاطِيْرِ الْمُقَنْطَرَةِ
مِنَ الذَّهَبِ وَالْفِضَّةِ وَالْخَيْلِ الْمُسَوَّمَةِ وَ
الْاَنْعَامِ وَالْحَرْثِ ؕ ذٰلِكَ مَتَاعُ الْحَيٰوةِ الدُّنْيَا ۚ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

અય અમારા પરવરદિગાર ! તેં અમને હિદાયત આપી[૧૨૯] પછી (હવે) અમારા દિલ વાંકા ન કર અને અમને પોતાના પાસેથી રહમત આપ, નિશંક ! તું મહાન આપનાર છે (૮) અમારા પાલનહાર ! બેશક તું બધા લોકોને એકઠા કરનાર છે[૧૩૦] તે દિવસ માટે જેમાં કશી શંકા નથી[૧૩૧] નિશંક ! અલ્લાહનો વાયદો બદલાતો નથી[૧૩૨] (૯) બેશક ! તેઓ જે કાફિર થયા[૧૩૩] તેમના માલ અને તેમની ઔલાદ અલ્લાહથી તેમને કંઈ બચાવી શકશે નહીં, અને તેઓ જ દોઝખનું બળતણ છે (૧૦) જેમ કે ફિરઔનવાળાઓ અને તેઓના આગલાઓની રીત, તેઓએ આયતોને જૂઠલાવી, તો અલ્લાહે તેમના ગુનાહો પર તેઓને પકડયા, અને અલ્લાહનો અઝાબ સખ્ત છે (૧૧) કાફિરોને ફર્માવી આપો (કે) કોઈ પળ ગુજરે છે કે તમે પરાજીત થશો અને દોઝખ તરફ હંકારવામાં આવશો[૧૩૪] અને તે (દોઝખ) ઘણી જ ખરાબ પથારી (છે) (૧૨) નિશંક ! તમારા માટે નિશાની હતી[૧૩૫] (તે) બે ટોળીઓમાં જે અંદર અંદર અથડાઈ ગઈ[૧૩૬] એક જુથ અલ્લાહના માર્ગમાં

લડતુ (હતું)[૧૩૭] અને બીજું કાફિર (હતું)[૧૩૮] કે તેઓને આંખે જોનાર પોતાનાથી બમણા સમજે, અને અલ્લાહ જેને ઈચ્છે છે (તેને) પોતાની મદદ વડે શક્તિ આપે છે[૧૩૯] બેશક ! આમાં બુદ્ધિમાનો માટે જરૂર જોઈને શિખવાનું છે (૧૩) લોકો માટે એમની મનેચ્છાઓનો પ્રેમ શણગારવામાં આવ્યો[૧૪૦] સ્ત્રીઓ અને પુત્રો અને નીચે ઉપર (જમાવેલા) સોના ચાંદીના ઢગલા અને નિશાનીઓ કરેલા ઘોડા અને ઢોરઢાંખર અને ખેતી, આ જીવતી દુનિયાની મૂડી છે[૧૪૧] અને અલ્લાહ છે જેના પાસે સારૂ ઠેકાણું (છે)[૧૪૨] (૧૪) તમે ફર્માવો શું હું તમને એનાથી[૧૪૩] ઉત્તમ વસ્તુ બતાવું ? પરહેઝગારો માટે એમના પરવરદિગાર પાસે જન્નતો છે જેમની નીચે નહેરો વહે છે, સદા તેમાં રહેશે, અને (તેમાં) સ્વચ્છ પત્નીઓ (પણ છે)[૧૪૪] અને અલ્લાહની રઝામંદી (છે)[૧૪૫] અને અલ્લાહ બંદાઓને જુએ છે[૧૪૬] (૧૫) તેઓ જે કહે છે અય અમારા પાલનહાર ! અમે ઈમાન લાવ્યા તો અમારા ગુનાહ માફ કર અને અમને દોઝખના અઝાબથી બચાવી લે (૧૬) સબ્રવાળા[૧૪૭] અને સાચા[૧૪૮] અને અદબવાળા અને અલ્લાહના માર્ગમાં ખર્ચનારા અને મળસ્કાથી માફી માંગનારા[૧૪૯] (૧૭) અલ્લાહે સાક્ષી આપી કે તેના સિવાય કોઈ પૂજનીય નથી[૧૫૦] અને ફરિશ્તાઓએ અને આલિમોએ (પણ) ન્યાય (ના સ્થાન) પર ઉભા રહીને (સાક્ષી આપી)[૧૫૧] તેના સિવાય કોઈની ઈબાદત નથી (તે) ઈજ્જતવાળો, હિકમતવાળો (છે) (૧૮)

وَ اللّٰهُ عِنْدَهٗ حُسْنُ الْمَاٰبِ ﴿۱۴﴾ قُلْ اَؤُنَبِّئُكُمْ بِخَیْرٍ مِّنْ ذٰلِكُمْ ؕ لِلَّذِیْنَ اتَّقَوْا عِنْدَ رَبِّهِمْ جَنّٰتٌ تَجْرِیْ مِنْ تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِیْنَ فِیْهَا وَ اَزْوَاجٌ مُّطَهَّرَةٌ وَّ رِضْوَانٌ مِّنَ اللّٰهِ ؕ وَ اللّٰهُ بَصِیْرٌۢ بِالْعِبَادِ ﴿۱۵﴾ اَلَّذِیْنَ یَقُوْلُوْنَ رَبَّنَاۤ اِنَّنَاۤ اٰمَنَّا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَ قِنَا عَذَابَ النَّارِ ﴿۱۶﴾ اَلصّٰبِرِیْنَ وَ الصّٰدِقِیْنَ وَ الْقٰنِتِیْنَ وَ الْمُنْفِقِیْنَ وَ الْمُسْتَغْفِرِیْنَ بِالْاَسْحَارِ ﴿۱۷﴾ شَهِدَ اللّٰهُ اَنَّهٗ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ ۙ وَ الْمَلٰٓئِكَةُ وَ اُولُوا الْعِلْمِ قَآئِمًۢا بِالْقِسْطِ ؕ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الْعَزِیْزُ الْحَكِیْمُ ﴿۱۸﴾

**:: સમજૂતી ::**

**૧૨૯** : અને પાકા ઈલ્મવાળા કહે છે.

**૧૩૦** : હિસાબ અથવા બદલો આપવા માટે.

**૧૩૧** : તે કયામતનો દિવસ છે.

**૧૩૨** : તો જેના દિલમાં વાંકાપણુ હશે તે હલાક થશે. અને જે તારા એહસાનના પ્રતાપે હિદાયત પામે તે નેકબખ્ત હશે. અને છૂટકારો પામશે.

**મસ્અલો** : આ આયતથી જાણવા મળ્યું કે જૂઠ અલ્લાહના મરતબાથી વિરુદ્ધ છે. માટે અલ્લાહનું જૂઠ બોલવું અશક્ય અને તેની તરફ એનો સંબંધ જોડવો સખત બેઅદબી છે. *(મદારિક તથા અબૂ મસઊદ વગેરે)*

**૧૩૩** : હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلام થી ફરી જઈને.

**૧૩૪** : **શાને નુઝૂલ** : હઝરત ઈબ્ને

અબ્બાસ رضی اللہ عنہما બયાન કરે છે કે, હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ કાફિરોને બદ્રમાં પરાજિત કર્યા પછી જ્યારે મદીના શરીફ પધાર્યા ત્યારે આપ ﷺ એ યહૂદીઓને એકત્ર કરીને ફર્માવ્યું કે તમે અલ્લાહથી ડરો અને બદ્રમાં કાફિરો પર જે આફત ઉતરી તેવી આફત તમારા પર પડે ત્યાર પહેલાં ઈસ્લામ સ્વીકારી લો. તમે જાણી ચૂક્યા છો કે હું અલ્લાહ તરફથી મોકલવામાં આવેલો રસૂલ છું અને તમે પોતાની કિતાબમાં આ બાબતનો ઉલ્લેખ છે તે જાણો જ છો. ત્યારે તેઓએ કહ્યું કે કુરેશીઓ યુદ્ધ વિદ્યાથી અજાણ હતા. અમારો તમારો સામનો થશે ત્યારે તમે જાણશો કે યુદ્ધ કરનાર આવા હોય છે ! તેઓના આ જવાબ વિશે આ આયત ઉતરી. અને તેઓને અગાઉથી ખબર આપી દેવામાં આવી કે તેઓ પરાજિત થશે, માર્યા જશે, કેદ પકડાશે અને એમના પર જિઝયો નાખવામાં આવશે. પછી એવું જ થયું અને ઈસ્લામી સૈન્યના હાથે એક જ દિવસમાં તેમના ૬૦૦ યોધ્ધાઓ મરાયા અને અનેક કેદ પકડાયા, અને ખૈબરવાળાઓ પર જિઝયો નાખવામાં આવ્યો.

**૧૩૫** : આમાં યહૂદીઓને સંબોધન છે. અને અમુકના કહેવા મુજબ બધા જ કાફિરોને અને અમુકના મતાનુસાર ફક્ત મો'મિનોને સંબોધવામાં આવ્યા છે. *(જુમલ)*

**૧૩૬** : બદ્રની લડાઈમાં.

**૧૩૭** : એટલે હુઝૂર ﷺ અને એમના અસ્હાબ, એમની કુલ સંખ્યા ૩૧૩ની હતી, ૭૭ મુહાજિરો અને ૨૩૬ અન્સારીઓ હતા, મુહાજિરો તરફથી ઝંડો હઝરત અલી અને અન્સાર તરફથી હઝરત સઅદ બિન ઉબાદા رضی اللہ عنہ ના હાથોમાં હતો. આ આખા સૈન્યમાં ફક્ત બે ઘોડા, ૭૦ ઊંટો, ૬ બખ્તરો અને ૮ તલવારો હતી, અને યુદ્ધમાં ફક્ત ૧૪ સહાબી શહીદ થયા હતા, ૬ મુહાજિર અને ૮ અન્સારમાંથી.

**૧૩૮** : કાફિર સૈન્યની સંખ્યા ૯૫૦ સિપાહીઓની હતી, એમનો સેનાપતિ અકબા બિન રબીઆ હતો. તેઓ પાસે ૧૦૦ ઘોડાઓ અને ૭૦૦ ઊંટ હતાં, તેમજ મોટી સંખ્યામાં બખ્તરો અને શસ્ત્રો હતાં, *(જુમલ)*

**૧૩૯** : ભલે પછી તેમની સંખ્યા ઓછી હોય અને સરસમાનની ગમે તેટલી કમી હોય.

**૧૪૦** : જેથી વાસનાનાં પૂજારીઓ અને અલ્લાહની તાબેદારી કરનારાઓમાં ફેર માલમ પડી જાય, જેવી રીતે કે બીજી આયતમાં ફર્માવ્યું છે કે, اِنَّا جَعَلْنَا مَا عَلَى الْاَرْضِ زِيْنَةً لَّهَا لِنَبْلُوَهُمْ અર્થાત ધરતી પર જે કાંઈ છે તેને અમે શણગાર બનાવ્યો છે જેથી અમે અજમાઈશ કરીએ કે કોણ સારા કામો કરે છે. *(સૂરએ કહફ, આ. ૭)*

**૧૪૧** : આ વસ્તુઓથી ટૂંક મુદત સુધી ફાયદો મળે છે, પછી એ નાશ પામે છે. મનુષ્યે આ દુનિયાની મૂડી એવા કામમાં ખર્ચ કરવી જોઈએ, જેમાં એની આખિરત સુધરવાનું યકીન હોય.

**૧૪૨** : તે ઠેકાણું એટલે જન્નત, તો તેનું આકર્ષણ લગાડવું જોઈએ, અને નાશવંત જગાની ફના થનાર એવી મોહક વસ્તુ સાથે દિલ ન લગાડવું જોઈએ.

**૧૪૩** : એટલે કે દુનિયાની આ પુંજી થી.

**૧૪૪** : જેઓ સ્ત્રી જાતિની અમુક અણગમતી બાબતો તેમજ દરેક ઘૃણાસ્પદ વસ્તુથી પાક સાફ છે.

**૧૪૫** : અને એ સર્વથી મહાન નેઅમત છે.

**૧૪૬** : અને તેઓના કાર્ય તેમજ હાલતોને નિહાળે છે, અને એ મુજબ બદલો આપે છે.

**૧૪૭** : જેઓ તાબેદારી પર જામેલા રહે, મુસીબતોમાં સબ્ર કરે અને ગુનાહોથી અળગા રહે.

**૧૪૮** : જેમનું વાણી, વર્તન, ઈરાદા, નિય્યતો બધું જ સાચું હોય.

**૧૪૯ :** આમાં અંતિમ રાત્રીએ નમાઝ પઢનારાઓનો પણ સમાવેશ થાય છે, અને મળસ્કે દુઆ ઈસ્તિગફાર, કરનારાઓ પણ આમાં દાખલ છે. આ સમય એકાંત અને દુઆ કૃબૂલ થવાનો છે. હઝરત લુકમાન علیہ السلام એ પોતાના પુત્રને કહ્યું કે મરઘા કરતાં ઓછો ન રહીશ કે તે સવારમાં અવાજ કરે અને તું સૂતો રહી જાય.

**૧૫૦ : શાને નુઝૂલ :** સિરીયાના ધર્મગુરૂઓ પૈકીમાંના બે માણસો હુઝૂર ﷺ પાસે આવ્યા. જ્યારે તેઓએ મદીના શરીફને નિહાળ્યું ત્યારે એકબીજાને કહેવા લાગ્યા કે અંતિમ સમયના નબીના શહેરનું વર્ણન આ મુજબનું જ છે, જેવું કે આ શહેર છે. જ્યારે હુઝૂર ﷺના દરબારમાં હાજર થયા ત્યારે હુઝૂરની મુખાકૃતિ તેમજ આપની મુબારક આદતો તવરાત મુજબની દેખીને આપને ઓળખી ગયા, અને કહ્યું કે આપ મુહમ્મદ છો ? હુઝૂર ફર્માવ્યું હા ! ફરી પૂછયું આપ અહમદ છો ? ફર્માવ્યું, હા ! તેઓએ કહ્યું, અમે એક પ્રશ્ન પૂછીએ છીએ, જો તમે તેનો ખરો ઉત્તર આપશો તો અમે ઈમાન લઈ આવીશું. ફર્માવ્યું, પૂછો, તેઓએ પૂછયું અલ્લાહની કિતાબમાં સૌથી મોટી સાક્ષી કઈ છે ? ત્યારે આ આયત ઉતરી, જેને સાંભળીને પેલા બન્ને ધર્મગુરૂઓ મુસલમાન થઈ ગયા.

હઝરત સઈદ બિન જુબેર رضی اللہ عنہ રિવાયત કરે છે કે કા'બા શરીફમાં ૩૬૦ મૂર્તિઓ હતી, જ્યારે મદીના શરીફમાં આ આયત ઉતરી ત્યારે કાબા શરીફમાં બધી જ મૂર્તિઓ સજદામાં પડી ગઈ.

**૧૫૧ :** એટલે કે અમ્બિયા અને અવલિયાએ.

## જશ્ને હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ

**જૂનાગઢ :** ખાનકાહે રઝવિય્યા નૂરીય્યા દ્વારા તા. ૧૬–૬–૨૦૧૭ જુમ્આની રાત્રે તરાવીહની નમાઝ બાદ મસ્જિદે રઝામાં ઈસ્લામના ચોથા ખલીફા મૌલાએ કાઈનાત હઝરત સૈયદના અલી શેરે ખુદા رضی اللہ عنہની યાદમાં ખાનકાહે રઝવિય્યા નૂરીય્યાના ગાદીનશીન પીરે તરીકૃત, ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરીની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં બુલબુલે બાગે મદીના કારી નિયાઝ અહમદ સાહબ તથા સૈયદ શાહનવાઝ બાપુ તથા જુનાબ મુહમ્મદ તૌહીદે હઝરત સૈયદના અલી શેરે ખુદા رضی اللہ عنہની શાનમાં મનકબત પેશ કરેલ ત્યાર બાદ હઝરત મુફ્તી હસીબુર્રહમાન સાહબ નૂરી, મૌલાના સૈયદ સાજિદ બાપુ, મૌલાના મુહમ્મદ રાશિદ સાહબે હઝરત સૈયદના અલી શેરે ખુદાની મુબારક જિંદગી ઉપર શાનદાર તકરીરો કરી હતી. ગુલઝારે મિલ્લતે તેમના નૂરાની બયાનમાં જણાવેલ કે આ જશ્ને સૈયદના અલી શેરે ખુદાના સ્થાપક (બાની) પીરે તરીકૃત હઝરત અલ્લામા અલ્હાજ પીર નૂર મુહમ્મદ બાપુ મારફાની સાહબ رحمۃ اللہ علیہ છે જેમણે ૧૯૬૧માં પ્રથમ વખત મસ્જિદે રઝામાં જશ્ને સૈયદના અલી શેરે ખુદાની શરૂઆત કરી અને ત્યારથી જ આ જશ્ને સૈયદના અલી શેરે ખુદા મસ્જિદે રઝામાં દર વર્ષે મનાવવામાં આવે છે.

## અલ્લાહ જઝાએ ખૈર અતા કરે

**ભરૂચ :** ખાતે જાવેદઅખ્તર શેખના પુત્ર મુહમ્મદ ફહીમ જાવેદઅખ્તર શેખ એસ.એસ.એસી. બોર્ડમાં ઉત્તિર્ણ થવાની ખુશીમાં ''બરકાતે ખ્વાજા'' (માસિક)માં રૂા. ૫૦૦/– લિલ્લાહ આપેલ છે. જઝાકલ્લાહ ! રબ્બે કરીમ પુત્રને દીની દુનિયવી રીતે તરક્કી અતા કરે. (આમીન) *–તંત્રી*

# દર્સે હદીષે પાક એટલે
# મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

**નમાઝ પઢવા ન પઢવાના લાભાલાભ :** *એ જ પ્રમાણે એને શરહે સુન્નહમાં એમનાથી જ રિવાયત કરી અને મસાબીહમાં ઈબ્ને મબઅદથી રિવાયત છે. હઝરત બરીદા رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે એ ક઼રાર જે અમારા અને તેમના વચ્ચે છે તે નમાઝ છે[૧]. તો જેણે એને છોડી દીધી, યક઼ીનન ! કુફ્ર કર્યું[૨]. (અહમદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)*

*(ત્રીજો વિભાગ) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં હાજર થયો[3]. બોલ્યો, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم મૈં મદીનાના કિનારામાં એક સ્ત્રીને ગળે લગાડી લીધી અને સોહબતની હદ સુધી નથી પહોંચ્યો. હું આવો છું તો મારા બારામાં જે ચાહો ફૈંસલો કરો[૪]. હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, અલ્લાહે તારી પર્દાપોશી કરી હતી, કાશ ! તું પણ પોતાના પર પર્દાપોશી કરતો (ગુપ્ત રાખત)[૫]. ફર્માવે છે કે નબી علیہ الصلوٰۃ والسلام એ એનો કોઈ જવાબ ન આપ્યો. તે શખ્સ ઉભો થઈને ચાલી નીકળ્યો[૬]. તેની પાછળ હુઝૂર صلی اللہ علیہ وسلم એ એક માણસને મોકલ્યો, તેને બોલાવ્યો અને તેના સમક્ષ આ આયત તિલાવત કરી કે, નમાઝ કાયમ કરો, દિવસના કિનારાઓ અને રાતની પળોમાં. યક઼ીનન ! નેકીઓ ગુનાહોને મિટાવી દે છે. એ માનવાવાળાઓ માટે નસીહત છે[૭]. ક઼ૌમમાંથી એક શખ્સે અર્ઝ કરી[૮] કે યા નબીયલ્લાહ ! صلی اللہ علیہ وسلم શું આ એના જ માટે છે ? ફર્માવ્યું, સર્વ લોકો માટે છે[૯]. (મુસ્લિમ શરીફ)*

*હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ علیہ وسلم શિયાળાની ઋતુમાં તશરીફ લઈ ગયા જ્યારે પાંદડાં ખરી રહ્યાં હતાં. એક ઝાડની બે ડાળીઓ પકડી લીધી[૧૦]. ફર્માવ્યું કે પાંદડાં ખરવા લાગ્યાં. રાવી ફર્માવે છે કે ફર્માવ્યું, હે અબૂઝર ! મૈં કહ્યું, હુઝૂર ! હાજર છું. ફર્માવ્યું કે જ્યારે મુસલમાન બંદો અલ્લાહની રઝાના માટે નમાઝ પઢે છે તો તેના ગુનાહ એવી રીતે ખરી પડે છે જેવી રીતે પાંદડાં આ ઝાડેથી ખરી પડયાં[૧૧]. (અહમદ)*

*હઝરત ઝયદ બિન ખાલિદ જુહનીથી[૧૨] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જે બે રકાતો પઢે જેમાં કાંઈ ભૂલે નહીં તો અલ્લાહ તેના પાછલા ગુનાહ માફ કરી આપે છે[૧૩]. (અહમદ)*

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી તે નબી صلی اللہ علیہ وسلم થી રિવાયત કરે છે કે આપે એક દિવસે નમાઝનું વર્ણન કર્યું તો ફર્માવ્યું કે જે એના પર પાબંદી કરશે[૧૪] નમાઝ એના માટે ક઼યામતના દિવસે રોશની, દલીલ તથા નજાત બની જશે[૧૫]. અને જે એના પર પાબંદી કરશે નહીં તો એના માટે ન નૂર બનશે, ન દલીલ, ન નજાત અને તે ક઼યામતના દિવસે ક઼ારૂન, ફિરઔન, હામાન તથા ઉબય ઈબ્ને ખલફની સાથે હશે[૧૬]. (અહમદ, દારમી, બયહકી, શોઅબુલ ઈમાન)*

**સમજૂતી : ૦૧.** એમનાથી મુરાદ મુનાફિકો છે. એટલે કે મુસલમાનો અને મુનાફિકોની વચ્ચે નમાઝ જ એક તે ચીજ છે જે મુનાફિકોના માટે અમાનનો સબબ છે કે એના કારણે અમે તેમને કત્લ નથી કરતા અને એમના પર ઈસ્લામી અહકામ લાગુ કરીએ છીએ. હવે જે મુનાફિક નમાઝને છોડી આપશે તેનું કુફ્ર જાહેર થઈ જશે અને તે કત્લને પાત્ર ઠરશે.

**૦૨.** એટલે કે નમાઝને છોડવાથી એ મુનાફિકનું કુફ્ર જાહેર થઈ ગયું. આ હદીષ આ હદીષની શરહ (ખુલાસો) છે : مَنْ تَرَكَ الصَّلٰوةَ مُتَعَمِّدًا فَقَدْ كَفَرَ એનો મતલબ એ નથી કે બેનમાઝી કાફિર છે.

**૦૩.** અધિક્તર ધારણા એ છે કે આ સાહબ અબૂસ્સિયરના સિવાય અન્ય કોઈ છે, કેમ કે બંનેવ કિસ્સાઓમાં ફરક છે.

**૦૪.** એટલે કે ઝિના સિવાય અન્ય સર્વ કાંઈ કરી લીધું, તેની જે શરીઅતના મુજબની સજા હોય તે મારા પર લગાડો, હું હાજર છું. તે એવું સમજીને આવ્યા હશે કે એની સજા પણ રજ્મ (સંગસાર) કરવું છે કે ઝિનાના સબબો જાણે ઝિના જ છે. સુબ્હાનલ્લાહ ! આ છે ઈમાની કુવ્વત અને ખૌફે ઈલાહી !

**૦૫.** એટલે કે છુપા ગુનાહની તૌબા પણ છુપી રીતે કરી લેત તો સારું હતું. કેમ કે છુપા ગુનાહોની જાહેરાત કરવી બુરુ છે. આ પરથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે છુપા ગુનાહની તૌબા છુપી રીતે કરી લે અને જાહેર ગુનાહની તૌબા જાહેરમાં કરે. બીજુ એ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام સમક્ષ પોતાની નેકીઓ રજૂ કરવી રિયા નથી અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام સમક્ષ પોતાના ગુનાહો જાહેર કરવા બખ્શાવવાના માટે એ ગુનોહ નથી. બીમાર પોતાની બીમારી ડોકટર સમક્ષ ઈલાજના માટે જાહેર કરે છે. એટલા માટે હુઝૂર ﷺએ એમને ભલુબુરુ ન કહ્યું કે તારો ગુનોહ શા માટે જાહેર કર્યો. જેથી ઉમર ફારૂક رضی اللہ عنہનું ફર્માવવું પણ હક્ક છે અને સરકાર ﷺની ખામોશી પણ હક્ક છે.

**૦૬.** આ ચાલ્યા જવું ભાગવા માટે ન હતું, બલ્કે એ સમજ્યા કે કદાચ મારા બારામાં કોઈ આયતે કરીમા આવશે ત્યારે મને બોલાવીને ફેંસલો કરી દેવામાં આવશે. જો માફી હશે તો શુક્રિયા કરીશ અને સજા હશે તો વેઠી લઈશ. જેથી એ સાહબ પર એ વાંધો નથી કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامને પૂછયા વિના શા માટે ચાલ્યા ગયા, કેમ કે એ કામ મના ત્યારે છે જ્યારે પરત થવાનો ઈરાદો ન હોય. જેમ કે અઝાન બાદ મસ્જિદથી નીકળવું એ સમયે મના છે જ્યારે પાછા ફરવાનો ઈરાદો ન હોય. જેથી આ હદીષ એ આયતની વિરુદ્ધ નથી કે, હુઝૂર ﷺની મજલિસથી પૂછયા વિના ન જાવ.

**૦૭.** આ આયતની તફસીર હમણા થોડાક સમય પહેલાં વર્ણન થઈ ચૂકી. મક્સદ એ છે કે આ ગુનાહ પર સજા કોઈ નથી. કેમ કે આ સગીરા છે જે તારાથી આકસ્મિક રીતે થઈ ગયો. યાદ રાખશો કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ પહેલાં જ એમને એ આયત ન સંભળાવી બલ્કે ચાલ્યા ગયા બાદ એમને પાછા બોલાવીને સંભળાવી, કેમ કે લગભગ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને ઉમ્મીદ હતી કે કદાચ એના બારામાં કોઈ આયત ઉતરે.

**૦૮.** અર્ઝ કરનારા ઉમર ફારૂક رضی اللہ عنہ છે અથવા મઆઝ બિન જબલ رضی اللہ عنہ.

**૦૯.** કેમ કે ભલે આ આયતનો નુઝૂલ ખાસ મોકા પર થયો, પરંતુ એના શબ્દો આમ (સર્વ સામાન્ય) છે. યાદ રાખશો કે અહીં ''અન્સાર''થી મુરાદ મુસલમાન છે. એટલે જે મુસલમાન નમાઝની પાબંદી કરશે એના સગીરા ગુનાહો માફ થતા રહેશે.

**૧૦.** લગભગ એ ઝાડ કોઈ જંગલમાં જાતે ઉછરનારું હતું જેનાં ફળો, ફૂલો, પાંદડાં દરેક વટેમાર્ગુ

તોડી શકે છે. અને બની શકે છે કે ઝાડ આપનું પોતાનું હોય, અથવા કોઈ એવા શખ્સનું હોય જે હુઝૂર عليه الصلوٰة والسلامના આ અમલ શરીફથી રાજી હોય. નહીં તો અન્ય ઝાડેથી વિના ઈજાઝતે પાંદડાં વગેરે ઝાડવું મના છે. *(મિર્કાત)*

**૧૧.** એટલે કે ઈખ્લાસવાળી નમાઝ પાનખર ઋતુની તે તેજ હવાની જેમ છે જે પાંદડાં ખેરવી નાખે છે. અગાઉ અર્ઝ કરવામાં આવી ચૂક્યું છે કે અહીં ગુનાહોથી સગીરા ગુનાહો મુરાદ છે.

**૧૨.** આપ જુહાનિયા કબીલાથી છે. કૂફામાં રહ્યા અને ત્યાં જ વફાત પામ્યા.

**૧૩.** લગભગ એ બે રકાતોથી મુરાદ વુઝૂના નફ્લો છે. જેમ કે બીજી હદીષમાં સ્પષ્ટપણે વર્ણન છે. ન ભૂલવાથી મુરાદ દિલનું હાજર રહેવું છે. એટલે કે જે કોઈ દિલ હાજર રાખીને વુઝૂના નફ્લ પઢે તો તેના સર્વ સગીરા ગુનાહો માફ થઈ જાય છે. હવે ફર્ઝ, સુન્નત વગેરે નમાઝો તેના દરજ્જા બુલંદ કરશે. સારાંશ કે જ્યારે નફ્લ નમાઝનો આ ફાયદો છે તો ફર્ઝો તથા વાજિબોનો કેટલો મહાન ફાયદો થશે.

**૧૪.** એ રીતે કે નમાઝ હમેશાં પઢે, સહીહ પઢે, દિલ લગાડીને ઈખ્લાસની સાથે અદા કર્યા કરે. એ જ અર્થ નમાઝ કાયમ કરવાનો છે જેનો હુકમ કુર્આને કરીમે ઘણીવાર આપ્યો : اَقِيۡمُ الصَّلٰوةَ "નમાઝ કાઈમ કરો."

**૧૫.** કયામતમાં કબ્ર પણ સામેલ છે, કેમ કે મૌત પણ કયામત જ છે. મતલબ એ છે કે નમાઝ કબ્રમાં અને પુલસિરાત પર રોશની બનશે કે સજદાગાહ તેજ બેટરીની જેમ ચમકશે અને નમાઝ તેના મો'મિન બલ્કે આરિફ બિલ્લાહ હોવાની દલીલ બનશે. તેમજ એ નમાઝ થકી તેને દરેક જગાએ નજાત મળશે. કેમ કે કયામતમાં પ્રથમ સવાલ નમાઝનો થશે, જો તેમાં બંદો સફળ થઈ ગયો તો ઈન્શાઅલ્લાહ ! આગળ પણ કામયાબ થશે.

**૧૬.** ઉબય ઈબ્ને ખલફ તે મુશ્રિક છે જેને નબી કરીમ ﷺએ ઓહદના દિવસે પોતાના હાથ વડે કત્લ કર્યો. મિર્કાતમાં છે : એનાથી નિર્દેશરૂપે ફર્માવવામાં આવ્યું કે બેનમાઝીનો હશ્ર એ કાફિર સાથે થશે. અને **નમાઝી મો'મિનનો હશ્ર ઈન્શાઅલ્લાહ ! નબીઓ, સિદ્દીકો, શહીદો તથા સાલેહીનની સાથે થશે.** એનાથી એ લાઝિમ નથી થતું કે બેનમાઝી કાફિર થઈ જાય અને નમાઝી નબી ! બલ્કે બેનમાઝીને કયામતમાં એ કાફિરોની સાથે ઉભો રાખવામાં આવશે. જેવી રીતે કે શરીફ માણસને ઝલીલની સાથે બેસાડી દેવો એની બેઈજ્જતી છે. જેથી હદીષ સ્પષ્ટ છે.

એના પર કોઈ વાંધો નથી. યાદ રાખશો કે **કયામતમાં દરેક શખ્સનો હશ્ર (અંજામ) એની સાથે થશે જેની સાથે એને દુનિયામાં મહોબ્બત હતી, અને જેની જેમ તે કામ કરતો હશે. બેનમાઝી કેમ કે કાફિરોનાં જેવું કામ કરે છે, જેથી એમનો હશ્ર પણ તેમની સાથે થશે. નમાઝી નબીઓ, સિદ્દીકોની નકલ કરે છે જેથી એમનો હશ્ર એમની સાથે થશે.** એટલા માટે કહે છે કે સારાઓની નકલ પણ સારી અને બુરાઓની નકલ પણ બુરી છે.

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ક્યા મહકતે હૈં મહકનેવાલો-બૂ પે ચલતે હૈં ભટકનેવાલે**

*(મહકના = ખુશ્બુ ફેલાવવું, ભટકના = માર્ગ ભૂલવું, બૂ = સુગંધ)*

**અર્થાત** : આ'લા હઝરત رضی اللہ عنہ પોતાના આકા નબીએ કરીમ صلی اللہ علیہ وسلمના શરીર મુબારકથી ફૂટનારી ખુશ્બુનું વર્ણન કરી રહ્યા છે કે જ્યારે આપના શરીર મુબારકથી જન્નતની ખુશ્બુઓથી મલતી જુલતી ખુશ્બુ ફેલાતી તો ગલીઓ તથા બજારો સુગંધિત થઈ જતાં ! અને જ્યારે કોઈ સહાબીએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને તલાશ કરવાના હોતા અને પતો ન લાગતો તો એ જ સુગંધ પાછળ ચાલતા જતા તો સામે હુઝૂર صلی اللہ علیہ وسلم નજર આવતા. જેમ કે સહાબાએ કિરામનો તરીકો હતો. *(અલ્મવાહિબ)*

**જગમગા ઉઠી મેરી ગોર કી ખાક-તેરે કુર્બાન ચમકનેવાલે**

*(ગોર કી ખાક = કબરની માટી)*

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! صلی اللہ علیہ وسلم અલ્લાહ તઆલાએ આપને એવી નૂરાનિયત અતા કરી છે કે જ્યારે કબ્રમાં ફરિશ્તાઓએ મને સવાલો કર્યા તો આપ મારી કબ્રમાં જલ્વાગર શું થયા કે મારી કબ્ર રોશન તથા જગમગી ઉઠીને નૂરનો પુંજ બની ગઈ ! પછી હું આપના નૂરની જગમગાહટ પર કેમ કુર્બાન ન થઈ જાઉં ?!

**મહે બેદાગ કે સદકે જાઉં-યૂં દમક્તે હૈં દમકનેવાલે**

*(મહે બેદાગ = ધબ્બા વિનાનો ચમકતો ચંદ્ર, દમકના = ચમકવું)*

**અર્થાત** : હે મારા આકા ! صلی اللہ علیہ وسلم જો આપને ચાંદ કહું તો બેદાગ ચાંદ કહીશ. હું આપના કદમો પર નિછાવર થઈ જાઉં, ભલા આસ્માનનો ચાંદ ચમકવામાં આપનો મુકબલો કેવી રીતે કરી શકે છે ?! હે આસ્માનના દાગવાળા ચાંદ ! જરા મદીનાના બેદાગ ચાંદને જો ! આ રીતે રોશની ફેલાવે છે ફેલાવનારા !

**અર્શ તક ફૈલી હૈ તાબે આરિઝ-ક્યા ઝલકતે હૈં ઝલકને વાલે**

*(તાબે આરિઝ = ચહેરાની રોશની, ઝલકના = નૂર ફેલાવવું)*

**અર્થાત** : હે મારા પ્યારા આકા علیہ الصلوٰۃ والسلام આપના ચમકીલા ચહેરાની રોશની તો સાત આસ્માનની ઉપર અર્શે મુઅલ્લા સુધી જઈ રહી છે. હે દુનિયાવાળાઓ ! જરા જુઓ ! જલ્વો દેખાડનારા આવી રીતે જલ્વો દેખાડે છે. સૂરજ તથા ચાંદનું ઝલકવું શું હેસિયત ધરાવે છે. મુસ્તફા صلی اللہ علیہ وسلمની ઝલકની સામે ?!

*કાઈનાતે હુસ્ન જબ ફૈલી તો લામહદૂદ થી–ઔર જબ સિમટી મુહમ્મદ મુસ્તફા ﷺ કી ઝાત થી*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام જયારે આ કાઈનાતમાં જલ્વાગાર થયા તો આપનાં અમ્મી જાન ફર્માવે છે કે મારાથી એવું નૂર જાહેર થયું કે **اضاء له منه قصور الشام** "મેં મક્કામાં બેસીને શામ (સીરિયા)ના મહેલો જોઈ લીધા."

*ફૈલા હૈ દો જહાંમેં ઉજાલા હુઝૂર કા–કૈસા ચમક રહા હૈ સિતારા હુઝૂર કા*
*ચલતા હૈ સિક્કા આપ કા દો જહાંમેં–દોનોં જહાંમેં બોલ હૈ બાલા હુઝૂર કા (ﷺ)*

### ગુલે તયબહ કા ષના ગાતે હૈં–નખ્લે તૂબા પે ચહકનેવાલે

**અર્થાત** : મદીના મુનવ્વરાના ફૂલ (ઈમામુલ અંબિયા)ની તારીફ કેવળ અમે જ નથી કરી રહ્યા, બલ્કે જન્નતના ઝાડો પર બેસીને ગીત ગાનારા (અલ્લાહના ફરિશ્તાઓ તથા ફરિશ્તાઓના સરદાર હઝરત જિબ્રઈલ علیہ السلام) પણ મદીનાના ફૂલ આપણા આક઼ા તથા મૌલા ﷺની શાનમાં ગીતો ગાય છે અને કહે છે :–

**قلبت الارض مشارقها ومغاربها مارايت احدا مثلك قط اوكماقال عليه السلام**

**અર્થ** : "મેં પૂર્વ તથા પશ્ચિમને તપાસી લીધું, પરંતુ આપની જેમ કદી કોઈને નથી જોયો."

તે બદ્બખ્ત નથી તો બીજુ શું છે જે અઝમતે રિસાલતના મુન્કિર તથા શાને રિસાલતનો સ્વીકાર કરવાથી ભાગે છે ?!

### આસિયો થામ લો દામન ઉન્કા–વો નહીં હાથ ઝટકનેવાલે

**અર્થાત** : હે ગુનેહગારો ! પૂરા યક઼ીન તથા વિશ્વાસની સાથે મહબૂબે ખુદા ﷺનો દામને રહ્મત થામી લો ! અન્ય લોકો હશે જેઓ દામન પકડનારાઓને ઝટકી આપતા હોય, મારા આક઼ા علیہ الصلوٰۃ والسلام તો એવા લજપાલ છે કે જે આપનો દામન પકડે છે તે જો રજકણ છે તો તેને આફતાબ બનાવી દે છે, ટીપુ છે તો તેને સમંદર બનાવી દે છે, ઝર છે તો બૂઝર બને છે, બિલાલે હબ્શી છે તો રશ્કે ક઼મર બને છે !

*ક઼તરે કો સમંદર કરતે હૈં ઝર્રે કો સિતારા કરતે હૈં–કોનૈન કો ખમ આ જાતા હૈ, જબ ઝુલ્ફ સંવારા કરતે હૈં*

### અબ્રે રહ્મત કે સલામી રહના – ફલતે હૈં પૌદે લચકનેવાલે

*(અબ્રે રહ્મત = રહ્મતનું વાદળ, પૌદે = છોડ)*

**અર્થાત** : હે ગુનેહગારો ! સિયાહકારો ! ગમના માર્યાઓ ! બેસહારાઓ ! આ કરમ તથા રહ્મતના વાદળ (સરકારે મદીના ﷺ)ની સલામીમાં ઝુકેલા રહો (અકડાઈ ન જશો) કેમ કે ઝુકવાવાળા છોડો જ ફળ ફૂલ ધરાવે છે. **من تواضع لله فقد رفعه الله** **અર્થ** : "જેણે અલ્લાહના ખાતર નમ્રતા તથા આજિઝી અપનાવી અલ્લાહે તેને બુલંદ ફર્માવશે."

### અરે ! યહ જલ્વાગહે જાનાં હૈ–કુછ અદબ ભી હૈ ફળકનેવાલે

**અર્થાત** : ઝૌક તથા શૌક઼ (ઉમંગ)માં આવીને ઉળનારા મુલકાતીઓને નસીહત કરતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅર લખ્યો કે, "કૈફ તથા સુરૂર (ખુશી)ની હાલતમાં પણ અદબને સાચવી રાખો અને વધુ બેક઼ાબૂ બનવાની જરૂર નથી, એટલા માટે કે આ કોઈ દુનિયાના બાદશાહનો દરબાર નથી, આ "જલ્વાગાહે જાનાં" છે,

મહબૂબે ખુદા عليه الصلوٰة والسلام નો દરબારે અક્દસ છે.'' *નફસ ગમ કર્દા મી આયદ જુનૈદો બાયઝીદ ઈંજા*

**સુન્નીઓ ! ઉનસે મદદ માંગે જાવ – પળે બકતે રહે બકનેવાલે**

**અર્થાત :** અને હે સુન્ની મુસલમાન ભાઈઓ ! સાંભળો અને ધ્યાનપૂર્વક સાંભળો ! કોઈની વાતોથી કે ગલત ફત્વાઓથી ડરીને પોતાના આકાનો દામન છોડી ન આપશો. દરેક મુશ્કેલીમાં એમનાથી મદદ માગતા રહેશો, તે તમારી મદદ ફર્માવતા રહેશે. બેહૂદા બકવાવાળાની બકવાસને ગણકારશો નહીં.

**શમ્એ યાદે રુખે જાનાં ન બુઝે–ખાક હો જાએં ભળકને વાલે**

**અર્થાત :** અને દિલમાં ઈશ્કે મુસ્તફા عليه الصلوٰة والسلام ની જે શમ્અ તમે રોશન કરીને રાખી છે એની હિફાઝત કરજો. એને ઓલવાવા ન દેશો. જો કોઈને યાદે નબી અને ઝિક્રે સરકાર ﷺ સાંભળીને ગુસ્સો આવે છે તો તેને કહી દો, તમારા ગુસ્સામાં બળી મરો ! અને રાખ બની જાવ ! અમે તો.... *દમમેં જબ તક દમ હૈ, ઝિક્ર ઉન્કા સુનાતે જાએંગે.* કુર્આને પાકની એક આયતમાં પણ આ જ દર્સે હિદાયત આપવામાં આવ્યો છે :–

يُرِيْدُوْنَ لِيُطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَ اللّٰهُ مُتِمُّ نُوْرِهٖ وَ لَوْ كَرِهَ الْكٰفِرُوْنَ ''કાફિર ઈરાદો કરે છે કે અલ્લાહના નૂર (દીને ઈસ્લામ અથવા ઈસ્લામના પયગંબર)ને પોતાના મોઢાની ફૂંકો વડે બુઝાવી દે, પરંતુ અલ્લાહ એ નૂરને પૂર્ણ કરીને છોડશે, ભલે ને કાફિરોને સારું ન લાગે.'' *(સૂરએ સફ્ફ, સૂ. ૬૧, આ. ૮)* *(ક્રમશઃ)*

**જન્નતમાં ઘર બનાવો : ઉંટેલા** : તા. માતરની ૨૦૦ વર્ષ પહેલાની જૂની હુસૈની મસ્જિદ શહીદ કરી નવેસરથી બાંધકામ કરવા અંગેનો સંગે બુનિયાદનો જશ્ન તા. ૨૪–૫–૨૦૧૬ના રોજ યોજવામાં આવેલ જેમાં શેરે ગુજરાત ખલીફએ શૈખુલ ઈસ્લામ હઝરત અલ્લામા મૌલાના સૈયદ કમર કુત્બી કારંટવીએ અધ્યક્ષ સ્થાન શોભાવેલ જેમાં ખતીબે ગુજરાત ખલીફએ તાજુશ્શરીઅહ હઝરત અલ્લામા મૌલાના મુફતી અશરફ રઝા સાહબ કિબ્લા (પ્રિન્સિપાલ : જામિઆ મદીનતુલ ઉલૂમ, રતનપુર) તથા પીરે તરીકત, અલ્હાજ સૈયદ મદનીબાવા દરિયાઈ, ખલીફએ હુઝૂર શૈખુલ ઈસ્લામ (બીરપુર શરીફ), પીરે તરીકત અલ્હાજ મુહમ્મદ યૂનુસ બાવા મદની (બુરહાનપુર) તથા હાફિઝો કારી હબીબુલ્લાહ સાહબ (વસો) તથા અન્ય સુન્ની ઉલમાઓ હાજર રહેલા જેમાં મોટી સંખ્યામાં આશિકે રસૂલ મહેમાન હાજર રહેલા. આ મસ્જિદનું કામ હાલ ચાલુ છે તેમાં ઈમદાદ કરવા અપીલ છે. ***રજૂકર્તા :** હાજી અબ્બાસઅલી હુસૈનમિયાં સૈયદ, મો. ૯૭૩૭૨૦૮૨૨૮*

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નો કરેલ કુર્આન શરીફનો શ્રેષ્ઠ તર્જુમો તથા હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ ની લખેલ ઉમદા તફસીર એટલે.....**

**કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન** *(ગુજરાતી તર્જુમા સાથે)*

અનુવાદક : મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

હદિયો : રૂા. ૪૨૫/– (ટપાલ ખર્ચ રૂા.૫૦ અલગ)

**:: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન ::**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તા. જિ. ભરૂચ, ગુજરાત,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

### મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

પછી ફર્માવ્યું, એકવાર હઝરત ઉમર رضی اللہ عنہએ રોમના કૈસરની તરફ પયગામ મોકલ્યો કે તું માલ કેમ નથી મોકલતો ? તેણે કારણ રજૂ કર્યું કે જો કાસિદો જઈને યોગ્ય પામશે તો મોકલીશું, નહીં તો નહીં. જયારે કૈસરે રોમના કાસિદો (એલચી) મદીના મુનવ્વરામાં હઝરત ઉમર رضی اللہ عنہના ઘરે પહોંચ્યા. પૂછયું કયાં છે ? જયારે ઘરમાં પહોંચ્યા તો જોયું કે ખિર્કા (પોશાક)ને ટાંકા મારી રહ્યા છે. તેમણે સલામ કરી. આપ રોશનઝમીરીના સબબે જાણી ગયા. પૂછયું, માલ લાવ્યા છો ? તેમણે કહ્યું કે તે નથી આપતો. કોરડો પાસે પડયો હતો. ઉઠાવીને ફર્માવ્યું, સફીરો ! મેં કૈસરે રોમને પછાડયો ! તેઓ ધાકના માર્યા ચાલ્યા ગયા.

રસ્તામાં જ તેમણે સાંભળ્યું કે કૈસરે રોમ તખ્ત પર બેસીને દરબાર કરી રહ્યો હતો કે અચાનક દીવાલ ફાટી અને એક હાથ કોરડાવાળો જાહેર થયો જેનાથી કૈસરનું માથુ કપાય ગયું. કાસિદોએ જે કૈફિયત જોઈ હતી તે વર્ણવી, તો પછી એટલા પ્રમાણમાં માલ આવ્યો કે જેની કોઈ સીમા ન હતી. કેટલાયે હજાર કાફિર મુસલમાન થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ

મઝકૂર મહિનાની ૨૧ તારીખ હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. .... પછી એના બારામાં ચર્ચા શરૂ થઈ કે માણસે હર હાલમાં યાદે ઈલાહીમાં મશગૂલ રહેવું જોઈએ. શૈખુલ ઈસ્લામે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એક શખ્સે સાહિબે નેઅમત દુરવેશથી દરખાસ્ત કરી કે જયારે અલ્લાહ તઆલાને યાદ કરો તે વખતે મારા હક્કમાં દુઆ કરશો. તેમણે કહ્યું, તે ઘડી ઘણી જ અજીબ હશે કે મને તું યાદ આવી જાય !

**અકલ તથા ઈલ્મ વિશે** : પછી અકલ તથા ઈલ્મના બારામાં ચર્ચા શરૂ થઈ ...... પછી ફર્માવ્યું, "આષારે તાબઈન"માં લખ્યું છે કે જે હઝરત આદમ علیہ السلام પર નાઝિલ થઈ તે મૌજૂદાતનો ઈલ્મ છે જે જિબ્રઈલ علیہ السلامએ પહોંચાડયો. وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا ثُمَّ عَرَضَهُمْ عَلَى الْمَلٰٓئِكَةِ જયારે અકલ તથા ઈલ્મ બંનેવ તેમની સમક્ષ પેશ કર્યા તો આદમ علیہ السلام વિચારમાં પડી ગયા કે કઈ ચીજ પસંદ કરું ! પછી એમણે અકલ કબૂલ કરી, એ વિચારીને કે એના વડે ઈલ્મ પણ હાંસલ કરીશ.

પછી ફર્માવ્યું કે સુલૈમાન علیہ السلامને મુસ્હફમાં ફર્માન થયું કે સર્વ આશિકો તથા સાલેહો માટે વાજિબ છે કે ચાર ઘડીઓથી ગાફેલ ન થાય. પ્રથમ તે ઘડી કે જયારે પોતાના પરવરદિગારથી મુનાજાત કરે. નમાઝમાં શરૂથી લઈને છેવટ સુધી ગાફેલ ન રહે. બીજુ એ વખતે જયારે પોતાની તરફ ખયાલ કરે કે કયા પ્રકારના ગુનાહ હું કરું છું, અને શું ખાય રહ્યો છું અને કયા કામમાં મશગૂલ છું. ત્રીજુ જયારે પોતાના

ભાઈની પાસે બેસે અને તેનો કોઈ અયબ જુએ તો તે અયબને લોકો સમક્ષ જાહેર ન કરે. ચોથુ નેક કામ કરે અને બુરા માણસોની સોહબતમાં ન બેસે.

પછી ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે બેશક્ ! અક્લ તથા ઈલ્મ એકબીજાના ભાગીદાર છે, કેમ કે અક્લના માટે ઈલ્મ જરૂરી છે અને ઈલ્મના માટે અક્લ. તો માણસોમાં સૌથી સારો તે જ છે જે પોતાની જાતને પહેચાને, એ સ્થિતિમાં અક્લ પસંદીદા છે.

પછી ફર્માવ્યું કે તવારીખમાં ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ લખે છે કે દરેક ચીજની હદ હોય છે અને ઈબાદતની હદ અક્લ છે. એટલા માટે કે ઈલ્મ વિના ઈબાદત કરવી ફુઝૂલ તકલીફ છે અને ઈલ્મ અક્લ વિના મફતની માથાની દવા. ક઼યામતના દિવસની દલીલ આ જ અક્લ છે. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે આપ દરેક આયત તથા હદીષથી હજાર મસ્અલા કાઢો છો એ કઈ ચીજની મદદથી કરો છો ? ફર્માવ્યું કે અક્લની મદદથી. જો અક્લ ન હોત તો શરીઅતનો એક મસ્અલો પણ ન કાઢી શકત. શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે અક્લ સૌથી શરીફ ચીજ છે, એટલા માટે કે જો અક્લ ન હોત તો મઅરફતે ઈલાહીનો ઈલ્મ પણ ન થાત.

ત્યારબાદ નમાઝની અઝાન થઈ તો શૈખુલ ઈસ્લામ નમાઝમાં મશગૂલ થઈ ગયા, અને હું તથા અન્ય લોકો પરત ચાલ્યા આવ્યા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

**ઈલ્મની ફઝીલત વિશે** : ૨૫ ઝીલ ક઼અદ હિ.સ. ૬૫૫ના રોજ ક઼દમબોસની સઆદત નસીબ થઈ. એ વખતે ઈલ્મ તથા અક્લના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાની નજીક રોઝા, નમાઝ અને હજ વગેરે સૌથી અફઝલ ઈબાદત ઈલ્મ છે. (કેમ કે ઈલ્મ વિના ઈબાદત સહીહ અદા થશે જ નહીં) પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે ઈલ્મ તે ઈલ્મ છે જેને અહલે જહાન નથી જાણતા અને ઝુહદ તે ઝુહદ છે જેની ઝાહિદોને ખબર નથી. કામ એ બંનેવથી બહાર છે. (સારાંશ ઈલ્મ વિના ઝુહદ ઝુહદ નથી, ઈબાદત ઈબાદત નથી.)

પછી ફર્માવ્યું કે જો લોકોને ઈલ્મનો દરજ્જો માલૂમ થઈ જાય તો સર્વ કામો છોડીને ઈલ્મ પ્રાપ્તિમાં મશ્ગૂલ થઈ જાય. એટલા માટે કે ઈલ્મ એવું વાદળ છે જે બારાંને રહમત સિવાય નથી વરસતુ. તો જે એ વાદળ ને હાંસલ કરવાની કોશિશ કરે છે તે તમામ ગુનાહોથી પાક થઈ જાય છે.

પછી ફર્માવ્યું કે એકવાર હું અને શયખ જલાલુદ્દીન તબરેઝી قدس سرہٗ એક જ જગાએ હતા. ફર્માવ્યું કે ઈલ્મ એક ચિરાગ છે જે પાક શીશામાં રાખવામાં આવ્યો છે અને જેનાથી આલમે નાસૂત તથા આલમે મલકૂત રોશન છે. તો જે શખ્સ ઈલ્મમાં મશ્ગૂલ છે તેને અંધકારનો શું ડર ?! કેમ કે તેના શરીરમાં સર્વ જહાનો રોશન છે.

**ગાફેલ ઉલમા વિશે** : પછી ફર્માવ્યું કે ઉલમા ઈલ્મથી ગાફેલ છે, એટલા માટે કે તેમણે દુનિયાને પોતાનો ક઼િબ્લાગાહ બનાવી રાખ્યો છે અને શરીઅતને ખેલ સમજી રાખેલ છે. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે હવે એ કુવ્વત તથા બરકત ક્યાં રહી ! પછી ફર્માવ્યું કે ઉલમાની બાબત લખ્યું છે કે ક઼યામતના દિવસે એવા ઉલમાના માટે જેઓ દુનિયામાં મશ્ગૂલ હતા અને ઈલ્મનું કામ કરતા ન હતા, હુકમ થશે કે એમના ગળામાં આગના અંગારા પહેરાવીને દોઝખમાં લઈ જવામાં આવે. (આ સ્પષ્ટ છે કે ઉલમાએ સૂ એટલે બુરા ઉલમા, બદ અક઼ીદા તથા દુનિયા કમાવા દીનને નુકસાન કરનારા ઉલમા વિશે છે. –અનુ.) પછી આગળ વર્ણન છે કે ફર્માવ્યું, આ તે ઉલમા છે જેઓ જાહેરમાં પવિત્ર દેખાય આવે છે, પરંતું બાતિનમાં એમનો અમલ ઠીક નથી, અને ધોકાબાજીથી લોકોને લૂટે છે.

પછી ફર્માવ્યું, ''રાહતુલ અરવાહ''માં ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ લખે છે કે જ્યારે કોઈ

ઈલ્મના કામમાં સુસ્ત ન થઈ જાય અને એના પર અમલ કરે, તો અલ્લાહ તઆલા તેને એ પ્રકારની તૌફીક઼ અતા કરે છે કે હક્ક઼ તથા બાતિલમાં તમીઝ કરી શકે અને નેક તથા બદમાં ફરક઼ કરી શકે અને હલાલ તથા હરામને પહેચાની શકે. પછી ફર્માવ્યું, ઈલ્મના કેટલાયે પ્રકાર છે. હક઼ીક઼તમાં આલિમ તે શખ્સ છે જેને નબવી ﷺ ઈલ્મ હાંસલ હોય, અને નબવી ઈલ્મ આસ્માની છે જે અલ્લાહ તઆલા તરફથી વહી દ્વારા નબી ﷺને પહોંચ્યો.

**મઅરેફત વિશે વર્ણન :** પછી મઅરેફતના બારામાં ચર્ચા ચાલી તો ફર્માવ્યું, જેને પોતાની ઓળખ નથી તે લોભ લાલચમાં સપડાય જાય છે. જો પોતે પોતાની જાતને ઓળખે તો બીજાઓ સાથે ઉલ્ફત ન કરે. જેને અલ્લાહ તઆલાથી મહોબ્બત છે તેની સામે અઢાર હજાર આલમ પણ પેશ કરી દેવામાં આવે તો પણ આંખ ઉઠાવીને નથી જોતો ! ત્યારબાદ મારા તરફ સંબોધિત થઈને ફર્માવ્યું કે મઅરેફતવાળા તે લોકો છે કે જો અર્શથી તહતુષ્ષરા સુધી લાખ મુક઼ર્રબ ફરિશ્તાઓ જિબ્રઈલ, ઈસ્રાફીલ તથા મીકાઈલ જેવા એમની સમક્ષ લાવવામાં આવે તો રબ તઆલાની મઅરેફત સિવાય કોઈને મૌજૂદ ખયાલ ન કરે, અને તેને તેમના જવાની ખબર ન થાય. જો એનાથી વિરૂધ્ધ છે તો તે દાવેદાર જૂઠો છે, ન કે મઅરેફતવાળા.

ત્યારબાદ ફર્માવ્યું, એકવાર શયખ શહાબુદ્દીન સુહરવર્દી قدس سرہٗની ખિદમતમાં હાજર હતો. ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને પોતાનો દોસ્ત બનાવવા ચાહે છે તો તેના પર ઝિક્રનો દરવાજો ખોલી આપે છે અને હૈરત તથા દહશતના કિલ્લામાં લાવે છે જે તેની અઝમત તથા બુઝુર્ગીનો મક઼ામ હોય છે. પછી તે શખ્સ અલ્લાહ તઆલાની હિમાયતમાં હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે એક દિવસ શૈખુલ ઈસ્લામ સંજરી قدس سرہٗની ખિદમતમાં હાજર હતો. ફર્માવ્યું કે અહલે મઅરેફતને તવક્કુલ હોય છે અને તે તવક્કુલ ઉલૂવી ઈલ્મ તથા શૌક઼ના કારણે હોય છે. તો જે વખતે આ મક઼ામ મયસ્સર થાય છે તે વખતે જો આગમાં પણ સળગાવી દે તો તેને ખબર નથી પડતી. ત્યારબાદ ફર્માવ્યું કે અહલે મઅરેફતનો ગુફતગૂનો દાવો ત્યારે દુરુસ્ત હોય છે કે પ્રથમ પોતે ખલ્ક઼તને મઅરેફતનો બદલો દેખાડે, અને જે લોકો મહોબ્બતનો દાવો કરે તેમને કરામતની કુવ્વતથી ક઼ાઈલ કરે.

પછી જલાલુદ્દીન તિર્મિઝી رحمۃ اللہ علیہની વાત વર્ણવી કરી કે ઈન્તેક઼ાલના સમયે આપની પાસે કેવળ એક મુરીદ હાજર હતો. તે મુરીદ વર્ણન કરે છે કે જ્યારે આપે આ દુનિયાથી વિદાય લીધી તો આપ મુસ્કુરાઈ રહ્યા હતા. મેં કહ્યું કે આપ તો મુર્દા થઈ ચૂક્યા છો તો હસો છો શાથી ? ફર્માવ્યું કે આરિફોનો હાલ આવો જ હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં શૈખુલ ઈસ્લામ કુત્બુદ્દીન બખ્તિયાર અવશી કાકી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે બુધ્ધિના ઝાડને સોચ વિચારનું પાણી આપવું જોઈએ જેથી સૂકાય ન જાય અને ફલે ફૂલે. અને ગફલતના ઝાડને જેહાલતનું પાણી આપવું જોઈએ જેથી વધે. તૌબાના ઝાડને શર્મિંદગીનું પાણી આપવું જોઈએ જેથી વધે. અને મહોબ્બતના ઝાડને મુવાફિક઼તનું પાણી આપવું જોઈએ જેથી તેનો ઉછેર થાય.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા મુઈનુદ્દીન હસન સંજરી رحمۃ اللہ علیہના વાક઼િયાતની સંબંધે વર્ણન છે કે જે રાતે આપે વિસાલ ફર્માવ્યો કેટલાયે સો મર્તબા પયગંબરે ખુદા ﷺને ખ્વાબમાં જોયા હતા જે ફર્માવતા હતા કે અલ્લાહ તઆલાનો દોસ્ત મુઈનુદ્દીન હસન સંજરી આવશે. એના ઈન્તેક઼ાલ બાદ આવ્યો છું. જ્યારે ખ્વાજા સાહબ ઈન્તેક઼ાલ ફર્માવી ગયા તો આપની પેશાની પર લખ્યું હતું. حَبِيْبُ اللّٰهِ مَاتَ فِيْ حُبِّ اللّٰهِ "અલ્લાહના દોસ્તે અલ્લાહની મહોબ્બતમાં જાન આપી." શૈખુલ ઈસ્લામ આ જ હિકાયતમાં હતા એવામાં નમાઝની અઝાન થઈ. ખ્વાજા સાહબ નમાઝમાં મશ્ગૂલ થઈ ગયા, લોકો તથા હું પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદક ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**(પ્રકરણ : ૨૧)**

## મદીનામાં આગમન

મદીનાવાળાઓને નબીએ આખિરુઝ્ઝમાં ﷺના આગમનની ખબર પહેલાં જ થઈ ચૂકી હતી, તેઓ ઘણી મહબ્બતની સાથે નબીએ બરહક્ક્ના આગમનની રાહ જોઈ રહ્યા હતા. દરરોજ શહેરની બહાર આવતા અને દિવસ આઠમતા સુધી રાહ જોઈ ચાલ્યા જતા. આ દિવસો તેમના માટે પહાડ જેવા બની ગયા હતા, તેમના દિવસો ઘણી મુશ્કેલેથી પસાર થતા. એક દિવસ આ જ રીતે રાહ જોઈ લોકો પરત ફરી રહ્યા હતા કે એકાએક યહૂદીએ અવાજ આપ્યો કે પાછા ફરી આવો ! જુઓ ! જુઓ ! જેમની તમે વાત જોઈ રહ્યા હતા તે આવી ગયા ! હવે શું હતું ! આ અવાજ સાંભળતાં જ બધા લોકોના ચહેરા પર ખુશી છવાઈ ગઈ અને તેમણે પોત પોતાના શરીર પર હથિયાર સજાવી લીધાં અને રસૂલે કરીમ ﷺના સ્વાગત માટે પરત ફરી ગયા.

મદીના મુનવ્વરાથી લગભગ ત્રણ માઈલની દૂરી પર એક નાની વસ્તી છે જેનું નામ કુબા છે. અહીં મુસલમાનોના ઈજ્જતદાર કબીલા આબાદ હતા અને કુલ્સૂમ બિન હદમ તેમના સરદાર હતા. રસૂલે કરીમ ﷺ તેમના ઘરે મહેમાન બન્યા. હઝરત અલી کرم اللہ وجہہ الکریم મક્કાથી મક્કાવાળાઓને અમાનતો સોંપી કુબા પહોંચ્યા અને તે પણ તેમના મહેમાન થયા. આ દરમ્યાન રસૂલે કરીમ ﷺએ એક મસ્જિદની બુનિયાદ નાખી જે આજ સુધી મસ્જિદે કુબાના નામથી મશ્હૂર છે. આ **ઈસ્લામમાં પહેલી મસ્જિદ** છે.

કુબામાં ચૌદ દિવસ રોકાણ કર્યા બાદ આપ જુમ્આના દિવસે મદીના તરફ નીકળ્યા. હજુ બનુ સાલિમના મહોલ્લામાં પહોંચ્યા હતા કે નમાઝનો સમય થઈ ગયો. આપે આજ મહોલ્લામાં જુમ્આની નમાઝ પઢાવી. **આ જુમ્આની પ્રથમ નમાઝ** હતી. નમાઝ પહેલાં આપે એવો ખુત્બો આપ્યો જે સૌના દિલમાં તરત જ ઉતરી ગયો. મદીના શરીફ જેમ જેમ નજીક આવતુ ગયું જાંનિષારોનો જોશ અને હોંસલો વધતો જતો. કુબાથી મદીના શરીફ સુધી દરેક કબીલાના ઈજ્જતદાર લોકો બંને બાજુ હારબંધમાં ઉભા હતા. આપ જે કબીલાની નજીકથી ગુજરતા, લોકો ઈચ્છા કરતા કે રસૂલુલ્લાહ ﷺ અમારા ત્યાં રહેઠાણ કરે. આપ તેમને ધન્યવાદ કહી દુઆઓ આપતા અને આગળ વધતા જતા. જ્યારે આપણા નબી ﷺ મદીનામાં દાખલ થયા, તો તે સમયનું દશ્ય ન પૂછો ! દરેક વ્યક્તિ ખુશીના કારણે ફુલ્યો સમાતો ન હતો. ઈદ જેવું વાતાવરણ હતું અને ખુશીમાં અન્સારની બાળકીઓ આ નગ્મો ગાતી હતી :–

طَلَعَ الْبَدْرُ عَلَيْنَا مِنْ ثَنِيَّاتِ الْوَدَاعِ
وَجَبَ الشُّكْرُ عَلَيْنَا مَادَعَا لِلّٰهِ دَاعِ

**તર્જુમો** : "વદાઅની ઘાટીથી અમારા પર ચૌદમી રાતનો ચાંદ ઉગ્યો, અમારા પર અલ્લાહનો શુક્ર વાજિબ છે, જ્યાં સુધી કોઈ દાઈ અલ્લાહની તરફ દા'વત આપતો રહે."

અને કૂબીલા બનૂ નજ્જારની નાની નાની બાળકીઓ ઝુમી ઝુમીને ડફ વગાડી આ શેઅર પઢતી હતી :–

نَحْنُ جَوَارٍ مِّنْ بَنِى النَّجَارِ يَا حَبَّذَا مُحَمَّدٌ مِّنْ جَارِ

**તર્જુમો** : "અમે કૂબીલા બનૂ નજ્જારની બાળકીઓ છીએ. કેવી સારી વાત છે કે મુહમ્મદ ﷺ અમારા પડોશી બન્યા છે.

રસૂલે કરીમ ﷺએ તે બાળકીઓનો જોશ જોઈને ફર્માવ્યું, હે બાળકીઓ ! શું તમે મારાથી મહોબ્બત કરો છો ?! તે બાળકીઓએ એકી સાથે કહ્યું, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ આ સાંભળી રસૂલુલ્લાહ ﷺએ સ્મિત કર્યું અને ફર્માવ્યું, હું પણ તમારાથી મહોબ્બત કરું છું !

અને નાના નાના બાળકોનો હાલ એ હતો કે તે ટોળે ટોળાં ખુશીથી મદીનાની ગલીઓમાં દોડતાં ફરતાં હતાં અને પોતાના નબીના આગમનના નારા લગાડતાં હતાં.

આજે સૌનું દિલ ખુશીથી ઉછળી રહ્યું હતું. આજે મદીના શરીફ પર રહ્મતોનાં વાદળ છવાયેલાં હતાં. બધા લોકો રહ્મતની વર્ષામાં નહાઈ રહ્યા હતા. બધાની તમન્ના હતી કે રહ્મતે આલમ ﷺ અમારા મહેમાન બને, અમારા ઘરને શોભા અર્પણ કરે. રસૂલુલ્લાહ ﷺ "કૂસ્વા" નામની ઊંટણી પર સવાર હતા. દરેક વ્યક્તિ ઊંટણીની લગામ પકડી પોતાના ઘરે ઉતારવા ઈચ્છતો હતો, પરંતુ આપે બધાની ઈચ્છાઓને ધ્યાનમાં રાખતાં ઈર્શાદ ફર્માવ્યું, ઊંટણીની લગામ છોડી દો ! અલ્લાહનો હુકમ જ્યાં થશે ત્યાં ઊંટણી બેસી જશે.

જ્યાં આજે મસ્જિદે નબવી શરીફ છે, તેના બિલ્કુલ નજીક હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہનું મકાન હતું. ખુદાનું કરવું કે ઊંટણી તેમના જ ઘર સામે જઈને બેસી ગઈ. હવે હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہની ખુશીનો હાલ ન પૂછો. બંને જહાંના તાજદાર તેમના મહેમાન થઈ રહ્યા છે. તેમણે જલ્દી જલ્દી સામાન ઉઠાવી પોતાના ઘરમાં મૂક્યો. તેમનું મકાન બે માળનું હતું. તેમણે ઉપરનો માળ પેશ કર્યો. પરંતુ સરકાર ﷺએ મુલાકાત માટે આવનારાઓનો ખ્યાલ કરી નીચેનો માળ પસંદ ફર્માવ્યો. હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ બંને સમય આપ ﷺની ખિદમતમાં જમવાનું મોકલતા અને જે બચતું તેને તબર્રુક સમજી પોતે અને તેમની પત્ની ખાઈ લેતાં. રસૂલુલ્લાહ ﷺની આંગળીઓના નિશાન જ્યાં હોતાં, હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہ ત્યાંથી જ લુકમો ઉઠાવતા અને આપની દરેક રીતે તા'ઝીમ કરતા. રહ્મતે આલમ ﷺએ અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہના ઘરે સાત મહિના રહેઠાણ કર્યું.

*(પ્રકરણ : ૨૨)*

## મસ્જિદે નબવીનું બાંધકામ

મદીના તૈયબામાં હજુ સુધી કોઈ એવી જગ્યા ન હતી જ્યાં મુસલમાનો જમાઅતથી નમાઝ પઢી શકે. એટલા માટે એક મસ્જિદની જરૂરત હતી. હઝરત ઐયૂબ رضی اللہ عنہના મકાનના સામે એક ખાલી જમીન હતી જ્યાં અલ્લાહના રસૂલ ﷺની ઊંટણી બેઠી હતી. આ જમીન બનૂ નજ્જારના બે બાળકોની

હતી. રસૂલે કરીમ ﷺએ તે જમીનને મસ્જિદ માટે પસંદ ફર્માવી. તે બાળકોએ જમીન મસ્જિદના માટે વક્ફ કરવા ઈચ્છયું, પરંતુ રહ્‌મતે આલમ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہના માલથી તેની કિંમત અદા કરી. અથવા આપે એક અન્સારીને તેની કિંમત અદા કરવાનો હુકમ આપ્યો. નબીએ કરીમ ﷺએ પોતાના મુબારક હાથથી મસ્જિદની સંગે બુનિયાદ રાખી. હવે શું હતું ! કામ ઝડપથી શરૂ થઈ ગયું, કોઈ ઈંટો લાવી રહ્યું હતું, કોઈ જમીન બરાબર કરી રહ્યું હતું, કોઈ દીવાલ બરાબર કરી રહ્યું હતું, ત્યાં સુધી કે આપણા અને બંને જહાનના આક઼ા મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પણ સહાબાની સાથે ઈંટો લાવી રહ્યા હતા. સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن લોકોને જોશ અપાવવા માટે આ પઢતા જતા, સાથે જ રસૂલુલ્લાહ ﷺ પણ તેમની સાથે અવાજ મિલાવતા.

**اَللّٰهُمَّ لَا خَيْرَ اِلَّا خَيْرُ الْآخِرَهْ۔ فَاغْفِرِ الْاَنْصَارَ وَالْمُهَاجِرَهْ**

**તર્જુમો** : હે અલ્લાહ ! ભલાઈ તો ફક્ત આખેરતની છે, તો હે મૌલાએ કરીમ ! તું અન્સાર અને મુહાજિરીનને બખ્શી દે.

મસ્જિદ કેવી બની ? કાચી ઈંટોની દિવાલ, ખજૂરના થડના મોભા, અને તેના પર ખજૂરનાં પાંદડાંનું જ છાપરુ. વરસાદ પડતો તો પાણી ગળતુ અને નીચે કીચડ થઈ જતું. સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنએ નીચે કાંકરીઓ પાંથરી દીધી હતી, જેથી કીચડથી બચી શકાય. જાણે આ મસ્જિદ દરેક જાતના દુનિયાવી શણગારથી પાક હતી. લંબાઈ સાઈઠ ગઝ અને પહોળાઈ ચોપ્પન ગઝ હતી. તેનો કિ઼બ્લો બૈતુલ મુક઼દ્દસની તરફ હતો. પરંતુ જ્યારે કિ઼બ્લો બદલાઈને ખાનએ કા'બા થઈ ગયો, તો કા'બાની બાજુ તેનો કિ઼બ્લો બનાવી દેવામાં આવ્યો જે આજ સુધી ક઼ાયમ છે.

મસ્જિદે નબવીના સહનમાં એક ખૂણા પર એક ચબૂતરો હતો તેના પર પણ ખજૂરના પાંદડાંઓની છત બનાવી દેવામાં આવી હતી. આ તે ગરીબ મુસલમાનોનું રહેઠાણ હતું જેમનું કોઈ ઘરબાર ન હતું. તેઓ જંગલમાંથી લાકડીઓ કાપીને લાવતા અને ગુજરાત ચલાવતા. મોટા ભાગે રસૂલે કરીમ ﷺ તેમના જમવાનો બંદોબસ્ત કરતા અને દા'વતમાં પોતાની સાથે લઈ જતા. તેઓ રાત્રીમાં લખતાં વાંચતાં શીખતા અને રસૂલે ખુદા ﷺથી હદીષો સાંભળી યાદ કરતા. આજ લોકોને નજીકના વિસ્તારમાં તબ્લીગ માટે મોકલવામાં આવતા. તે જ લોકોને "અસ્હાબે સુફ્ફા" કહેવામાં આવે છે. અરબી ભાષામાં ચબૂતરાને "સુફ્ફા" કહે છે. તો અસ્હાબે સુફ્ફાનો અર્થ થયો ચબૂતરા પર રહેવાવાળા. તેમની સંખ્યા સિત્તેરથી વધુ હતી. ક્યારેક સિત્તેર અને ક્યારેક તેનાથી ઓછી તેમનામાંથી કેટલાકનાં નામો આ પ્રમાણે છે :–

હઝરત અબૂ હુરૈરહ્, હઝરત સલમાન ફારસી, હઝરત અમ્માર બિન યાસિર, હઝરત સુહૈબ રૂમી અને હઝરત બિલાલ. (رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن)

મસ્જિદની સાથે હુઝૂર ﷺની પત્નીઓ માટે પણ રૂમો બન્યા. આ રૂમ દસ દસ હાથ લાંબા અને છ છ હાથ પહોળા હતા. છાપરુ ખજૂરનાં પાંદડાઓનું હતું, એટલું નીચુ કે કોઈ વ્યક્તિ ઊભો રહી સહેલાઈથી અડકી શકે. દરવાજાઓ પર ધાબળાના પર્દા નાખેલા હતા. આપે મક્કાથી પોતાના પરિવારને પહેલાં જ મદીના શરીફ બોલાવી લીધો હતો અને તેમનું રોકાણ હઝરત હારિષા બિન નોઅમાનના ઘરે હતું. રૂમોનાં બાંધકામ બાદ સૌ તેમાં રહેવા લાગ્યા.

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## મહેરનું બયાન

ઓછામાં ઓછી દસ દિરહમ મહેર જોઈએ જેની ગણતરી આજના હિસાબે ૨ રૂપિયા ૧૨ આના ૯.૩૫ પાઈ (હાલમાં લગભગ ૧૮૦૦ રૂા.) થાય છે. ભલે સિક્કા હોય કે એટલી કિંમતની ચાંદી અથવા ચીજ વસ્તુ સામાન હોય. *(હિંદીયા વગેરે)*

**મસ્અલા** : નિકાહમાં દસ દિરહમ કે એનાથી ઓછી મહેર નક્કી કરવામાં આવી તો દસ દિરહમ વાજિબ થશે. જો વધારે નક્કી કરવામાં આવી તો જે નક્કી કરી છે તે વાજિબ થશે. *(હિદાયા વગેરે)*

**મસ્અલા** : સંભોગ અથવા સંભોગની નિય્યતે રૂમમાં એકાંતવાસ (રાત્રી) ગુજારવામાં આવે અથવા બન્નેમાંથી ગમે તે એકનું મૃત્યુ થાય આવા સંજોગોમાં મહેર જે નક્કી કરવામાં આવી હતી તે નક્કી રહેશે, એમાં ઓછી થઈ શકશે નહીં. એ જ રીતે ઓરતને જો તલાક દેવામાં આવી હતી અને ઈદ્દતની અંદર એની સાથે ફરીથી નિકાહ કરવામાં આવ્યા તો કોઈ પણ પ્રકારના કારણ વગર મહેર નક્કી રહેશે. હા ! અગર જો હકદાર (ઓરત) પૂરેપૂરી મહેર કે અડધી મહેર માફ કરી દે તો માફ થઈ જશે. જો મહેર **સ્થગિત** ન થઈ હોય (અદા ન કરી હોય) તેવામાં પતિ તલાક આપે તો અડધી મહેર વાજિબ થશે. આવા સંજોગોમાં જો તલાક આપતા પહેલાં પૂરી મહેર અદા કરી દીધી હોય તો અડધી મહેર પતિને પાછી મળશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : જે ચીજ વસ્તુથી નફો મેળવવો જાઈઝ નથી તે મહેર ગણાશે નહીં. પરિણામે જો એવી ચીજને મહેર ઠેરવવામાં આવી તો ચીજ મહેર પેટે ચાલશે નહીં. પરંતુ **મહેર મિષ્લ** વાજિબ થશે. જેમ કે એવી મહેર નક્કી કરવામાં આવી કે આઝાદ પતિ આખું વર્ષ ઓરતની ખિદમત (સેવા ચાકરી) કરશે અથવા કુર્આન શરીફ પઢાવી દેશે કે પછી હજ, ઉમરહ કરાવી દેશે અથવા મુસલમાન મર્દનો નિકાહ મુસલમાન ઓરત સાથે થયો અને મહેરમાં ખૂન યા શરાબ કે સુવ્વરનો ઝિક્ર કરવામાં આવ્યો (તે વિશે નક્કી કરવામાં આવ્યું) અથવા એવી મહેર નક્કી કરી કે ધણી પોતાની પ્રથમ પત્નીને તલાક આપી દેશે તો આ બધી જ હાલતમાં **મહેર મિષ્લ** એટલે કે **એ ઓરતના ખાનદાનમાં એના જેવી ઓરતોની જે મહેર હશે તે** મહેર એમના માટે પણ નક્કી થશે. *(હિંદીયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : નિકાહે શિગાર એટલે અરસ પરસ સાટામાં કરેલા નિકાહમાં મહેર મિષ્લ વાજિબ થાય છે. મહેર મિષ્લ એટલે કે એના ખાનદાનની એવી બીજી ઓરતોના નિકાહ જેટલી મહેરથી કરવામાં આવ્યા હોય તેટલી મહેર. શિગાર (નિકાહ) એને ગણવામાં આવે છે કે એક માણસે પોતાની દિકરી યા બહેનના નિકાહ તેની સાથે કરાવ્યા બીજાએ તેની જ સાથે પોતાની દિકરી યા બહેનના નિકાહ કરાવ્યા (સાટામાં નિકાહ કરાવ્યા) અને બંનેએ પોતાના નિકાહને એકબીજાની મહેર ગણાવી. તો એ રીતની મહેર નક્કી કરવી ગુનાહનું કામ છે. જો કે નિકાહ તો થઈ જશે પણ મહેર મિષ્લ વાજિબ થશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : નિકાહમાં મહેરનો ઝિક્ર કરવામાં

આવ્યો યા મહેરનો ઈન્કાર કરવામાં આવ્યો તો એટલે કે મહેર વગર નિકાહ કરવામાં આવ્યો તો નિકાહ થઈ જશે અને જો એક રૂમમાં એકાંતવાસ કરવામાં આવ્યો (સંભોગની નિય્યતે) હોય અથવા બેમાંથી કોઈ એક મૃત્યુ પામે તો મહેર મિષ્લ વાજિબ થશે અને જો નિકાહ પછી પરસ્પર મહેર નક્કી કરવામાં આવી હતી તો તે નક્કી કરેલ મહેર મળશે. એ જ રીતે જો કાઝીએ (મહેર) નક્કી કરી હોય તો તે નક્કી કરેલ મહેર મળશે. આ બન્ને હાલતમાં જે ચીજથી મહેર અદા કરવામાં આવે તે અદા થઈ જશે અને જો અદા કરવામાં ન આવી બલ્કે સંભોગની નિય્યતે એકાંતવાસ કરતા પહેલાં જ તલાક થઈ ગઈ હોય તો બન્ને સંજોગોમાં પણ એક જોડ કપડાં વાજિબ છે. એટલે કે કુર્તો, પાયજામો, દુપટ્ટો જેની કિંમત મહેર મિષ્લની અડધી કરતાં વધારે ન હોવી જોઈએ. જો વધારે હોય તો મહેર મિષ્લ કરતાં અડધી દેવામાં આવે. (જો શોહર માલદાર હોય તો) અને જો શોહર મોહતાજ હોય તેમજ પાંચ દિરહમથી ઓછી કિંમતનો જોટો (કપડાં) ન હોય તો પણ (મહેર મિષ્લ કરતાં અડધી દેવામાં આવે).

જો મર્દ અને ઓરત બન્ને માલદાર હોય તો જોટો (કપડાં) સારી જાતનાં હોવાં જોઈએ અને જો બન્ને મોહતાજ હોય તો મામૂલી કિંમતનાં અને જો એક માલદાર હોય અને બીજું ગરીબ (મોહતાજ) હોય તો મધ્યમ કક્ષાનાં કપડાં (જોટો) હોવાં જોઈએ. *(જોહરા, દુર્રે મુખ્તાર, હિંદીયા)*

**મસ્અલા** : કપડાં આપવાં ત્યારે વાજિબ થશે જ્યારે વિચ્છેદ પતિ તરફથી હોય; જેમ કે તલાક આપે, અથવા ઈલા કરે અથવા મુર્તદ થઈ જાય વગેરે. અને વિચ્છેદ પત્ની તરફથી હોય તો વાજિબ નથી, જેમ કે સ્ત્રી મુર્તદ થઈ જાય, પતિના પુત્રને વાસના સાથે ચુંબન કરે વગેરે. *(હિંદિયા)*

**મસ્અલા** : જે ઓરતની મહેર નક્કી કરવામાં આવી હતી પણ એકાંતવાસ પહેલાં જ એને તલાક આપવામાં આવી એને એક જોડ કપડાં (જોટો) આપવાં મુસ્તહબ પણ નથી અને જો સંભોગ પછી તલાક આપવામાં આવી તો મહેર મુકર્રર હોય કે ન હોય કપડાં દેવાં મુસ્તહબ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)* ઓરત પોતે પૂરેપૂરી મહેર કે થોડી ઘણી મહેર માફ કરી દે તો માફ થઈ જશે. શર્ત એ કે શોહરે (મહેર આપવાનો) ઈન્કાર કર્યો હોય. જો ઓરત નાબાલિગ છે અને એનો બાપ માફ કરવા ઈચ્છે તો તે માફ કરી શકશે નહીં (બાપને માફ કરવાનો હક્ક નથી) અને જો બાલિગ હોય તો એની રજા પર આધાર રહેશે. *(દુર્રે મુખ્તાર, રદુલ્ મુહ્તાર)*

**ખલ્વતે સહીહા** એને કહેવામાં આવે છે કે પુરૂષ અને સ્ત્રી એક જ મકાનમાં ભેગાં મળે કે જ્યાં અન્ય કોઈ હાજર ન હોય, આ રીતે ભેગાં મળવું હમબિસ્તરીના હુકમમાં આવે છે. એમાં ત્રણ પ્રકારની (રોકનાર વાતો) છે. (૧) હિસ્સી (૨) તબઈ (૩) શરઈ. **હિસ્સી** રુકાવટનો અર્થ એ થશે કે જો મર્દ બિમાર હોય તો ખલ્વતે સહીહા બિલ્કુલ ગણાશે નહીં અને ઓરત બિમાર હોય અને તે એવા પ્રકારની બિમારી હોય કે સંભોગ કરવાથી નુકસાન થવાનો ભય હોય (ખલ્વતે સહીહા ગણાશે નહીં) અને જો એવા પ્રકારની બીમારી ન હોય તો ખલવતે સહીહા ગણાશે. **તબઈ** નો અર્થ એ થશે કે ત્યાં કોઈ ત્રીજુ હાજર છે, ભલે તે સૂતેલું હોય, આંધળુ હોય કે પછી એની બીજી પત્ની હોય. હા ! જો એટલી નાની ઉંમરનું બાળક હોય કે જે બયાન ન કરી શકતું હોય તો એની ગણતરી રુકાવટ પેદા કરવામાં થશે નહીં એટલે ખલ્વતે સહીહા ગણાશે, બાકીમાં નહીં ગણાશે. **શરઈ** નો અર્થ એ થશે જેમ કે ઓરત હૈઝ

યા નિફાસની હાલતમાં છે અથવા બન્નેમાંથી કોઈ એહરામની હાલતમાં છે યા રમઝાનના રોઝાની હાલતમાં છે કે ફર્ઝ નમાઝમાં છે તો ખલ્વતે સહીહા ગણાશે નહીં. *(હિંદીયા, દુર્રે મુખ્તાર, કાજીખાન વગેરે)*

**ખલ્વતે ફાસિદા** : જો બન્ને (પુરૂષ–સ્ત્રી) એક જગ્યાએ એકાંતમાં ભેગાં મળે અને ત્યાં શરઈ, તબઈ કે હિસ્સી પ્રકારની કોઈ રુકાવટ પેદા કરનાર હાજર ન હોય તો તે ખલ્વતે ફાસિદા ગણાશે. *(હિંદીયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : છોકરો નાની ઉંમર એટલે કે સોહબત ન કરી શકે એવો હોય તે પોતાની ઓરત સાથે એકાંતમાં રહ્યો અથવા નાની ઉંમરની છોકરી કે સોહબત કરવા લાયક નથી (નાની ઉંમરની હોય) તેની સાથે તેનો શોહર એકાંતમાં રહ્યો તો આ બન્ને પ્રકારમાં ખિલવતે સહીહા થશે નહીં. *(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : ઔરતની શર્મગાહમાં કોઈ એવી ચીજ પેદા થઈ ગઈ જેના લીધે સંભોગ નથી થઈ શક્તો જેમ કે ગોશ્ત આવી ગયો, યા જામી ગયો, યા હાડકું પેદા થયું યા ગાંઠ નીકળી જેને કારણે સંભોગ કરી શકાય એમ ન હોય તેને ખિલવતે સહીહા ગણી શકાશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો નિકાહ સહીહ હશે અને ખિલવતે સહીહા બાદ ઓરતને તલાક આપવામાં આવી તો પૂરેપૂરી મહેર વાજિબ થશે. જો નિકાહ ફાસિદ હશે તો મહેર આપવી વાજિબ ગણાશે નહીં પરંતુ જો સંભોગ કરવામાં આવ્યો હોય તો મહેર મિષ્લ વાજિબ થશે. *(જૌહરા, હિંદીયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : સહીહ નિકાહમાં જો મહેર મુકર્રર કરવામાં આવી ન હતી તો ખલ્વતે સહીહાથી મહેર મિષ્લ લાગુ થશે. *(જૌહરા, હિંદિયા, વગેરે)*

## ★ ખલ્વતે સહીહાના બીજા કેટલાક હુકમો ★

**(૧)** ખલ્વતે સહીહા બાદ જો તલાક દેવામાં આવી તો ઓરત પર ઈદ્દત વાજિબ છે, બલ્કે ઈદ્દતમાં ભરણ પોષણ તથા રહેવા માટે મકાન આપવું પણ વાજિબ છે, બલ્કે સહીહ નિકાહમાં ઈદ્દત તો મુત્લકન ખલ્વતથી વાજિબ થાય છે, ભલે પછી સહીહા હોય કે ફાસિદા. અલબત્ત, જો નિકાહ ફાસિદ હોય તો સંભોગ કર્યા વગર ઈદ્દત વાજિબ થશે નહીં. **(૨)** ખલ્વતે સહીહા બાદ જો તલાક આપવામાં આવી તો જ્યાં સુધી તે ઈદ્દતમાં છે ત્યાં સુધી એની બહેન સાથે નિકાહ કરી શકાશે નહીં. **(૩)** એ સિવાય નિકાહમાં ચાર ઓરતો નહીં થઈ શકે. **(૪)** જો તે આઝાદ છે તો એની ઈદ્દત દરમિયાન બાંદીથી નિકાહ કરી શકાશે નહીં અને **(૫)** એ ઓરત કે જેની સાથે ખલ્વતે સહીહા થઈ તેને એ સમયે તલાક આપે જે મૌતૂઆના તલાકનો સમય છે અને **(૬)** ઈદ્દત દરમિયાન તેને તલાકે બાઈન આપી શકે છે, પરંતુ તેને ફરીવાર નિકાહમાં લઈ શકાશે નહીં, ન તલાકે રજઈ પછીથી પણ. ફક્ત ખલ્વતે સહીહાથી ફરીવાર નિકાહમાં લાવી શકાશે. **(૭)** એની ઈદ્દતના સમય દરમિયાન શોહર મરી જાય તો (તે સમયમાં) વારિસ થશે નહીં **(૮)** ખલ્વતથી મહેર નક્કી થઈ ચૂકી હતી તો હવે તે રદ થઈ શકશે નહીં, ભલે પછી ઓરત તરફથી જુદાઈ થઈ હોય. *(જૌહરા, હિંદીયા, દુર્રે મુખ્તાર વગેરે)*

જો મર્દ ઓરતમાં મતભેદ પડયો જેમાં મર્દ એમ કહેતો હોય કે ખલ્વતે સહીહા નથી થઈ અને ઔરત એમ કહેતી હોય કે થઈ ગઈ છે તો એવા સંજોગોમાં ઓરતની વાત વિશ્વાસપાત્ર ગણાશે અને જો ખલ્વત થઈ હતી પરંતુ ઔરત મર્દના કાબૂમાં ન આવી હોય, કુંવારી જ રહેવા પામી હોય તો પૂરેપૂરી મહેર વાજિબ થશે અને જો કુવારાં છે તો મહેર લાગુ નહીં પડે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

# મહબ્બતે રસૂલ ﷺનું
## મહત્વ, સબબો, દષ્ટાંતો, નિશાનીઓ

હપ્તો : છેલ્લો

**અઝ** : અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ★ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

### (૮) રસૂલુલ્લાહ ﷺના મહબૂબો સાથે મહોબ્બત

મોહિબ્બની આઠમી નિશાની એ છે કે ઈન્સાન મહબૂબના મહબૂબોની સાથે પણ મહોબ્બત કરે છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺ સાથે મહોબ્બતનો તક઼ાઝો એ છે કે રસૂલુલ્લાહ ﷺના સહાબીઓ તથા અઝવાજે મુતહ્હરાત સાથે પણ મહોબ્બત હોય. ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફલ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

"મારા સહાબાએ કિરામના બારામાં અલ્લાહ તઆલાથી ડરો ! મારા પછી તેમને વાંધાઓનું નિશાન ન બનાવશો. જેણે એમની સાથે મહોબ્બત કરી તેણે મારી મહોબ્બતના કારણે મહોબ્બત કરી, અને જેણે એમની સાથે અદાવત રાખી તેણે મારી સાથે અદાવતના કારણે તેમની સાથે અદાવત રાખી. જેણે એમને તકલીફ પહોંચાડી તેણે મને તકલીફ પહોંચાડી. અને જેણે મને તકલીફ પહોંચાડી તેણે અલ્લાહ તઆલાને તકલીફ આપી (નારાજ કર્યો) અને જેણે અલ્લાહ તઆલાને તકલીફ પહોંચાડી, નજીક છે કે અલ્લાહ તઆલા તેને પકડી લે." આ હદીષ ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૯)*

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ વર્ણવે છે કે તેમણે નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યા અથવા હુઝૂર ﷺએ અન્સારના બારામાં ફર્માવ્યું, એમની સાથે મો'મિન જ મહોબ્બત રાખે છે અને મુનાફિક઼ જ અદાવત રાખે છે. જે એમની સાથે મહોબ્બત કરે, અલ્લાહ તઆલા તેની સાથે મહોબ્બત કરે છે. જે એમની સાથે અદાવત રાખે તે અલ્લાહ તઅલાનો તિરસ્કાર પામેલો છે." આ હદીષ સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૫૩)*

હઝરત અમ્ર બિન આસ رضی اللہ عنہ વર્ણવે છે કે નબી કરીમ ﷺએ એમને જંગે ઝાતુસ્સલાસિલના સરદાર નિયુક્ત કર્યા. ફર્માવે છે, મેં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપને લોકોમાં સૌથી વધુ કોણ પ્રિય છે ? આપે ફર્માવ્યું, આઈશા ! અર્ઝ કરી પુરૂષોમાં ? ફર્માવ્યું, તેણીના પિતા (હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ). આ હદીષ હસન સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૫૧)*

હઝરત મિસ્વર બિન મુખરમા رضی اللہ عنہ વર્ણવે છે કે મેં નબી ﷺને મિમ્બર પર ફર્માવતાં સાંભળ્યા કે બની હિશામ બિન મુગીરાએ મારાથી ઈજાઝત માગી કે તે પોતાની પુત્રી અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہના નિકાહમાં આપે. હું તેમને ઈજાઝત આપતો ન હતો, પણ એ કે અલી ઈબ્ને અબી તાલિબ મારી સાહબઝાદીને તલાક઼ આપીને તેમની પુત્રીથી નિકાહ કરે. ફાતિમા (رضی اللہ عنہا) મારા જિગરનો ટુકડો છે, એની તકલીફ મારી તકલીફ છે, જે ચીજ તેણીને

તકલીફ આપે તે મારા માટે પણ તકલીફદાયક છે.'' આ હદીષ સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૯)*

હઝરત ઝયદ બિન અરકમ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલે અકરમ ﷺએ હઝરત અલી, ફાતિમા, હસન તથા હુસૈન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَને ફર્માવ્યું, જેમની સાથે તમે લડશો હું પણ એની સાથે લડીશ, અને જેની સાથે તમારી સુલહ, એની સાથે મારી સુલહ છે. આ હદીષ ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૫૦)*

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا વર્ણવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મુનાફિકને હઝરત અલી رضی اللہ عنہથી મહોબ્બત નથી હોય શકતી, અને કોઈ મો'મિન આપની સાથે અદાવત નથી રાખતો. આ પ્રકરણમાં હઝરત અલી رضی اللہ عنہથી પણ રિવાયત વર્ણન થયેલ છે. આ હદીષ હસન ગરીબ છે.

*–(જામેઅ તિર્મિઝી, પેજ–૫૩૩)*

હઝરત યઅ્લા બિન મુર્રા رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. અલ્લાહ એની સાથે મહોબ્બત રાખે જે હુસૈનથી મહોબ્બત રાખે છે.'' *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૦)*

ઝયદ બિન અસ્લમથી રિવાયત છે. હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત ઓસામા رضی اللہ عنہનો વઝીફો સાડા ત્રણ હજાર અને (પોતાના પુત્ર) હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہનો વઝીફો ત્રણ હજાર નિશ્ચિત કર્યો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ પોતાના પિતાને પૂછયું, આપે હઝરત ઓસામા رضی اللہ عنہને મારા પર શા માટે ફઝીલત આપી ? તે કોઈ જંગમાં મારાથી આગળ નથી નીકળી ગયા ! હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺને હઝરત ઝયદ, તમારા બાપથી તથા હઝરત ઓસામા તમારા કરતાં અધિક મહબૂબ હતા. જેથી મેં રસૂલુલ્લાહ ﷺના મહબૂબને મારા મહબૂબ પર અગ્રતા આપી છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૪)*

## (૯) રસૂલુલ્લાહ ﷺની નિસ્બતોથી મહોબ્બત

મોહિબ્બની નવમી નિશાની એ છે કે જેને કોઈ શખ્સ સાથે મહોબ્બત હોય તે તેની નિસ્બતો સાથે પણ મહોબ્બત કરે છે. જેથી જેને રસૂલુલ્લાહ ﷺ સાથે મહોબ્બત છે તે કુર્આન મજીદ સાથે પણ મહોબ્બત કરશે, કે આ કલામ આપના ઉપર નાઝિલ થયું છે. તે મક્કા મુકર્રમાથી મહોબ્બત કરશે કે એ આપનું જન્મ સ્થળ છે. તે મદીના મુનવ્વરાથી મહોબ્બત કરશે કે તે આપનુ મસ્કન (રહેઠાણ) છે. તે કા'બાથી મહોબ્બત કરશે કે આપ એનો તવાફ કરતા હતા. તે ગારે હિરાથી મહોબ્બત કરશે કે એમાં આપના પર પ્રથમ વહી નાઝિલ થઈ હતી. તે ગારે ષૌરથી મહોબ્બત કરશે કે હિજરતના મૌકા પર ત્રણ દિવસ આપ એ ગુફામાં આરામ ફર્માવતા રહ્યા. તે ઓહદ પહાડ સાથે મહોબ્બત કરશે, કેમ કે આપે ફર્માવ્યું, ''ઓહદ પહાડ મારાથી મહોબ્બત કરે છે અને હું એનાથી મહોબ્બત કરું છું.'' તે બદરના મેદાનથી મહોબ્બત કરશે, કેમ કે અહીં રસૂલુલ્લાહ ﷺએ ઈસ્લામના દેફઅમાં કાફિરો સાથે પ્રથમ મુકાબલો કર્યો હતો. તે મક્કા તથા મદીનાના કાંકરાઓ સાથે મહોબ્બત કરશે કે તેમને રસૂલુલ્લાહ ﷺના પગનાં તળવાંઓથી નિસ્બત છે. છેવટે અલ્લાહ તઆલાએ અમસ્તુ જ ફર્માવ્યું ન હતું કે :–

لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ ۙ وَاَنْتَ حِلٌّۢ بِهٰذَا الْبَلَدِ ۙ

''હું આ શહેરની કસમ એ કારણે ફર્માવુ છું કે (હે મહબૂબ !) આ શહેરમાં આપ જલ્વા ફર્મા (વસેલા) છો.'' *(સૂ. બલદ, આ. ૧–૨)*

ઈમામ તિર્મિઝી રિવાયત કરે છે, અબૂ તાલૂત કહે છે કે હું હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہની

પાસે ગમો એ હાલતમાં કે તે દૂધી ખાય રહ્યા હતા અને કહી રહ્યા હતા, હે દૂધી ! તારી શું શાન છે ! હું તારાથી કેટલી મહોબ્બત કરું છું ! કેમ કે રસૂલુલલાહ ﷺ તારાથી મહોબ્બત કરતા હતા.'' આ હદીષ ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૭૭)*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણવે છે કે, ''મેં જોયું કે રસૂલુલ્લાહ ﷺ પ્યાલામાં દૂધી શોધી રહ્યા છે. હું તે સમયથી દૂધીથી મહોબ્બત કરું છું. આ હદીષ હસન સહીહ છે.

*–(જામેઅ તિર્મિઝી, પેજ–૨૭૭)*

ઈમામ બુખારી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે. હઝરત આઈશા رضی اللہ عنہا વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ દુઆ ફર્માવી : ''હે અલ્લાહ ! અમને મદીના, મક્કાની જેમ મહબૂબ કરી આપ, બલ્કે એનાથી પણ વધુ.'' *(સહીહ બુખારી, ૧/૨૫૩)*

હઝરત ઉમર رضی اللہ عنہએ દુઆ કરી :–

عَنْ عُمَرَ رَضِیَ اللّٰهُ عَنْهُ قَالَ اَللّٰهُمَّ ارْزُقْنِیْ شَهَادَةً فِیْ سَبِیْلِكَ وَ اجْعَلْ مَوْتِیْ فِیْ بَلَدِ رَسُوْلِكَ صَلَّی اللّٰهُ عَلَیْهِ وَسَلَّمَ ---

''હે અલ્લાહ ! મને તારા માર્ગમાં શહાદત અતા ફર્માવ અને તારા રસૂલ ﷺના શહેરમાં મૌત અતા કર.'' *(સહીહ બુખારી, ૧/૨૫૩)*

## (૧૦) રસૂલુલ્લાહ ﷺના દુશ્મનોથી અદાવત રાખવી

મોહિબ્બની દસમી નિશાની એ છે કે મોહિબ્બ, મહબૂબના દુશ્મનોથી અદાવત ધરાવે છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતનો તકાઝો એ છે કે આપના દુશ્મનોથી દુશ્મની રાખવામાં આવે, અને જેઓ આપના દીનના વિરોધીઓ હોય એમનો વિરોધ કરવામાં આવે અને તેમનાથી મહોબ્બત ન રાખવામાં આવે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

لَا تَجِدُ قَوْمًا یُّؤْمِنُوْنَ بِاللّٰهِ وَ الْیَوْمِ الْاٰخِرِ یُوَآدُّوْنَ مَنْ حَآدَّ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَلَوْ كَانُوْٓا اٰبَآءَهُمْ اَوْ اَبْنَآءَهُمْ اَوْ اِخْوَانَهُمْ اَوْ عَشِیْرَتَهُمْ ----

''હે મહબૂબ ! જે લોકો અલ્લાહ પર, કયામતના દિવસ પર ઈમાન ધરાવે છે, તેઓને આપ અલ્લાહ તથા તેના રસૂલ ﷺ સાથે અદાવત રાખનારાઓ સાથે મહોબ્બત કરનાર પામશો નહીં, ચાહે તે તેમના બાપ હોય કે બેટા ભાઈ કે નજીકના સગાં.''

*–(સૂ. મુજાદિલા, આ. ૨૨)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય ઈબ્ને સલૂલ رضی اللہ عنہએ પોતાના બાપ (અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય)ની સામે એ વખતે તલ્વાર ખેંચી લીધી જ્યારે તેણે રસૂલુલ્લાહ ﷺની શાનમાં એક ગુસ્તાખીપૂર્ણ શબ્દ કહ્યો અને ત્યાં સુધી તલ્વાર મિયાનમાં ન રાખી જ્યાં સુધી તેણે એ બેઅદબીના શબ્દો પરત ન લીધા.

અલ્લામા સૈયદ મુહમ્મદ આલૂસી લખે છે : ગઝવએ બનૂ અબ્દે મુસ્તલકમાં રઈસુલ મુનાફિકીન અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય બિન સલૂલે એક ગુસ્તાખીપૂર્ણ વાક્ય કહ્યું જેનું કુર્આન મજીદમાં વર્ણન છે :–

یَقُوْلُوْنَ لَئِنْ رَّجَعْنَآ اِلَی الْمَدِیْنَةِ لَیُخْرِجَنَّ الْاَعَزُّ مِنْهَا الْاَذَلَّ

''(તે મુનાફિકો) કહે છે કે હવે જો અમે મદીનાની તરફ પરત થઈને ગયા તો જરૂર ત્યાંથી ઈજ્જતવાળો ઝિલ્લતવાળાઓને કાઢી નાખશે.''

વિવિધ સનદોથી રિવાયત છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય બિન સલૂલના પુત્ર હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ رضی اللہ عنہ મુખ્લિસ સહાબી હતા. તેમને જ્યારે આ જાણ થઈ કે અબ્દુલ્લાહ બિન ઉબય (તેમના બાપે) આવા ગુસ્તાખીના શબ્દો કહ્યા છે, તો તેમણે મદીનાની નજીક

પહોંચીને પોતાના બાપ સામે તલ્વાર ખેંચી લીધી અને કહ્યું, ખુદાની કસમ ! હું આ તલ્વારને ત્યાં સુધી મિયાનમાં રાખીશ નહીં, જ્યાં સુધી તમે એવું ન કહેશો કે મુહમ્મદ (ﷺ) ઈજ્જતવાળા છે અને હું બેઈજ્જત (ઝલીલ) છું ! અને જ્યાં સુધી અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયે એવું ન કહ્યું ત્યાં સુધી તેમણે તેને છોડયો નહીં.

અને એક રિવાયતમાં એ છે કે તેમણે પોતાના પિતા અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયને મદીનામાં દાખલ થવાથી રોકી દીધો અને કહ્યું, જ્યાં સુધી તમે રસૂલુલ્લાહ ﷺ પાસે મદીનામાં દાખલ થવાની ઈજાઝત હાંસલ નહીં કરો ત્યાં સુધી હું તમને મદીનામાં જવા દઈશ નહીં. જેથી તમને એ માલૂમ થઈ જાય કે આજે ઈજ્જતવાળો કોણ છે અને ઝિલ્લતવાળો કોણ છે ?! ત્યાં સુધી કે તેણે રસૂલુલ્લાહ ﷺથી ઈજાઝત હાંસલ કરી ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયને તેમણે મદીનામાં પ્રવેશવા દીધો.

ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ તથા તિર્મિઝીએ રિવાયત કરી છે કે જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયે આ બેઅદબીપૂર્ણ શબ્દો કહ્યા તો હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું, યા રસૂલુલ્લાહ ! મને ઈજાઝત આપો, હું આ મુનાફિકની ગરદન ઉડાડી દઉં ! તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, છોડો ! લોકો ક્યાંક એવું ન કહે કે મુહમ્મદ (ﷺ) પોતાના સહાબીઓને કત્લ કરી રહ્યા છે. *(રૂહુલ મઆની, ૨૮/૧૧૫,૧૧૬)*

હાફિઝ અબૂ ઉમર ઈબ્ને અબ્દુલ બર માલિકી લખે છે : ઈમામ ઈબ્ને ઈસ્હાકે પોતાની સનદની સાથે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે કઅબ બિન અશરફ એક યહૂદી વેપારી હતો જે રસૂલુલ્લાહ ﷺને સખત ઈજા પહોંચાડતો હતો અને અરબોને મુસલમાનો વિરૂધ્ધ જંગ માટે ઉશ્કેરતો હતો. જ્યારે તેને કત્લ કરી દેવામાં આવ્યો તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે યહૂદી તમારા લોકોના હાથ લાગે તેને કત્લ કરી દો. તો હઝરત મુહૈસા બિન મસ્ઊદ رضی اللہ عنہએ ઈબ્ને સનિયહ નામના એક વેપારીને કત્લ કરી નાખ્યો. હઝરત મુહૈસાના મોટાભાઈ હરીસા બિન મસ્ઊદ رضی اللہ عنہ એ સમય સુધી ઈમાન લાવ્યા ન હતા. જ્યારે હઝરત મુહૈસા رضی اللہ عنہએ તે વેપારીને કત્લ કરી આપ્યો તો હરીસાને મારવા લાગ્યા અને કહેવા લાગ્યા, હે ખુદાના દુશ્મન ! તેં એને કત્લ કરી નાખ્યો ! ખુદાની કસમ એના માલની ચરબી તો હજી સુધી તારા પેટમાં મૌજૂદ છે ! હઝરત મુહૈસા رضی اللہ عنہએ કહ્યું, ખુદાની કસમ ! જે જાતે મને તેને કત્લ કરવાનો હુકમ કર્યો હતો, એ તો અલગ વાત છે, જો તે મને તમને કત્લ કરવાનો હુકમ આપી દે તો હું તમારી ગરદન પણ શરીરથી અલગ કરી દઉં ! હરીસાએ કહ્યું, શું ખરેખર તે મને કત્લ કરી દેવાનો હુકમ આપે તો તું મને કત્લ કરી આપે ?! મુહૈસા رضی اللہ عنہએ કહ્યું, હા ! ખુદાની કસમ ! જો તે મને તમને કત્લ કરવાનો હુકમ આપી દે તો હું તમને કત્લ કરી દેતો ! હરીસાએ કહ્યું, ખુદાની કસમ ! આ દીન તમારી રગે રગમાં પ્રવેશી ચૂક્યો છે, અને આ ઘણા જ આશ્ચર્યની વાત છે. પછી રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત તથા દીને ઈસ્લામના આ આજ્ઞાપાલનના જઝબાથી પ્રભાવિત થઈને હરીસાએ પણ ઈસ્લામ સ્વીકારી લીધો. (رضی اللہ عنہ)

*—(ઈસ્તીઆબ અલા હામિશિલ અસાબા, ૩/૫૫૦, બૈરૂત)*

મુલ્લા અલી કારી رضی اللہ عنہ લખે છે : જંગે બદરમાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ પોતાના બાપને કત્લ કરી નાખ્યો. હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہએ પોતાના ભાઈને કત્લ કરી નાખ્યો, અને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ પોતાના મામા આસને કત્લ કરી દીધા. હઝરત અલી رضی اللہ عنہએ પોતાના કેટલાયે સગાઓને કત્લ કરી દીધા. અને હઝરત અબૂ બક્ર رضی اللہ عنہએ પોતાના પુત્રને જંગમાં લડવા લલકાર્યા.

*—(શરહે શિફા, ૩/૩૬૮, બૈરૂત)*

## રસૂલુલ્લાહ ﷺની મોહબ્બતની નિશાનીઓ વિશે અંતિમ વાત

કાઝી અયાઝ માલિકી લખે છે : સહલ બિન અબ્દુલ્લાહે કહ્યું છે કે અલ્લાહથી મહોબ્બતની નિશાની કુર્આનથી મહોબ્બત કરવું છે, અને કુર્આન મજીદથી મહોબ્બતની નિશાની નબીએ મોઅઝ્ઝમ ﷺથી મહોબ્બત કરવું છે, અને નબીએ મુકર્રમ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે આપની સુન્નતોથી મહોબ્બત કરવું છે, અને સુન્નતથી મહોબ્બતની નિશાની આખેરતથી મહોબ્બત કરવું છે. અને આખેરતથી મહોબ્બતની નિશાની દુનિયાથી અદાવત રાખવું છે, અને દુનિયાથી અદાવતની નિશાની એ છે કે જરૂરતથી વિશેષ દુનિયાના માલનો ઝખીરો ન કરવામાં આવે. અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما કહ્યું, જે શખ્સ કુર્આન મજીદથી મહોબ્બત રાખે છે તે અલ્લાહ તથા તેના રસૂલથી મહોબ્બત રાખે છે.

નબી કરીમ ﷺથી મહોબ્બતની નિશાનીઓમાંથી એ પણ છે કે આપની ઉમ્મત પર પ્રેમભાવ રાખવામાં આવે, તેનુ ભલુ ચાહવામાં આવે અને તેની ભલાઈના માટે કોશિશ કરવામાં આવે, જે રીતે નબી કરીમ ﷺ પોતાની ઉમ્મત પર પ્રેમભાવ તથા મહેરબાની કરતા હતા. તેમજ આપની મહોબ્બતની નિશાનીઓમાંથી એ પણ છે કે દુનિયાથી નિઃઆકર્ષણ રાખવામાં આવે અને આખેરતને અગ્રતા આપવામાં આવે, અને માલ તથા દૌલતના મુકાબલામાં ગરીબીને ઈખ્તિયાર કરવામાં આવે. જેવી રીતે નબી અકરમ ﷺની પાસે પહાડોનો ફરિશ્તો આવ્યો અને કહ્યું, જો આપ ચાહો તો અલ્લાહ તઆલા આપના માટે સોનાના પહાડ બનાવી દે, તો આપે ઈન્કાર કરી આપ્યો. એક અન્ય હદીષમાં છે કે આપને એ પેશકશ કરવામાં આવી કે મક્કાની વાદીને સોનાની બનાવી દેવામાં આવે. તો આપે ફર્માવ્યું, નહીં! હે રબ ! હું એક દિવસ ધરાઈને ખાઈશ અને એક દિવસ ભૂખ્યો રહીશ. જ્યારે હું ભૂખ્યો હોઈશ તો તારાથી ફરિયાદ કરીશ અને જ્યારે ધરાઈને ખાઈશ તો તારો શુક્ર અદા કરીશ. *(શરહે શિફા અલી કારી)*

રસૂલુલ્લાહ ﷺએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہને ફર્માવ્યું, તમારામાંથી જે શખ્સ મારાથી મહોબ્બત કરશે તેની તરફ ફક્ર (ગરીબી) એવી ઝડપભેર આવશે જેટલી ઝડપથી વાદીની ઉપરની તરફથી પાણી નીચે ઉતરે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ વર્ણવે છે કે એક શખ્સે નબી કરીમ ﷺને કહ્યું, હું આપનાથી મહોબ્બત કરું છું. આપે ફર્માવ્યું, વિચારો ! તમે શું કહી રહ્યા છો ?! તેણે ત્રણવાર કહ્યું, હું આપની સાથે મહોબ્બત કરું છું. આપે ફર્માવ્યું, તો પછી ફક્ર (ગરીબી)ની તૈયારી કરી લો. *(શિફા, ૨/૨૩)*

و صلی اللہ تعالٰی علی خیر خلقہ محمد و آلہ و اصحابہ اجمعین

برحمتك یا ارحم الراحمین

*[બહવાલા : માહનામા નૂરુલ હબીબ, બશીરપુર (પાક.), ડિસે. ૨૦૧૭ થી ફેબ્રુ. ૨૦૧૭]*

**આલિમ બનાવનાર કિતાબ મંગાવો !**

**બહારે શરીઅત (ભાગ : ૧) ૧ થી ૫ હિસ્સા**

**બહારે શરીઅત (ભાગ : ૨) ૬ થી ૧૦ હિસ્સા**

જેમાં અકીદા, વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, તલાક વિશે, કસમ, મન્નત, ઝિના, શરાબ, તોહમત, ખૂન, ચોરી, જેહાદ, મુર્તદ.... વગેરે વિશે કુર્આન, હદીષની રૂએ મસાઈલનો ખજાનો (વાંચો–વંચાવો)

**બંને ભાગના રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ રૂા. ૫૦/–)

સંપર્ક કરો : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
મુા.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪ ૪૧૧

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::

હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી
અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## રમઝાનના રોઝા ન રાખવાનો ભયાનક અંજામ

હઝરત સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે તાજદારે રિસાલત ﷺનું આલીશાન ફર્માન છે કે જેણે સહીહ મજબૂરી તથા બીમારી વિના રમઝાન મુબારકમાં એક રોઝો પણ જાણીબુઝીને છોડયો તો તેને નવ લાખ વરસ દોઝખની આગમાં સળગાવવામાં આવશે. *(તઝકેરતુલ વાએઝીન)*

તેમજ **જેણે એક રોઝો વેડફી નાખ્યો (છોડી દીધો) તો હવે જીવનભર રોઝા રાખતો રહે તો પણ એ છૂટેલા રોઝાની ફઝીલત નથી પામી શક્તો**. જેથી આપણે કદાપિ કદાપિ ગફલતનો શિકાર બનીને રોઝા જેવી અઝીમુશશાન નેઅમત છોડવી જોઈએ નહીં. અમુક ઈસ્લામી ભાઈ તથા બહેનો રોઝો રાખીને કોઈ યોગ્ય મજબૂરી વિના અમુક વખત તોડી નાખે છે તેઓ નીચેની હદીષ વારંવાર પઢે અને અલ્લાહ عزوجلના કહેર તથા ગઝબથી ખૂબ ડરે !

હઝરત સૈયદના અબૂ અમામા બાહિલી رضی اللہ عنہ ફર્માવે છે કે મેં સરકારે મદીના علیہ الصلوٰۃ والسلامને એવું ફર્માવતાં સાંભળ્યા કે હું સૂતેલો હતો તો ખ્વાબમાં બે શખ્સ મારી પાસે આવ્યા અને મને એક મુશ્કેલીવાળા પહાડ પર લઈ ગયા. જયારે હું પહાડના મધ્યના હિસ્સે પહોંચ્યો તો ત્યાં ઘણા સખત અવાજો આવી રહ્યા હતા. તો મેં કહ્યું કે આ કેવા અવાજો છે ? તો મને બતાવવામાં આવ્યું, આ જહન્નમીઓના અવાજો છે. પછી મને અધિક આગળ લઈ જવામાં આવ્યો તો હું કેટલાક એવા લોકો નજીકથી પસાર થયો કે તેમને તેમની ઘૂંટીની રગોમાં બાંધીને (ઊંધા) લટકાવાયેલા હતા અને તેમનાં ગાલફોળાં ફાડી નાખવામાં આવ્યાં હતાં અને તેમના ગાલફોળાંએથી લોહી વહી રહ્યું હતું. તો મેં પૂછયું કે આ કોણ લોકો છે ? તો મને બતાવવામાં આવ્યું કે આ લોકો રોઝા ઈફતાર કરતા હતા એ પહેલાં કે રોઝો ઈફતાર કરવું હલાલ હોય. *(ફયઝાને સુન્નત)*

પ્યારા દીની ભાઈઓ બહેનો ! રોઝો મુદ્દલે જ ન રાખવો કબીરા ગુનોહ, અને રાખીને તોડી નાખવો પણ સખત ગુનોહ છે. સમયથી પહેલાં ઈફતાર કરવાથી મુરાદ એ જ છે કે રોઝો તો રાખી લીધો પણ સૂર્યાસ્ત પહેલાં પહેલાં જાણીજોઈને કોઈ સહીહ મજબૂરી વિના તોડી નાખ્યો.

**અને જે બદ્નસીબ રોઝો રાખવા છતાં તાશ, શતરંજ, વીડિયો ગેમ્સ, (કેરમ), ફિલ્મી ડ્રામાઓ, ગાવા વગાડવા, ગાળી ગલોચ વગેરે વગેરે નાજાઈઝ તથા હરામ** કામોમાં દિવસ રાત લાગેલા રહે છે, એટલે રોઝાદાર જયારે રમઝાન શરીફના મુબારક મહિનામાં હલાલ તથા પવિત્ર ખાવા પીવા છોડી દે છે તો પછી તે જૂઠ, ચુગલી, ગાલી ગલોચ વગેરે કામ ન છોડે અને તેને દસ્તૂર પ્રમાણે ચાલુ રાખે તો તે કયા પ્રકારનો રોઝાદાર છે ?!

યાદ રાખો, સરકારે મદીના علیہ الصلوٰۃ والسلامનું ફર્માને આલીશાન છે, "જે બુરી વાત કહેવું અને

એના પર અમલ કરવું ન છોડે તો તેના ભૂખ્યા તરસ્યા રહેવાની અલ્લાહ ﷻને કોઈ હાજત નથી. *(બુખારી શરીફ)*

એક અન્ય સ્થળે ફર્માવ્યું, "કેવળ ખાવા પીવાથી દૂર રહેવાનું નામ રોઝો નથી, બલ્કે રોઝો તો એ છે કે નિરર્થક તથા બહેદૂા વાતોથી બચવામાં આવે." *(હાકિમ)*

મતલબ એ છે કે રોઝાદારે જોઈએ કે તે રોઝામાં જેવી રીતે ખાવા પીવા છોડી આપે છે તેવી જ રીતે જૂઠ, પ્રપંચ, બદ્ઝમાની, લડાઈ, ઝઘડો વગેરે ગુનાહ પણ છોડી આપે. એક સ્થળે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "તમારી સાથે જો કોઈ લડાઈ કરે, ગાળો આપે તો તમે તેને કહી આપો કે હું રોઝાથી છું."

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આજકાલ તો મામલો ઉલ્ટો જોવા મળે છે, બલ્કે હવે તો પરિસ્થિતિ એવી થઈ ગઈ છે કે કોઈ કોઈનાથી લડી પણ પડે છે તો ગરજીને આવું કહે છે, "ચૂપ થઈ જા ! નહીં તો યાદ રાખજે હું રોઝાથી છું અને તારાથી જ રોઝો ખોલીશ !" એટલે કે તને ખાય જઈશ ! (મઆઝલ્લાહ !) તૌબા ! તૌબા ! આ પ્રકારની વાત કદાપિ જીભથી ન નીકળવી જોઈએ, બલ્કે આજીજી પ્રદર્શિત કરવી જોઈએ. આહ ! ક઼યામતના હોશ ઉડાવી દેનારા મન્ઝરને યાદ કરો, જ્યારે દરેક બાજુએ "નફ્સી નફ્સી"નો આલમ હશે, સૂરજ આગ વરસાવી રહ્યો હશે, જીભો તરસની સખ્તીના કારણે મોંથી બહાર લટકી રહી હશે, પત્ની પતિથી, મા પોતાના જિગરના ટુકડાથી અને બાપ પોતાના નૂરે નઝરથી પોતાને બચાવી રહ્યો હશે, મુજરિમોને પકડી પકડીને લાવવામાં આવી રહ્યા હશે અને તેમનાં અંગો તેમના ગુનાહોની દાસ્તાન સંભળાવી રહ્યાં હશે, તો એવા સમયે અઝાબોથી બચવા માટે શું આપણે સર્વ ગુનાહોથી તોબા ન કરી લેવી જોઈએ ?!

## ઝકાત ન આપનારાઓનો અંજામ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે શખ્સને અલ્લાહ તઆલાએ માલ આપ્યો હોય અને તે એની ઝકાત અદા ન કરે તો ક઼યામતના દિવસે તે માલ એક ગંજા (બોડા) સાપના સ્વરૂપમાં બનાવી દેવામાં આવશે જેના માથામાં ઝહેરની બે થેલીઓ હશે. તે સાપ તેના ગળામાં તોક઼ બનાવીને રાખી દેવામાં આવશે તો તે તેનાં ગાલફોળાં કરડી કરડીને ખાશે અને કહેશે, હું તારો માલ છું ! હું તારો ખજાનો છું ! *(બુખારી શરીફ)*

મુસ્લિમ શરીફની એક રિવાયતના પ્રમાણે જે શખ્સ સોના ચાંદીનો માલિક હોય અને તે એની ઝકાત અદા નથી કરતો તો જ્યારે ક઼યામતનો દિવસ થશે તો તેના માટે તે આગનાં પતરાં બનાવવામાં આવશે અને પછી એના પર દોઝખની આગ ભડકાવવામાં આવશે અને એના વડે તે ઝકાત ન આપનારાનાં પાસાં, પેશાની તથા પીઠને ડામ દેવામાં આવશે. જ્યારે તે ઠંડાં થવા લાગશે પછી એવાં જ ગરમ કરી દેવામાં આવશે. અને આ અઝાબનો મામલો તે દિવસનો છે જે પચાસ હજાર વરસ લાંબો છે, ત્યાં સુધી કે સર્વ બંદાઓ વચ્ચે ફેંસલો થઈ જશે. હવે તે ઝકાતને ન અદા કરનારો પોતાનો માર્ગ પકડશે જન્નતનો કે દોઝખનો !

મેઅરાજની રાત્રે સરવરે કાઈનાત ﷺએ લોકોની એક જમાઅતને જોયી કે તેમના આગળ પાછળના સ્થાને ચિથરાં લટકી રહેલ છે અને તેઓ ઊંટો તથા જાનવરોની જેમ કાંટાળાં ઝાડ ચરી રહ્યાં છે, અને જહન્નમના પથ્થર તથા અંગારા ખાઈ રહ્યા છે. હુઝૂરે ફર્માવ્યું, મારા પૂછવા પર જિબ્રઈલ علیہ السلامએ જવાબ આપ્યો, આ પોતાના માલની ઝકાત ન આપનારા લોકો છે. *(ઈબ્ને કષીર)*

હવે તમારામાં બુધ્ધિ હોય અને દિમાગ હાજર હોય તો વિચારો કે ઝકાત ન અદા કરનારા આવા અનેક અઝાબો વેઠી રહ્યા હશે તો આપ તેમનામાંથી બનવા ન ઈચ્છતા હોવ તો તૌબા કરો અને પાછલી સર્વ ઝકાત બાકીના વરસોની ગણીને આજે જ અદા કરી આપો.

## લાંચ તથા વ્યાજ ખાવાનો અંજામ

તાજદારે મદીના علیہ الصلوٰۃ والسلام એ લાંચ આપનાર તથા લાંચ લેનાર અને એ બંનેવ વચ્ચે દલાલી કરનાર પર લઅનત કરી છે. *(કન્ઝુલ ઉમ્માલ)*

અમીરુલ મો'મિનીન હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ થી રિવાયત થયેલ છે કે હરામના બે દરવાજા એવા છે કે લોકોએ એ બંનેવ દરવાજેથી ખાય છે, એક લાંચ અને બીજી ઝાનિયાની કમાણી. *(કન્ઝુલ ઉમ્માલ)*

યાદ રાખશો ! હદીષે મુબારકમાં ઈર્શાદ છે, "તે ગોશ્ત જન્નતમાં જશે નહીં જે હરામ ખોરાકથી બનેલો છે, અને તે ગોશ્ત જે હરામ ખોરાકથી બન્યો હોય તે જહન્નમનો હક્કદાર છે." *(મિશ્કાત)*

હઝરત સૈયદના જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "વ્યાજ ખાનારા, ખવડાવનારા, અને વ્યાજ લેનારા અને વ્યાજના બંનેવ ગવાહો પર લઅનત ફર્માવી છે. અને એવું ફર્માવ્યું કે આ સૌ ગુનાહમાં સરખા છે." *(મિશ્કાત શરીફ)*

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, "જેણે વ્યાજનો માલ ખાધો, અલ્લાહ ﷻ એના પેટને જેટલો માલ ખાધો એટલુ આગથી ભરી આપશે. ભલે માલ મહેનત કરીને ખાધો હોય અને અલ્લાહ તઆલા એના અમલને કબૂલ નહીં ફર્માવે અને તે હમેશાં ખુદા ﷻ ની નારાઝગીમાં છે જ્યાં સુધી કે તેની પાસે એક રજકણ પણ વ્યાજનું બાકી છે." *(કુર્તુલ ઓયૂન)*

તિબ્રાની શરીફની હદીષ છે કે વ્યાજનો એક દિરહમ જે માણસ ખાય જેને તે જાણે છે (કે આ વ્યાજનો છે) તો એ છત્રીસવાર ઝિનાથી પણ સખત છે.

હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ નું ફર્માન છે : વ્યાજના બોત્તેર ગુનાહો છે, સૌથી બદ્તર ગુનોહ એ છે કે કોઈ ઈસ્લામની હાલતમાં પોતાની મા સાથે બદ્કારી કરે. *(મુકાશફતુલ કુલૂબ)*

સરકારે મદીના علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે, "મેઅરાજ"ની રાતે જ્યારે અમે સાતમા આસ્માને પહોંચ્યા. મેં ઉપર જોયું તો ગર્જ, વીજળીઓ તથા સખત આંધીઓ હતી. પછી ફર્માવ્યું, અમે એ કૌમની પાસે આવ્યા જેમના પેટો ઓરડાઓ જેવાં મોટાં મોટાં હતાં, તેમાં સાપ વિછીઓ હતા જે એમનાં પેટોમાં બહારથી જોવામાં આવતા હતા. મેં જિબ્રઈલ علیہ السلام ને પૂછયું, આ કોણ લોકો છે ? તેમણે બતાવ્યું કે **આ વ્યાજખોર લોકો** છે.

## મુડદુ ઉઠીને બેઠુ થઈ ગયું !

જૌહરાબાદ (ટન્ડુ આદમ)ના એક કપડાના વેપારીની ખૌફનાક દાસ્તાન પઢો અને કાંપી ઉઠો !

વર્તમાનપત્રોના સમાચારો પ્રમાણે કબ્રસ્તાનમાં એક જનાઝો લાવવામાં આવ્યો. ઈમામ સાહબે જેવી નમાઝે જનાઝાની નિય્યત બાંધી. મુડદુ ઉઠીને બેઠુ થઈ ગયું. લોકોમાં ભાગદોડ મચી ગઈ. ઈમામ સાહબે પણ નિય્યત તોડી નાખી અને કેટલાક લોકોની મદદથી તેને ફરી સૂવાડી દીધું. ત્રણવાર મુડદુ ઉઠીને બેઠુ થઈ ગયું. ઈમામ સાહબે મર્હૂમના સગાંઓને પૂછયું, શું મરનાર વ્યાજખોર હતું ? તેમણે જવાબ આપ્યો કે, હા ! એના પર ઈમામ સાહબે નમાઝે જનાઝા પઢાવવાથી ઈન્કાર કરી આપ્યો. લોકોએ જ્યારે લાશ કબ્રમાં રાખી તો કબ્ર જમીનની અંદર ધસી. એના પર લોકોએ લાશને માટી વગેરેથી દબાવીને ફાતિહા વિના જ ઘરે ચાલતી પકડી.

# તઝકેરતુલ અવલિયા

## ખ્વાજા ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ (હપ્તો : ૦૬)

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

તો મેં કહ્યું કે સંભાળીને પગ રાખો ક્યાંક ગબડી ન પડો. એણે જવાબ આપ્યો કે આપ આપના કદમ મજબૂત રાખો ! કેમ કે જો હું પડી ગયો તો એકલો પડીશ, પરંતુ તમારી સાથે પૂરી કૌમ ગબડી પડશે. જેથી એના કૌલથી હું આજ સુધી પ્રભાવિત છું.

પછી ફર્માવ્યું કે એકવાર એક છોકરો ચિરાગ લઈને ચાલી રહ્યો હતો, તો મેં પૂછયું, રોશની ક્યાંથી લઈને આવ્યો છે ? એણે ચિરાગ ઓલવી નાખતાં કહ્યું કે પહેલાં આપ બતાવો રોશની અદ્રશ્ય ક્યાં થઈ ગઈ ?! ત્યારબાદ હું આપના સવાલનો જવાબ આપીશ કે રોશની ક્યાંથી આવી.

પછી ફર્માવ્યું કે એકવાર એક ખૂબસૂરત સ્ત્રી મોં ખોલીને ઉઘાડા માથે ગુસ્સાની હાલતમાં મારી પાસે આવી અને પોતાના પતિની ફરિયાદ કરવા લાગી. મેં કહ્યું કે પહેલાં તમે તમારું હાથ મોં તો ઢાંકી લો ! પરંતુ તેણીએ જવાબ આપ્યો કે પતિના ઈશ્કમાં મારી બુધ્ધિ ખોવાઈ ગઈ છે અને જો આપ જાણ ન કરત તો હું આવી જ હાલતમાં બજાર ચાલી જાત અને મને જરાય મેહસૂસ ન થાત ! પરંતુ એ અજબની વાત છે કે આપને ઈશ્કે ઈલાહીનો દાવો પણ છે અને એની જ રોશનીમાં આપ સૌને જુઓ છો, તેમ છતાં પણ આપ આપના હોશો હવાસમાં કાયમ છો ! નકલ થયેલ છે કે એકવાર આપ વઅઝના મિમ્બરથી ઉતર્યા તો અમુક લોકોને રોકીને ફર્માવ્યું, હું તમારા પર તવજ્જોહ નાખવા ચાહું છું. પરંતુ એમાં એક શખ્સ હતો જે આપની જમાઅતથી સંબંધિત હતો તેને હુકમ આપ્યો કે તમે ચાલ્યા જાવ !

**હકીકતની જાહેરાત** : એકવાર પોતાના સાથીઓને ફર્માવ્યું કે તમે હુઝૂરે અકરમ ﷺના સહાબાની જેમ છો ! આ સાંભળીને સર્વ લોકો ઘણા જ ખુશ થયા. તો આપે ફર્માવ્યું કે મારો મકસદ એ હરગિઝ નથી કે તમે પોતાના અમલો તથા ખાસિયતોમાં એમના જેવા છો, બલ્કે તમારામાં એમની સાથે કાંઈક મળતાપણુ જોવા મળે છે, કેમ કે સહાબાની તો એ કૈફિયત હતી કે તમે એમને જોઈને દીવાના ખયાલ કરવા લાગો, અને જો તેઓ તમારી હાલત જોતા તો તમને હરગિઝ મુસલમાન ન સમજતા. તેઓ તો વીજળીની તેજીવાળા ઘોડાઓ પર આગળ ચાલ્યા ગયા અને આપણે એવા ઘાયલ પામેલા ખચ્ચરો પર પાછળ રહી ગયા જેઓ ઝખ્મી કમરના કારણે ચાલવા માટે પણ શક્તિમાન નથી !

**સબ્રનો ભાવાર્થ** : કોઈ ગામડાવાસીએ જ્યારે આપને સબ્રનો ભાવાર્થ પૂછયો તો ફર્માવ્યું કે સબ્રના બે પ્રકાર છે : પ્રથમ બલા તથા મુસીબત પર સબ્ર કરવી, બીજુ એ ચીજોથી બચવું જેનાથી બચવાનો અલ્લાહે હુકમ આપ્યો છે. ગામડાવાસીએ અર્ઝ કરી કે આપ તો ઘણા જ મોટા ઝાહિદ છો. ફર્માવ્યું કે મારો ઝુહદ તો આખેરતના આકર્ષણના કારણે છે અને એનું નામ બેસબ્રી (ગભરાહટ) છે. અને મારો તકવો કેવળ આખેરતની લાલચમાં મારો હિસ્સો તલબ કરવાના લીધે છે, નહીં કે શરીર તથા જાનની સલામતી માટે છે. અને સાબિર તે છે જે પોતાના હિસ્સા પર રાજી રહેતાં આખેરતની તલબ ન કરે બલ્કે એનો સબ્ર કેવળ અલ્લાહની જાતના માટે હોય, કેમ કે ઈખ્લાસની નિશાની એ જ છે.

**આપના આદેશો** : ફર્માવ્યું કે ઈન્સાનના માટે જરૂરી છે કે તે નફાકારક ઈલ્મ, અકમલ (કામિલ) ઈલ્મ, ઈખ્લાસ, તથા કનાઅત (જે મળે તેમાં રાજી) તથા સબ્રે જમીલ હાંસલ કરતો રહે. અને જ્યારે આ ચીજો હાંસલ થઈ જાય તો તેના ઉખરવી (આખેરતના) મર્તબાઓનો અંદાજો નથી કરી શકાતો.

**ઘેટાં બકરાં માણસો કરતાં અધિક બાખબર હોય છે, કેમ કે ચરાવનારની એક હાંક પર ચરવાનુ છોડી આપે છે ! અને ઈન્સાન પોતાની ખ્વાહિશોના ખાતર અલ્લાહના હુકમોની પણ પરવા નથી કરતો !**

★ બુરી સોહબત માણસને નેક લોકોથી દૂર કરી આપે છે.

★ જો મને કોઈ શરાબનોશી માટે તલબ કરે તો હું દુનિયા તલબ કરવા કરતાં ત્યાં જવાને બેહતર સમજુ છું.

★ મઅરેફત એ દુશ્મની તથા પૂર્વગ્રહને ત્યજી દેવાનું નામ છે, કેમ કે જન્નત કેવળ અમલથી નહીં, બલ્કે ખુલૂસ નિય્યતથી હાંસલ થાય છે. અને જ્યારે જન્નતવાસીઓ જન્નતનો મુશાહેદો (અનુભવ) કરશે તો સાતસો વરસો સુધી મહવિયતનો (દીવાનગી જેવો) આલમ છવાય જશે, કેમ કે અલ્લાહના જમાલનો મુશાહેદો કરીને વહદતમાં ગર્ક થઈ જશે. અને અલ્લાહના જલાલની હયબત (પ્રભાવ) છવાય જશે.

★ ફિક્ર (ચિંતન) એક એવો આઈનો છે જેમાં નેક તથા બદનો મુશાહેદો કરી શકાય છે.

★ જે કૌલ મસ્લેહત આમેઝ ન હોય એમાં બુરાઈ છુપી હોય છે અને જે ખામોશી ચિંતનથી ખાલી હોય તેને ખેલકૂદ તથા ગફલતથી સરખાવી શકાય છે.

★ તૌરાતમાં છે કે કાનેઅ (થોડામાં રાજી રહેનાર) મખ્લૂકથી બેનિયાઝ (બેપરવા) થઈ જાય છે અને જેણે ગોશાનશીની અપનાવી લીધી તે સલામત રહ્યો અને જેણે મનેચ્છાઓને ત્યજી દીધી તે આઝાદ થઈ ગયો. જે હસદથી બચ્યો તેણે મહોબ્બત મેળવી લીધી. જેણે સબ્ર તથા સુકૂનની સાથે જિંદગી પસાર કરી દીધી તે સરબુલંદ રહ્યો.

★ તક્વાના ત્રણ દરજા છે : ૧. ગુસ્સા તથા જલાલની હાલતમાં સાચી વાત કહેવી. ૨. તે ચીજોથી દૂર રહેવું જેનાથી બચવાનો અલ્લાહે હુકમ આપ્યો છે ૩. અલ્લાહના હુકમો પર અલ્લાહની રઝામાં રાજી રહેવું. અને **થોડો તક્વો પણ એક હજાર વરસની નમાઝો રોઝાઓથી અફઝલ છે,** કેમ કે અમલોમાં સૌથી બેહતર અમન ફિક્ર તથા તક્વો છે.

★ જો મારી અંદર નિફાક ન હોત તો હું દુનિયા દરેક ચીજથી બચતો. અને નિફાક નામ છે જાહેર તથા બાતિન (અંતર)માં ખુલૂસ (નિઃસ્વાર્થ) નિય્યતની ઉણપનું. કેમ કે જેટલા પ્રમાણમાં મો'મિન થઈ ગયા એમનામાં દરેક વ્યક્તિને પોતાનામાં નિફાકનો ખતરો રહે છે. અને મો'મિનની વ્યાખ્યા (ઓળખ) એ છે કે હલીમ (સહનશીલ) હોય અને એકાંતમાં ઈબાદત કરતો રહે.

★ ત્રણ વ્યક્તિઓની ગીબત દુરુસ્ત છે :– ૧. લાલચીની ૨. ફાસિકની ૩. જાલિમ બાદશાહની. અને ગીબતનો કફ્ફારો જો કે કેવળ ઈસ્તિગફાર જ છે પરંતું જેની ગીબત કરી છે તેનાથી માફી પણ માગે.

★ ઈન્સાનને એવા મકાનમાં મોકલવામાં આવ્યો છે જ્યાંના સર્વ હલાલ તથા હરામની પકડ કરવામાં આવશે.

★ દરેક વ્યક્તિ દુનિયાથી ત્રણ તમન્નાઓ લઈને ચાલ્યો જાય છે : ૧. જમા કરવાની લાલચ. ૨. જે કાંઈ હાંસલ કરવા ચાહ્યું તે હાંસલ ન થઈ

શકયું. ૩. આખેરતનું ભાથુ જમા ન કરી શકયો. કોઈએ અર્ઝ કરી કે ફલાણા વ્યક્તિ પર નઝઅ (સકરાત) છવાયેલી છે, તો ફર્માવ્યું કે જે સમયથી દુનિયામાં આવ્યો એ સમયથી આજ સુધી નઝઅના જ આલમમાં છે.

★ બેઈજ્જત લોકો છૂટી ગયા અને ભારી ભરકમ (પ્રભાવવાળા) હલાક થયા. કેમ કે જેઓ દુનિયાને પ્રિય નથી ગણતા નજાત તેમનો જ હિસ્સો છે. અને દુનિયાના ગુલામ (લાલચી) પોતે પોતાને હલાકતમાં નાખી દે છે, અને જેઓ દુનિયાની નેઅમત પર નાઝ નથી કરતા મગફેરત તેમનો હિસ્સો છે. કેમ કે ડાહ્યો પુરૂષ તે જ છે જે દુનિયાને અલવિદા કહીને આખેરતની ફિક્રમાં લાગેલો રહે. અને ખુદાને ઓળખનારા લોકો દુનિયાને પોતાનો દુશ્મન સમજે છે, જ્યારે કે દુનિયાને ઓળખનારા ખુદાને પોતાનો દુશ્મન સમજે છે.

★ નફસથી વધુ દુનિયામાં કોઈ ચીજ સરકશ (નાફર્માન) નથી. અને જો તમે એવું જોવા ચાહો છો કે તમારા પછી દુનિયાની શું હાલત થશે, તો એ જોઈ લો કે અન્ય લોકો ગયા પછી શું હાલત રહી.

★ કેટલા પ્રમાણમાં આશ્ચર્યની વાત છે કે કેવળ દુનિયાની મહોબ્બતમાં મૂર્તિઓ સુદ્ધાંને પૂજવામાં આવે છે !

★ તમારાથી પહેલાં આસ્માની કિતાબોની એટલી વક઼અત (મૂલ્ય) હતી કે લોકો પોતાની રાતો એના ભાવાર્થો પર ચિંતન મનન કરવામાં પસાર કરી દેતા અને દિવસમાં તેના પર અમલ ચાલુ કરી દેતા હતા. પરંતું તમે તમારી કિતાબ પર ઝેરોઝબર તો લગાડયા પણ અમલ ત્યજીને દુનિયાની મોજ મજામાં સપડાય ગયા.

★ જે શખ્સ સોના ચાંદીથી મહોબ્બત કરે છે ખુદા તઆલા તેને રુસ્વાઈ (બેઈજ્જતી) અતા કરે છે અને જેના અનુયાયીઓ બેવકૂફ લોકો હોય તેની દિલી હાલત દુરુસ્ત નથી. અને જે ચીજની તમે અન્યોને નસીહત કરો છો પ્રથમ ખુદ તેના પર અમલ કર્તા થઈ જાવ.

★ જે શખ્સ તમને અન્યોના અયબો વર્ણવે છે તે યક઼ીનન ! અન્યો પાસે તમારી બુરાઈ પણ કરતો હશે.

★ દીનીભાઈ આપણને આપણા બીવી બચ્ચાં (ઘરવાળાં) કરતાં પણ વધુ અઝીઝ છે કેમ કે તેઓ દીની મામલાઓમાં આપણા મદદગાર હોય છે.

★ દોસ્તો તથા મહેમાનો પર કરવામાં આવેલ ખર્ચનો હિસાબ અલ્લાહ તઆલા નથીલેતો, પરંતું જે પોતાનાં માબાપ પર ખર્ચ કરવામાં આવે તેનો હિસાબ થશે. અને જે નમાઝમાં દિલ ન જામે તે અઝાબનો સબબ બની જાય છે. કોઈ શખ્સે જ્યારે આપને ખુશૂઅ (દિલી તલ્લીનતા)નો ભાવાર્થ પૂછયો તો ફર્માવ્યું કે માણસના દિલી ડરનું નામ ખુશૂઅ છે. કોઈકે આપને અર્ઝ કરી કે ફલાણો શખ્સ વીસ વરસથી ન તો સ્ત્રીની નજીક ગયો છે અને ને કોઈની સાથે મુલાક઼ાત કરે છે અને ન બાજમાઅત નમાઝ પઢે છે. જેથી જ્યારે આપ એની સાથે મુલાકાત કરવાના હેતુથી પહોંચ્યા તો તેણે માફી ચાહતાં પોતાની મશગૂલિયતને વર્ણવી. આપે પૂછયું કે છેવટે કઈ ચીજમાં મશગૂલ રહો છો ? તેણે કહ્યું, મારો ન કોઈ શ્વાસ એવો નથી જેમાં મને કોઈ નેઅમત હાંસલ ન થતી હોય, અને મારાથી કોઈ ગુનોહ ન થતો હોય. આપે ફર્માવ્યું કે તારી મશગૂલિયત મારા કરતાં બેહતર છે. કોઈએ પૂછયું કે શું તમને કદી કોઈ ખુશી હાંસલ થઈ છે ? ફર્માવ્યું કે એકવાર હું મારા ઈબાદત ખાનાની છત પર ઉભો

હતો અને પડોશીની પત્ની તેના પતિને કહી રહી હતી કે શાદી પછીથી પચાસ વરસો સુધી તારી સાથે સબ્ર તથા સુકૂનની સાથે નિભાવ કર્યો અને તારાથી કદી કોઈ એવી ચીજ માગી નથી જેના માટે તું સમર્થ ન હોય, ન કદી ગરીબીની શિકાયત કરી અને ન કદી તારી શિકાયત કરી. પણ આ સર્વ કાંઈ કેવળ એટલા માટે વેઠયું કે તું બીજી શાદી ન કરી લે. છતાં તું બીજી શાદીનો ઈરાદો ધરાવે છે તો હું ઈમામે વક્તને તારી ફરિયાદ કરીશ. મને આ વાત સાંભળીને ઘણી ખુશી થઈ, કેમ કે એ કુર્આનના કૌલના તદ્દન બરાબર હતું.

જેમ કે ફર્માવ્યું :–

اِنَّ اللّٰهَ لَا يَغْفِرُ اَنْ يُّشْرَكَ بِهٖ وَيَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ

"બેશક ! અલ્લાહ તઆલા એને નહીં બખ્શે જેમણે એની સાથે કોઈને શરીક કર્યો, અને એના સિવાય જેને ચાહે બખ્શી આપશે." *(સૂરએ નિસાઅ, આ. ૪૮)*

કોઈએ જ્યારે આપનો હાલ પૂછયો તો ફર્માવ્યું કે એનો શું હાલ પૂછો છો જે દરિયામાં હોય અને તૂટલી નાવડીના તખ્તા પર પાણીમાં તરી રહ્યો હોય ! તેણે કહ્યું કે આ તો ઘણી જ ગંભીર પરિસ્થિતિ છે ! ફર્માવ્યું, બસ ! મારો તો એ જ હાલ છે.

★ એકવાર આપ ઈદના દિવસે કોઈ એવી જગ્યાએ થઈને પસાર થયા જ્યાં લોકો હસી મજાક તથા ખેલકૂદમાં વ્યસ્ત હતા. આપે ફર્માવ્યું કે હું આશ્ચર્ય કરું છું એ લોકો પર જેઓ હસી મજાકમાં વ્યસ્ત થઈને પોતાના હાલને ભૂલાવી બેસે છે.

★ કોઈ શખ્સ કબ્રસ્તાનમાં બેસીને ખાવા ખાય રહ્યો હતો તેને જોઈને ફર્માવ્યું કે આ મુનાફિક છે ! કેમ કે જેની નફસાની ખ્વાહિશ મુડદાંઓની સામે પણ હરકત કરે છે તેને મૌત તથા આખેરત પર યકીન નથી હોતું. અને જે આ બંનેવ પર યકીન ન કરે એને મુનાફિક કહે છે.

★ એકવાર આપ અલ્લાહ તઆલાથી દુઆ કરી રહ્યા હતા કે હે અલ્લાહ ! તારી નેઅમતોનો હું શુક્ર ન બજાવી શક્યો અને મુસીબતની હાલતમાં સબ્રનો દામન છોડી આપ્યો. પરંતું શુક્રની ગૈર મૌજૂદગીમાં પણ તેં તારી નેઅમતોથી મેહરૂમ ન રાખ્યો અને સબ્ર ન કરવા પર પણ મુસીબતોને દૂર કરતો રહ્યો. (તું કેવો કરીમ છે !)

**વિસાલ મુબારક** : મૃત્યુની પળોમાં આપ મુસ્કુરાતાં ફર્માવી રહ્યા હતા કે કયો ગુનોહ ! કયો ગુનોહ ! અને એવું જ કહેતાં કહેતાં રૂહ પરવાઝ કરી ગઈ. પછી કોઈ બુઝુર્ગે ખ્વાબમાં જોઈને પૂછયું કે સકરાતની હાલતમાં આપ મુસ્કુરાઈ કેમ રહ્યા હતા ? અને કયો ગુનોહ, કયો ગુનોહ, વારંવાર કેમ કહી રહ્યા હતા ? ફર્માવ્યું કે સકરાતની હાલતમાં મને એ પોકાર સંભળાયો કે હે મલકુલ મૌત ! સખ્તીથી કામ લે ! કેમ કે એક ગુનોહ બાકી રહી ગયો છે ! જેથી એ ખુશીના આવેશમાં હું વારંવાર કયો ગુનોહ ! કયો ગુનોહ ! કહી રહ્યો હતો. વિસાલ મુબારકની રાત્રે કોઈ બુઝુર્ગે ખ્વાબમાં જોયું કે આસમાનના દરવાજા ખુલેલા છે અને નિદા કરવામાં આવી રહી છે કે હસન બસરી પોતાના મૌલાની પાસે હાજર થઈ ગયા, અને અલ્લાહ એમનાથી રાજી છે. *(સંપૂર્ણ)*

**શાદી મુબારક**

**દયાદરા** : ખાતે જનાબ અબ્દુલ્લાહ અલી ભાના નેક ફરઝંદ "રિઝવાન"ની વરેડિયાના જનાબ યાકૂબભાઈ ગંથુરની નેક દુખ્તર "મેહરાજ" સાથે તા. ૮–૭–૨૦૧૭ના રોજ અયવાને મદીના હોલ પાલેજમાં નિકાહખ્વાની થઈ અને તા. ૯–૭–૨૦૧૭ના રોજ દયાદરા અકુજી કોમ્પ્યુ. હોલ દયાદરામાં વલીમો રાખ્યો હતો. મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં દુલ્હા–દુલ્હન તથા કુટુંબીજનોની ખુશીઓમાં રોજ વધારો કરે, બંને જહાનની ખુશીઓ નેઅમતોથી નવાઝે. (આમીન) –તંત્રી

# પાણી પીવડાવવું

## મગફિરત તથા બખ્શિશનો સબબ

કાર્યાલય

પાણી પીવડાવવાનું કાર્ય અત્યંત મામૂલી હોવા છતાં અને આખિરતના વળતર તેમજ અલ્લાહની પ્રસન્નતા તથા ખુશીનું ખૂબ જ મોટુ માધ્યમ અને આખિરતના દિવસે બખ્શિશ તથા મગફિરતનો સબબ હોય છે. માત્ર આ જ અમલ કાર્યના લીધે માણસ જહન્નમથી મુક્તિ મેળવી જન્નતનો હક્કદાર બની શકે છે. આને જ હદીષમાં આ પ્રમાણે ફર્માવવામાં આવ્યું છે કે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે એક માણસ ચાલી રહ્યો હતો, એ જ દરમ્યાન તેને તરસ લાગી. તે એક કૂવામાં ઉતર્યો અને તેમાંથી પાણી પીધું. કૂવામાંથી બહાર નીકળ્યો તો જોયું કે એક કૂતરું હાંફી રહ્યું છે અને તરસના લીધે કાદવ ચાટી રહ્યું છે. તેણે વિચાર્યું કે આને પણ એવી જ તરસ લાગી હશે જેવી મને લાગી હતી. આથી તેણે પોતાનો મોજો પાણીમાંથી ભર્યો અને પછી તેને મોઢેથી પકડયો અને પછી ઉપર ચઢયો અને કૂતરાને પાણી પીવડાવ્યુ. અલ્લાહે તેની નેકી કૂબૂલ કરી અને તેને બખ્શી દીધો. લોકોએ અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ શું ચોપગાં પ્રાણીઓમાં પણ અમારા માટે સવાબ છે ? આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "દરેક જીવધારીમાં સવાબ છે." *(બુખારી, હદીષ નં. ૨૨૩૪)*

### દુનિયાના પાણીના બદલે જન્નતની શરાબ

દુનિયામાં પાણી પીવડાવવા અને માનવીઓ તથા પ્રાણીઓ વગેરેને સંતૃપ્ત કરવા અને તરસ છિપાવવાની વ્યવસ્થા કરવાના બદલામાં અલ્લાહ ﷻ કયામત તથા આખિરતના દિવસે એ વ્યક્તિને એ પાણીના બદલે જન્નતની શરાબ એનાયત કરશે. જેમ કે હદીષમાં આવ્યું છે કે;

"હઝરત અબૂ સઅ્દ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે મુસલમાન કોઈ નિર્વસ્ત્ર ને વસ્ત્રો પહેરાવશે તો અલ્લાહ તઆલા તેને જન્નતનો લીલો પોશાક પહેરાવશે, અને જે મુસલમાન કોઈ ભૂખ્યાને ખાવાનું ખવડાવશે તો અલ્લાહ તઆલા તેને જન્નતનાં ફળ ખવડાવશે, અને જે મુસલમાન કોઈ તરસ્યાને પાણી પીવડાવશે તો તેને અલ્લાહ તઆલા જન્નતની શરાબ પીવડાવશે."

*–(અબૂ દાઊદ, હદીષ નં. ૧૬૮૪)*

### જન્નતથી નજીક અને જહન્નમથી દૂર કરનાર અમલ

માનવોની તરસ માટેની વ્યવસ્થા કરવી અને તેમને પાણી પીવડાવવું અને તરસની તીવ્રતામાં તૃપ્તિ આપવી એક એવો અમલ છે જેને જન્નતથી સામિપ્ય અને જહન્નમથી દૂરીનું કારણ બતાવાયું છે. એક રિવાયતમાં છે કે એક ગ્રામિણ નબીએ કરીમ ﷺની સેવામાં હાજર થયો અને કહેવા લાગ્યો, મને કોઈ એવો અમલ બતાવો કે જે મને અલ્લાહ ﷻના આજ્ઞાપાલનની નજીક અને જહન્નમથી દૂર કરી દે. ફર્માવ્યું, શું તમે આ બંને ઉપર અમલ કરશો ?! તેણે કહ્યું, હા ! તો આપ ﷺએ ફર્માવ્યું, ન્યાય ઈન્સાફની વાત કહો, અને વધારાની વસ્તુઓ બીજાને આપી દો. ફર્માવ્યું, અલ્લાહના સોગંદ ! ન તો હું ઈન્સાફની વાત કરી શકું છું અને ન તો કોઈ વસ્તુ કોઈને આપી શકું છું. ફર્માવ્યું, ખાવાનું ખવડાવો અને સલામ કરો. તેણે કહ્યું કે આ પણ મુશ્કેલ છે. ફર્માવ્યું, શું તમારી પાસે ઊંટ છે ? તેણે કહ્યું કે, હા ! તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, પોતાની એક ઊંટણી અને એક મશક લો, પછી એ લોકોના ઘરે જાવ જેમને પાણી ક્યારેક ક્યારેક જ મળે છે, તેમને પાણી પીવડાવો, કદાચ ! તમારી

ઊંટણી મૃત્યુ પામે અને તમારી મશક ફાટી જાય એ પહેલાં તમારા માટે જન્નત વાજિબ થઈ જશે. રિવાયત કરનાર કહે છે કે એ ગ્રામિણ તકબીર કહેતો ચાલ્યો ગયો. કહેવાય છે કે તેની મશક ફાટવા અને તેની ઊંટણી મૃત્યુ પામે એ પહેલાં એ શહાદતની મોતે મૃત્યુ પામ્યો." *(બયહકી, હદીષ : ૭૫૯૮)*

## પ્રાણીઓને પાણી પીવડાવવું પણ સવાબનો સબબ

એવું જ નહીં કે ફક્ત માનવીની તૃપ્તિની વ્યવસ્થા કરવા બદલ જ મનુષ્યને સવાબ મળે છે ! બલ્કે કોઈ તરસ્યા અને કણસતા, હાંફતા અને તરસની તીવ્રતાથી તડપતા જાનવર માટે પણ પાણી પીવડાવવા તથા તેને તૃપ્ત કરવાની વ્યવસ્થા કરવા બદલ પણ વળતર તથા સવાબનો વાયદો કરવામાં આવ્યો છે. આથી એક રિવાયતમાં સુરાકા બિન માલિક બિન જઅશમ رضی اللہ عنہથી રિવાયત છે;

"હઝરત સુરાકા رضی اللہ عنہથી રિવાયત છે કે હું નબી علیہ الصلوٰۃ والسلامની વફાત વખતે સેવામાં હાજર થયો. મેં નબી ﷺથી પ્રશ્નો પૂછવા શરૂ કરી દીધા. તે એટલે સુધી કે મારી પાસે પ્રશ્નો પૂરા થઈ ગયા. તો નબી ﷺએ ફર્માવ્યું, કાંઈ બીજું પણ યાદ કરી લો. એ પ્રશ્નોમાં એક પ્રશ્ન મેં આ પણ પૂછયો હતો કે, યા રસૂલલ્લાહ ! ﷺ એ ભટકી ગયેલ ગુમ થઈ ગયેલ ઊંટ કે જે મારા હોજ ઉપર આવે તો શું મને એ ઊંટોને પાણી પીવડાવવાના બદલામાં પણ વળતર તથા સવાબ મળશે ? જ્યારે કે એ પાણી પોતાના (અન્ય) ઊંટો માટે ભરેલ હોય ? નબી علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "હા ! દરેક તૃપ્ત કરનાર અમલમાં વળતર તથા સવાબ છે." *(મુસ્નદે અહમદ, હદીષ નં. : ૧૭૬૨૪)*

ટૂંકમાં એ કે તરસ્યાઓને પાણી પીવડાવવું, પ્યાસાઓને તૃપ્ત કરવા (તૃષા છિપાવવા)ની વ્યવસ્થા કરવી, માણસોની પાણીની જરૂરિયાત પૂરી કરવી એ અત્યંત વળતર અને સવાબ તેમજ ઉચ્ચ દરજ્જાઓ મળવાનો સબબ છે. ફક્ત માણસોને જ પાણી પીવડાવવું આખિરતના વળતર તથા સવાબનું કારણ તેમજ અલ્લાહની પ્રસન્નતા અને જન્નતમાં પ્રવેશ મેળવવાનું માધ્યમ છે એવું નથી, બલ્કે તરસ્યા જાનવરો માટે પાણીની વ્યવસ્થા કરવી, એ પણ આખિરતના વળતર તથા સવાબનું કારણ છે.

જે લોકો જ્યાં પણ જરૂરત હોય ગરીબ કે માલદાર આબાદીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં જે પાણીના બોરીંગ કામો કરાવે છે તેમને પણ જરૂર જરૂર સવાબ મળે છે, મર્હૂમોના સવાબ અર્થે કરાવે તો મર્હૂમોને પણ કબ્રમાં સવાબ પહોંચે છે, રાહત મળે છે. સુબ્હાનલ્લાહ !

પેજ 02 નું ચાલુ..

**ચાહે છે આજે એમની જ ઉમ્મત આપસમાં ઝઘડી રહી છે, ન પ્યારા નબી علیہ الصلوٰۃ والسلامની ખુશીનો એહસાસ છે અને ન રસૂલ ﷺના ફર્માનનું માન રાખવામાં આવે છે.** જો આપણે મુસલમાન, સહાબાએ કિરામની હયાતને જાણીએ તો માલૂમ થાય છે કે એમનામાં એકતા અને આપસી મદદની ભાવના અને હુઝૂર ﷺની સાચી ગુલામીએ દુનિયાની મોટી મોટી તાકતોને રજકણ રજકણ કરી દીધી હતી, પરંતુ આજે મુસ્લિમ ઉમ્મતના વિવાદો એની તબાહીનો સબબ છે. કેમ કે આપણે નબી ﷺની તા'લીમાત પર અમલ કરવાનું છોડી દીધું છે. યાદ રાખવું જોઈએ કે આપણે નબીએ કરીમ ﷺની તા'લીમાતને ફક્ત જાણવા પૂરતી નથી પઢવાની, પરંતુ ઈજ્જત હાંસલ કરવા માટે પઢવાની છે, અને ઈજ્જત નબી علیہ الصلوٰۃ والسلامની તા'લીમાત પર અમલ કરવાથી જ હાંસલ થશે, અને ત્યારે જ કામયાબી આપણુ મુકદ્દર બની શકે છે. રબ તઆલા આપણને સૌને એની તૌફીક અતા કરે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, ઓગસ્ટ–૨૦૧૮)*

# શું D.N.A. (ડી.એન.એ.) ના આધારે શરઈ સજા થઈ શકે?

લેખક : હઝરત અલ્લામા મુફ્તી મુનીબુર્રહમાન

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)

**ડી. એન. એ. શુ છે ? :** પવિત્ર ઈસ્લામી શરીઅતમાં ઔલાદ તથા મા બાપ તેમજ તેમના પૂર્વજોમાં પેઢીઓમાં (નજીકના સંબંધીઓમાં) જુઝવી સંબંધો (લોહીના રિશ્તા)ને માન્યતા આપવામાં આવી છે, ત્યાં સુધી કે વ્યભિચારી સ્ત્રી, પુરૂષ (ઝિનાખોર સ્ત્રી, પુરૂષ)ના મિલાપથી પેદા થનાર બાળકમાં પણ તે સ્ત્રી તથા પુરૂષના અંશો ઉપસ્થિત હોય છે. (બલ્કે બીજા ખાનદાન અથવા કબીલાની કોઈ સ્ત્રીએ અન્ય ખાનદાનના બાળ કને બે અઢી વરસની ઉંમરમાં દૂધ પીવડાવ્યું હોય તો પણ તેનાથી લોહીનો સંબંધ (જુઝવી સંબંધ) પેદા થઈ જશે.

આ જ જુઝઈયત (ભાગ હોવું, લોહીનો સંબંધ હોવા)ને મેડિકલ સાઈન્સની ભાષામાં ડી. એન. એ. કહેવામાં આવે છે. અને આવા જ સંબંધો (લોહીના સંબંધો)ની તપાસ તથા ચકાસણીને ડી. એન. એ. ટેસ્ટ કહેવામાં આવે છે. આ તપાસ તથા ચકાસણી દરમ્યાન જે હક઼ીક઼ત સામે આવે છે તેને ડી. એન. એ ટેસ્ટનો રિપોર્ટ કહેવામાં આવે છે. આ છે શરીઅતની દષ્ટિએ ડી. એન. એ. નો ટૂંકો પરિચય.

અને આધુનિક સાઈન્સની દષ્ટિએ ડી. એન. એ. વાસ્તવમાં અમુક વિશેષ પ્રકારના કીમીયાઈ મિશ્રણ (રાસાયણિક (મિશ્રણ)ને કહેવામાં આવે છે. જેમાં માનવીની ઝાત અથવા તેના મા બાપ તેમજ તેના પૂર્વજો પેઢીઓની જાતને વિશેષ રીતે નિશ્ચિત કરનાર અલગ અલગ પ્રકારના વંશિય અવશેષો (અંશો) ઉપસ્થિત હોય છે. કોઈ પણ વ્યક્તિના આ અવશેષો આખી દુનિયામાં બીજી વ્યક્તિના અવશેષો સાથે મેળ નથી ખાઈ શક્તા, જેમ કે એક વ્યક્તિના અંગૂઠા તથા આંગળીઓનાં નિશાન બીજી વ્યક્તિના અંગૂઠા તથા આંગળીઓનાં નિશાનની સાથે મેળ નથી ખાતાં.

તો કોઈ પણ વ્યક્તિના અંગ અથવા શરીરના કોઈ પણ ભાગમાં એક વિશેષ પ્રકારના તત્વોની તપાસ તથા જાંચનુ નામ ડી. એન. એ. ટેસ્ટ છે. અને તપાસ તથા જાંચ કર્યા બાદ તે અંશો (તત્વો) જેનાં સાબિત થાય તેની સાથે તે તત્વોના મેળાપ તથા જેના ન હોય તેનાથી તે તત્વોના જુદાપણાની ખબરને ડી. એન. એ. ટેસ્ટનો રિપોર્ટ કહે છે. જાનવરોનું ડી. એન. એ. માનવીના ડી. એન. એ. થી અલગ હોય છે, અને અલગ હોવું પણ જોઈએ, કેમ કે બંનેવ અલગ અલગ પ્રકારની જાતિ તથા વર્ગ ધરાવે છે.

ડી. એન. એ. ના સંશોધનથી એ હક઼ીક઼ત સ્પષ્ટ થઈ ગઈ કે ઈસ્લામે ઔલાદ તથા મા બાપના દરમ્યાન જે શારીરિક સમાનતા (ભાગીદારી)ની ખબર આપી હતી ડી. એન. એ. તે રહસ્યમય ખબરનું સંશોધન તથા ખુલાસો છે. જેથી તપાસ જેટલી સાચી તથા યોગ્ય હોય રિપોર્ટ એટલો જ સાચો તથા હક઼ીક઼ત મુજબ હશે. (અઝ : મુફ્તી નિઝામુદીન રઝવી–મુબારકપુર) આ જ પ્રમાણે વધુ તેહક઼ીક઼ વિશે જાણવા જુઓ : "બરકાતે ખ્વાજા" માસિક ઓગસ્ટ–૨૦૧૨.

–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

ગયા વરસે (ઈ.સ. ૨૦૧૬)માં ઈસ્લામી નઝરયાતી કાઉન્સિલ પાકિસ્તાને સ્પષ્ટ કર્યું કે **D.N.A.** (ડી.એન.એ.)ની ફોરેન્સિક લેબોરેટરી રિપોર્ટને વ્યભિચારની ઈસ્લામી સજા લાગુ કરવા માટે નિશ્ચિત સાક્ષી (**Absolute Evidence**)ના રૂપે સ્વીકારી ન શકાય, તેના માટે દાર્શનિક પુરાવો (**Eye Witness**)નું અનિવાર્ય શરઈ માપદંડ જરૂરી છે, અલ્બત્ત તેને ગુમાન મુજબની શહાદત અને સમર્થનકર્તા ગવાહી રૂપે લઈ શકાય છે. અને દાર્શનિક પુરાવો ન મળવાની સ્થિતિમાં અદાલત સંતુષ્ઠ હોય તો દંડ રૂપે કોઈક સજા આપી શકે છે. (પણ શરીઅત મુજબની સજા ૧૦૦ કોરડાની કે સંગસાર કરવાની સજા આપી શકાય નહીં.)

## આઝાદ ખયાલવાળાઓની કાગારોળ !

આ ખુલાસા પર આપણા આઝાદ ઈલેકટ્રોનિક મિડીયા તથા આઝાદ ખયાલ લોકોએ કાગારોળ કરી મૂકી. એમાં સ્ત્રી અધિકાર તથા માનવ અધિકારના નામ પર સંસ્થાઓ ચલાવનારી N.G.O. અને અન્ય કાર્યરત એજન્સીઓ સૌ સામેલ છે. **કેમ કે પશ્ચિમી દેશોના મૂલ્યોના પ્રચારક આ વર્ગોને સ્વૈચ્છીક વ્યભિચાર (Adultery) પર કોઈ વાંધો નથી ! એટલા માટે એમની જીદ છે કે બળાત્કાર (Rape)ની સાબિતી માટે D.N.A.ની લેબોરેટરી ટેસ્ટ જો હકારાત્મક આવે તો નિશ્ચિત અને પાકી સાક્ષી ઠરાવી એ ગુનોહ કરનાર માટે મૃત્યુ દંડની સજા આપી દેવામાં આવે. આ કહેવાતા એજ્યુકેટેડ આઝાદ ખયાલવાળાઓનું મંતવ્ય છે.**

## મુફ્તી મુનીબુર્રહમાનનો અમેરિકાનો પ્રવાસ

હું (પ્રોફેસર અલ્લામા મુફ્તી મુનીબુર્રહમાન) ૧૨ થી ૩૦ જાન્યુઆરી અમેરિકાના પ્રવાસે હતો અને વિવિધ રાજ્યોમાં દોસ્તોએ દીની પ્રોગ્રામ નક્કી કરી રાખ્યા હતા, ન્યુજર્સી સ્ટેટથી જમાઅતે અહલે સુન્નત નોર્થ અમેરિકાના રેહનુમા અલ્લામા મક્સૂદ અહમદ ક઼ાદરી આ પ્રોગ્રામ નક્કી કરે છે, તેમાંથી એક પ્રોગ્રામ ટેનિસી સ્ટેટના શહેર ન્યુ જોન્સન સિટીમાં જનાબ ડોકટર શહરામ માલિકના મકાન પર થાય છે, જેઓ દીનદાર, ઈલ્મ દોસ્ત, અને મહેમાનનવાઝ વ્યક્તિ છે. આ ડોકટર સાહેબો અને ઉચ્ચ તા'લીમ પામેલ લોકોનું એક મિત્રમંડળ છે, જે ઘણે દૂર દૂરથી સફર કરી એકત્ર થાય છે. કેમ કે શિખવું અને શિખવવું અમારું મિશન છે, એટલા માટે ઉચ્ચ તા'લીમ પામેલ લોકો સાથે બેઠક અને વિચારોનું આદાન પ્રદાન અત્યંત લાભદાયક પુરવાર થાય છે. એમનામાં કેટલાય લોકો પતિ પત્ની બંનેવ ડોકટર હોય છે. પ્રતિષ્ઠિત વિશ્વ વિખ્યા આંખોના સર્જન જનાબ ડોકટર ખાલિદ અઅ્વાન આ મિત્રમંડળમાં કેન્દ્રનું સ્થાન ધરાવે છે. ડોકટર સાહબનો કુર્આન હદીષનો વિસ્તૃત અભ્યાસ, યાદદાશ્ત અને તર્ક પદ્ધતિ ઈર્ષાભાવ જગાડે તેવાં છે. તેઓ પુખ્ત અક઼ીદાના છે, કેવળ પરંપરાગત અને વંશીય મુસલમાન નથી કે મુસ્લિમ પરિવારમાં પેદા થયા અને વારસામાં ઈસ્લામની દોલત પણ મળી ગઈ, બલ્કે તે ખુશનસીબ વર્ગથી સંબંધ ધરાવે છે કે જેમણે ઈસ્લામનો અભ્યાસ કર્યો, સમજ્યો અને સભાન રીતે સ્વીકાર્યો તથા અમલ પણ કર્યો. તેમના પોતાના મેડિકલ વિભાગ **Opthalmology**માં ૨૫૦થી અધિક રિસર્ચ પેપર્ઝ વિશ્વસનીય વૈશ્વિક મેડિકલ છાપાઓમાં પ્રકાશિત થઈ ચૂક્યા છે. નૈત્ર રોગોના ઈલાજના સંબંધે તેમનું એક સંશોધન **Awan Syndrome**ના શિર્ષકથી તેમના નામથી સંબંધિત છે અને નિઃશંક ! આ એક મોટી પ્રતિષ્ઠા છે. એ જ રીતે લેઝર ટેક્નોલોજીથી જે આંખોનો ઈલાજ થાય છે એમાંથી પણ એક વિશેષ લેઝરના સંશોધક ડોકટર ખાલિદ અઅ્વાન છે, એટલા માટે એ પણ તેમના નામથી સંબંધિત છે. અમેરિકા અને પશ્ચિમી દેશોમાં વસતા ગર્વપાત્ર કારનામાંઓ અંજામ આપનાર આવા પાકિસ્તાનીઓને રાષ્ટ્રીય સન્માન માટે નામાંક્તિ

કરવામાં આવવા જોઈએ અને અમેરિકામાં રહેતા પાકિસ્તાની પત્રકારોએ આવા લોકોનો નિર્દેશ કરવો જોઈએ.

હું એક મુદ્દતથી એ શોધમાં હતો કે શું અમેરિકા અને યૂરોપ દેશોમાં **D.N.A.** ટેસ્ટના પોઝિટિવ રિપોર્ટને એવા અપરાધોના પુરાવા માટે જેમની સજા મૃત્યુ છે, નિશ્ચિત અને અંતિમ સાક્ષીના રૂપમાં સ્વીકારવામાં આવે છે કે પછી તેને વધુમાં વધુ આપણા ફુક્હાએ કિરામના કથનો મુજબ એક ગુમાનયુક્ત, અનિશ્ચિત અને સમર્થક સાક્ષીના રૂપે સ્વીકારવામાં આવે છે ?

## હદીષોની રોશનીમાં નિર્દેશો-ક્યાસોની સ્થિતિ

રસૂલુલ્લાહ ﷺએ પોતાના મુબારક જમાનામાં વિવિધ પરિસ્થિતિઓમાં કરાઈન (નિર્દેશો)ને પોતાના ક્યાસનો આધાર પણ બનાવ્યો અને તેને સમર્થક ગવાહીના રૂપે ઉપયોગ પણ કરી, પરંતુ તેને કોઈ પણ ઘટના માટે ક્તઈ અને નિશ્ચિત શહાદતનો દરજ્જો આપ્યો નથી કે તેના આધારે શરઈ સજા (સંગસારી કે કોરડાની) લાગુ કરી શકાય. નીચેના લખાણમાં એમ તેના ઉદાહરણો રજૂ કરીએ છીએ :–

**(૧)** અબૂ રાફેઅ્ સલ્લામ બિન અબુલ હુકૈક એક મશહૂર દુશ્મને રસૂલ હતો તે આપને તકલીફ પહોંચાડતો હતો. આપ عليه الصلوة والسلامએ અબ્દુલ્લાહ બિન અ્તીકના નેતૃત્વમાં અન્સારના પાંચ માણસોને તેને ક્ત્લ કરવા મોકલ્યા. અબ્દુલ્લાહ બિન ઉનૈસ બયાન કરે છે કે અમે પાછા આવી રસૂલુલ્લાહ ﷺને તેના ક્ત્લની ખબર આપી. અમારામાં મતભેદ થયો કે તે કોના વારથી ક્ત્લ થયો છે, કારણ કે અમારામાંથી દરેક એ સન્માન મેળવવાનો દાવો કરતો હતો. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "સૌ પોતાની તલ્વાર લઈ આવો." જેથી અમો પોતપોતાની તલ્વારો લઈ આવ્યા. આપ عليه الصلوة والسلامએ સર્વ તલ્વારોને જોઈ અને અબ્દુલ્લાહ બિન ઉનૈસની તલ્વાર તરફ ઈશારો કરતાં ફર્માવ્યું : "તે આ તલ્વારથી ક્ત્લ થયો છે કેમ કે મને તેના પર ખોરાકના રજકણો દેખાય રહ્યાં છે." *(સીરતે ઈબ્ને હિશામ, ૨/૨૭૫, રિવાયતનો ખુલાસો)*

આપ عليه الصلوة والسلامના ઈર્શાદનો મતલબ એ હતો કે અબ્દુલ્લાહ બિન ઉનૈસની તલ્વાર ઈબ્ને અબુલ હુકૈકના શરીરમાં અધિક ઊંડાણ અર્થાત જઠર સુધી ગઈ છે અને તેનો પુરાવો એ છે કે તેના પર લાગેલા લોહીના ધબ્બાઓમાં ખોરાકનાં રજકણોનું મિશ્રણ દેખાય છે. જેથી માલૂમ થયું કે તેમનો વાર વધુ ગહરાઈ સુધી ગયો અને જીવલેણ સાબિત થયો. આ નબુવ્વતની સમજનો ફૈઝાન એ હતો કે આપ ﷺએ ક્રાઈન (નિર્દેશો)ની શહાદત (**Cirumstantial Evidence**)ને આધાર બનાવીને તેને કોઈ ઘટનાના પુરાવા માટે સમર્થક ગવાહી અને ક્રીના (નિર્દેશ)ના રૂપે ઉપયોગ કરી.

**(૨)** હદીષે પાકમાં છે : "એક વ્યક્તિ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારે ત્યાં એક કાળા રંગના પુત્રએ જન્મ લીધો છે. (લગભગ તે વ્યક્તિ સફેદ રંગનો હતો અને એ કારણે તેને પોતાના પુત્રના વંશ વિશે શંકા થઈ) આપ ﷺએ ફર્માવ્યું, શું તારી પાસે ઊંટો છે ? તેણે જવાબ આપ્યો, જી હા ! આપ ﷺએ પૂછયું, તેમનો રંગ કેવો છે ? તેણે કહ્યું, લાલ. આપ عليه الصلوة والسلامએ ફર્માવ્યું, શું તેમનામાં કોઈ માટીના રંગનું પણ છે ? તેણે અર્ઝ કરી, જી હા ! આપ ﷺએ ફર્માવ્યું, તો તે (અર્થાત લાલ ઊંટોમાં માટીના રંગનું ઊંટ) ક્યાંથી આવી ગયું ? તેણે અર્ઝ કરી, કદાચ (તેના નસબી બાપ દાદાઓમાંથી) કોઈની નસે તેને (પોતાના તરફ) ખેંચી લીધું હોય. આપ ﷺએ ફર્માવ્યું, કદાચ તારા પુત્રને પણ (તારા બાપ દાદાઓની) કોઈ નસે (પોતાના તરફ) ખેંચી લીધો હોય." *(સહીહ બુખારી, હદીષ નંબર : ૫૩૦૫)*

અહીંયાં રસૂલુલ્લાહ ﷺએ ક્યાસનો સહી

નસબ માટે સમર્થનના રૂપમાં ઉપયોગ કર્યો. નીચે હદીષથી આ બાબતે અધિક સમર્થન મળે છે.

(૩) "અલી બિન અબી રબાહ પોતાની સનદની સાથે પોતાના દાદાથી રિવાયત કરે છે : રસૂલુલ્લાહ ﷺએ તેમનાથી પૂછયું, તમારે ત્યાં શું જન્મ્યું ? તેણે જવાબ આપ્યો, મારે ત્યાં જે પણ પેદા થાય બાળક હશે કે બાળકી. આપ ﷺએ પૂછયું, તે બાળક (દેખાવમાં) કોનાથી મળતુ હશે ? તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ નિઃસંકોચ પોતાના પિતા અથવા માતામાંથી કોઈના જેવું હશે. **આપ ﷺએ ફર્માવ્યું, જરા થોભો ! આવું ન કહો. (વાત એ છે કે) જ્યારે નુત્ફો (વિર્ય) માના ગર્ભમાં સ્થિર થાય છે, તો અલ્લાહ તઆલા (પોતાની કુદરતથી) તેના અને આદમ علیہ السلામના દરમિયાન સર્વ રિશ્તાઓ (અર્થાત તેમની સૂરતો)ને હાજર કરી દે છે (અને તે બાળક તેમનામાંથી કોઈની સાથે મળતાપણુ ગ્રહણ કરી લે છે) પછી આપ علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, શું તમે અલ્લાહ તઆલાનો આ ઈર્શાદ નથી પઢયો : "તે જે સૂરતમાં ઈચ્છે છે તમારા અસ્તિત્વને સ્વરૂપ આપી દે છે."**
*(અલ્મોઅ્જમુલ કબીર લિત્તબ્રાની, હદીષ નં. : ૪૬૨૪)*

(૪) "ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا બયાન કરે છે : એક દિવસ રસૂલુલ્લાહ ﷺ મારી પાસે એ હાલમાં તશરીફ લાવ્યા કે આપ ઘણા ખુશ હતા. આપ علیہ الصلوۃ والسلامએ ફર્માવ્યું, (આઈશા !) તમને માલૂમ છે શું થયું ? મુજઝિઝ઼ર મુદલજી મારી પાસે આવ્યો. તેણે બે જણ (ઝૈદ બિન હારેષા અને ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہما)ને ચાદર ઓઢી સૂતેલા એ રીતે જોયા કે તેમનાં માથાં (અને શરીરના ઉપરનો ભાગ) ઢંકાયેલ હતો અને પગ ખુલેલા હતા. તેણે કહ્યું, આ પગ એક બીજાથી છે. (અર્થાત આ બંનેવ બાપ, બેટા છે)."

*–(સહીહ બુખારી, હદીષ : ૬૭૭૧)*

**(૫)** હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہનો નસબ (વંશ) તેમના વાલિદ ઝૈદ બિન હ઼ારેષા رضی اللہ عنہથી સાબિત હતો. પરંતુ બાપ બેટાના રંગમાં તફાવતના કારણે કોઈ મુનાફિક઼ે તેમના નસબ પર ટીકા કરી હતી, તો રસૂલુલ્લાહ ﷺએ ક઼િયાફ઼ા એટલે શરીરના વિવિધ ચિન્હો પરથી ગુણ, લક્ષણ તથા ભવિષ્ય જાણવાની વિદ્યાના નિષ્ણાત મુજઝિઝ઼ર મુદલજીના આ તારણને સમર્થક ગવાહીના રૂપમાં લીધુ અને ખુશી વ્યક્ત કરી કે એક નિષ્પક્ષ નિષ્ણાત વ્યક્તિએ એ બંનવના વાસ્તવિક પિતા પુત્ર હોવાનું સમર્થન કરી દીધું. **હવે ૧૪૦૦ વરસ પછી રહી રહીને અત્યારે સાયન્સ અને નવી શોધોએ એને સાબિત કર્યુ છે** ! જેમ કે હવે ફોરન્સિક લેબોરેટરીનો પોઝિટિવ રિપોર્ટ અને વિડીયો રેકોર્ડિંગ એટલે ચલિત ચિત્રોને કોઈ અપરાધના સબૂત માટે એક હદ સુધી ક઼બૂલ કરવામાં આવી રહ્યાં છે. **પરંતુ કોઈ ગંભીર પ્રકારના અપરાધમાં કે જેની ક઼ાનૂન અને શરીઅતમાં સજા મૃત્યુદંડ છે તેના સબૂત માટે D.N.A.ના પોઝિટિવ લેબોરેટરી રિપોર્ટ અને વીડિયો રેકોર્ડિંગને ભલે એ ગમે એટલી પ્રમાણિત હોય એકમાત્ર અંતિમ અને નિશ્ચિત સબૂત માનીને મૃત્યુદંડનો ચુકાદો નથી આપી શકાતો. અર્થાત કેવળ આ પોઝિટિવ ફોરેન્સિક રિપોર્ટના આધારે શરીઅતે મુક઼ર્રર કરેલ ઝિનાની સજા લાગુ ન કરી શકાય, કારણ કે તેમાં મિલાવટ તથા કોઈ ચીજની ભેળસેળની શક્યતા છે. એ જ રીતે વીડિયો રેકોર્ડિંગ અને ચલિત ચિત્રોમાં પણ એડિટિંગ (ફ્રેફાર)ની શક્યતાને સંપૂર્ણપણે નકારી નથી શકાતી. આ આપણે ત્યાં રોજનો અનુભવ છે કે ટેલીવિઝન કવરેજ કરવાવાળા પોતાના કોઈ મનપસંદ રાજકીય નેતા અથવા પાર્ટીની સભાને મોટી કરી દેખાડે છે અને નાપસંદીદા લીડર અથવા પાર્ટીની એટલી જ અથવા તેનાથી મોટી સભાને નાની કરી દેખાડે**

**છે !** તેને આપણા મુહાવરામાં કેમેરા અથવા હાથનો કમાલ કહે છે. એટલે કે અંગત પસંદ, નાપસંદ, લોભ લાલચ અને પૂર્વગ્રહના આધારે હક઼ીક઼તો અને ઘટનાઓમાં હેરફેર, કાપકુપ અને અસરકારક કે બિનઅસરકારક બનાવી રજૂ કરવું શક્ય છે. એ જ રીતે સંપૂર્ણ દયાનત અને નેક નિય્યતી છતાં માનવિય ભૂલચૂકની શક્યતાને પણ પૂર્ણપણે નકારી ન શકાય. એ જરૂરી નથી કે દરેક કેસમાં આવું બને, પરંતુ ભૂલચૂકની શક્યતા નિશ્ચિતતાને નકારવા પૂરતી છે. આપણે ત્યાં મેડિકલ લિગલ રિપોર્ટ અને મૈયતના પોસ્ટમોર્ટમમાં હેરાફેરીનાં ઉદાહરણો ઘણા બધાં છે.

સારાંશ કે આ કારણોના લીધે D.N.A.નો પોઝિટિવ રિપોર્ટ અથવા ફોરેન્સિક પુરાવા ગુમાન કરેલ અને અનિશ્ચિત ઠરી શકે છે પણ ક઼તઈ (નિશ્ચિત) કદાપિ નથી ઠરી શક્તો. જ્યારે કે **ઝિનાની સજા લાગુ કરવા અથવા ક઼ત્લની સજા લાગુ કરવા સુબૂત અને પુરાવાનું નિશ્ચિત અને ક઼તઈ હોવું જરૂરી છે અને તે અનિવાર્ય ઐની શહાદત (આંખો દેખી ગવાહી)થી જ શક્ય છે.** લોહીના ધબ્બા, બંદૂકની ગોળીઓ અને ઈન્સાની દાંતો વડે કરડવું એ જ વર્ગમાં આવે છે. તેમ છતાં આ ગવાહીઓના આધારે જજ અથવા ક઼ાઝી જો સંતુષ્ઠ હોય તો દંડરૂપે (કોઈ અન્ય) સજા આપી શકે છે અને તેનાથી કોઈને મતભેદ નથી.

## D.N.A. રિપોર્ટ અવિશ્વસનીય હોવાના અદાલતી પુરાવા

અમેરિકાના હાલના સફરમાં ડોકટર ખાલિદ અઅ્વાન સાહબે અમેરિકા અને જર્મનીની અદાલતો અને રિસર્ચ કેન્દ્રોના હવાલાથી D.N.A. રિપોર્ટના અવિશ્વસનીય હોવા વિશે ત્યાંના ન્યુઝ પેપરોના હવાલાથી અમને આ પુરાવા પૂરા પાડયા જે આપણા લિબરલ (આઝાદ ખયાલ) લોકો માટે જરૂર દલીલ બનશે !

(૧) ''અમેરિકાના અતિ પ્રસિદ્ધ એથલિટ ઓ.જે. સેમ્પસન પર તેની પત્ની અને તેની રખાતના ડબલ મર્ડરનો આરોપ હતો. બચાવ વકીલે એ ચીજને આધાર બનાવી કે D.N.A.ના પ્રાપ્ત કરેલ નમૂનામાં લેબોરેટરીમાં કોઈ ભેળસેળની શક્યતાને નકારી નથી શકાતી.

(૨) એ જ રીતે ઈ.સ. ૨૦૦૯માં એક સ્પષ્ટ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યો, તેના અનુસાર કેવળ **D.N.A.ના પોઝિટિવ રિપોર્ટ પર એ હદ સુધી નિર્ભર કરવાને શંકાની નજરે જોવામાં આવ્યું કે તેને ક઼તઈ (યક઼ીની) ગવાહી માનીને મુજરિમ પર મૃત્યુદંડ લાગુ કરી દેવામાં આવે.**

(૩) ૧૫ વરસ સુધી જર્મનીના એક રાજ્યની પોલીસ એક આદી ખૂની સ્ત્રીને શોધતી રહી, જેના D.N.A.ના પોઝિટિવ પુરાવા ચાલીસ ગુનાહિત ઘટનાઓમાં જોવા મળ્યા. એમાં ૬ હત્યાના ગુનાહ હતા. ઈ.સ. ૨૦૦૭માં તેમણે વિવિધ શક્યતાઓ પર વિચારણા શરૂ કરી. પછી ઈ.સ. ૨૦૦૯માં સ્ટેટ મિનિસ્ટરે જાહેરાત કરી કે કેસને સોલ્વ કરી લેવામાં આવ્યો છે. તે એ કે જે ફેકટરીમાંથી નમૂનો લેવા માટે રૂનાં પુમડાં લાવવામાં આવતાં હતાં ત્યાં એક કામ કરનાર સ્ત્રીની લાપરવાહીના કારણે ભેળસેળ (Contamination) થઈ રહી હતી. *(Kingport Times News, Monday, 11 May, 2009)*

(૪) એ જ પ્રમાણે અમાન્ડા કનોક્સ નામી એક અમેરિકી સ્ત્રીને ઈટાલીમાં પોતાની સાથે રૂમમાં રહેતી સ્ત્રીની હત્યા કરવાના આરોપમાં ૨૫ વરસની સજા સંભળાવવામાં આવી. તેના પર આરોપને સાબિત કરવા માટે D.N.A. લેબોરેટરી રિપોર્ટને પુરાવા રૂપે રજૂ કરવામાં આવ્યો. લગભગ એક વરસ પછી આ ફૈસલાને ચેલેંજ કરી દેવામાં આવી અને અમેરિકાના એક અખ્બારમાં આ રિપોર્ટ પ્રકાશિત થયો : ''અમાન્ડા કનોક્સ રોમને એક નિર્ણાયક વિજય પ્રાપ્ત થયો. એક તટસ્થ ફોરેન્સિક રિપોર્ટે બતાવ્યું કે

તે અમેરિકી વિદ્યાર્થીની અને તેના સાથીના કેસમાં જે **D.N.A.** રિપોર્ટ ગવાહી રૂપે રજૂ કરવામાં આવ્યો તે ભરોસાપાત્ર ન હતો અને તેમાં મિલાવટ હતી. આ રિપોર્ટથી જણાયું કે પહેલાં ટ્રાયલમાં જે **D.N.A.**ના ટેસ્ટનો ઉપયોગ કરવામાં આવ્યો તે આંતરરાષ્ટ્રીય ગુણવત્તાથી નિમ્ન કક્ષાનો હતો અને તેના કારણે અમાન્ડા કનોક્સની સજાને સમાપ્ત કરવાની શક્યતાઓ વધી ગઈ છે."

***(Bristol Herald Courier, Thursday, June 30, 2011)***

આ પરથી જણાવ્યું કે **શરઈ શિક્ષા (સંગસારી કે કોરડાની) લાગુ કરવા DNA ટેસ્ટને કૃતઈ અને નિશ્ચિત સાબિતિ માનવાવાળાઓએ આ રિપોર્ટનો અભ્યાસ જરૂર કરવો જોઈએ.**

**(૫)** એ જ પ્રમાણે અમેરિકી રાજ્ય ટેક્સાસ ક્રિમીનલ એપેલેટ કોર્ટ થકી ૧૬ જુલાઈએ કલિફટન વિલિયમ્સના મૃત્યુદંડને લાગુ કરવાના નિર્ણયને કેવળ અમુક કલાકો પહેલાં મુલ્તવી કરી દેવામાં આવ્યો, કેમ કે પ્રોસિક્યુશનના વકીલોએ મંતવ્ય અપનાવ્યું કે વિલિયમ્સ નામના અન્ય એક શ્વેત વ્યક્તિના DNA પ્રોફાઈલથી તેના મળતાપણાની શક્યતા છે અને આ શક્યતાની સરખામણી એકના મુકાબલામાં ૪૩ Sextiloin છે, એટલે કે ૪૩ના આગળ એકવીસ શૂન્ય લગાવવાથી જે સંખ્યા બને છે, તેના બરાબર છે અથવા તેને એકના મુકાબલામાં ૪૩ બિલિયન ટ્રિલિયન (અબજોમાં) કહી શકાય છે.

ટેકસાસના વહિવટીતંત્રએ હાલમાં જ F.B.I. ના તૈયાર કરેલા ડેટા બેઝ પર નિર્ભર થઈ એ તારણ કાઢયું કે એક અન્ય શ્વેત લિલિયમ નામી વ્યક્તિના DNA પ્રોફાઈલથી તે નમૂનાના મળતા હોવાની શક્યતા One in 40 Billions Trillions છે. *(Kingsport Times-News, Monday, August 10,2015)*

**(૬)** આપણે ત્યાં અમુક લોકો હત્યા અથવા બળાત્કારનો કેસ (અર્થાત એવા અપરાધ જેમની સજા મૃત્યુદંડ અથવા આજીવન કેદ છે એ)માં કેવળ DNAના પોઝિટિવ લેબોરેટરી રિપોર્ટને કૃતઈ અને નિશ્ચિત ગવાહીના રૂપે સ્વીકાર કરવા પર અડીખમ છે અને તેને કૃતઈ અને નિશ્ચિત સાબિતિ ન માનવાવાળાઓને જૂનવાણી વિચારવાળા ઠરાવે છે. **આ તમામ આઝાદ ખયાલ લોકોને વિનંતિ છે કે તેઓ બળાત્કારના કેસોમાં મદ્દબની ગવાહીને કૃતઈ સબૂત ન માનવા બાબતે** Univercity of Michigans Innocene Clinicના **૫૬ વર્ષીય કાર્લ વિન્સનના કેસનો અભ્યાસ કરે,** જેને ૨૫ વરસની જેલ થયા બાદ એ કારણે છોડી દેવામાં આવ્યો કે જજ એઝિન બ્રાઉને કહ્યું :

**"અદાલત સાઈન્સી સબૂતોના બદલે આંખો દેખી ગવાહી પર નિર્ભર કરશે."** *(Kingport Times-News, Monday, July 16, 2011)*

સારાંશ કે DNA ટેસ્ટની પોઝિટિવ રિપોર્ટના કૃતઈ (નિશ્ચિત) સબૂત ન હોવા વિશે અમેરિકા અને યુરોપિયન દેશોની અદાલતો એક સૂર નથી, અમુક તેને કૃતઈ સબૂત માને છે અને અમુક અદાલતો તથા F.B.I એ તેને સ્વીકાર્યુ નથી. આ જ હકીકતને ઈલ્મે નબુવ્વતે અમુક શબ્દોમાં બયાન ફર્માવી દીધી :

"જ્યાં સુધી બની શકે મુસલમાનોથી હદો (સજાઓ)ને માફ કરી દો."

*(સુનને તિર્મિઝી, હદીષ-૧૪૨૪)*

ઈમામ ઈબ્ને માજહએ પોતાની કિતાબ સુનને ઈબ્ને માજામાં પ્રકરણ રચ્યું : "મોમિનની પર્દાપોશી અને સજાઓને શંકાઓના કારણે (શંકાનો લાભ આપી) દૂર કરવાનું બયાન."

ઉમ્મીદ છે મારી આજિઝાના કોશિશ ઈન્શાઅલ્લાહ! જજ સાહેબો, મુફતિયાને કિરામ, વકીલો અને કાનૂનના વિદ્યાર્થીઓ માટે લાભદાયક સાબિત થશે.

*-(માહનામા નૂરુલ હબીબ, માર્ચ-૨૦૧૭, બસીરપુર, પાક.)*

## બરકાતે ખ્વાજાની ટપાલ......કાર્યાલય

### શાદી પ્રસંગે શાનદાર જલસો

**જૂનાગઢ** : અહીં ધોરાજીવાલા મેમન જમાતખાના કંપાઉન્ડ, બુકર ફલીયામાં તા. ૧૯–૫–૨૦૧૭, શુક્રવારે રાત્રે ઈશાની નમાઝ બાદ જૂનાગઢના મશહૂર વલીએ કામિલ વાલીએ સોરઠ હઝરત મિયાં મહમૂદશા બાવા رحمۃ اللہ علیہને ખિરાજે અક઼ીદત પેશ કરવા તેમજ જનાબ મુહમ્મદ સાદિક઼ભાઈ ઉમરભાઈ રોકડીયાના નેક ફરઝંદ અહમદની શાદીના મુબારક પ્રસંગે એક શાનદાર જલ્સાનું આયોજન પીરે તરીક઼ત, ગુલઝારે મિલ્લત, હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી (સજ્જાદાનશીન ખાનક઼ાહે રઝવિય્યહ્–જૂનાગઢ)ની સદારતમાં કરવામાં આવેલ આ જલ્સામાં ખાસ કરી ભારતના મશહૂર આલિમ મુજાહિદે અહલે સુન્નત હઝરત અલ્લામા અલ્હાજ મો. યૂસુફ રઝા ક઼ાદરી સાહેબ (ન્યુ દિલ્હી)એ ખાસ હાજરી આપી શાનદાર તક઼રીર ફર્માવી હતી. તેમજ બુલબુલે બાગે મદીના જનાબ સૈયદ શાનવાઝ બાપુ ક઼ાદરી સાહેબે તેમના મધુર કંઠે નઅતે રસૂલ તથા મનક઼બત પેશ કરેલ આ જલ્સામાં હઝરત મુફતી હસીબુર્રહમાન સાહબ, જનાબ સૈયદ મોહંમદમિયાં બાપુ ક઼ાદરી, સૈયદ સાજિદ બાપુ તેમજ જૂનાગઢ શહેરના ઉલમાએ કિરામ, સાદાતે એઝામે ખાસ હાજરી આપી. જલ્સો પૂર્ણ થતા સલાતો સલામ બાદ હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરીએ વજદ આફરીન અંદાઝમાં દુઆ કરી હતી. જલ્સા બાદ આમ ન્યાઝ જમાડવામાં આવી હતી.

*રજૂકર્તા : એસ. રોકડીયા (જૂનાગઢ)*

### શબે ક઼દ્રના મૌક઼ા પર શાનદાર ઈજતેમા

**પારખેત** : તા. ૨૨–૬–૨૦૧૭ના રોજ ૨૭મી રાત (શબે ક઼દ્ર)ના મોક઼ા પર ચિશ્તિયા મસ્જિદમાં શાનદાર પ્રોગ્રામ થયો, જેમાં બુલબુલે બાગે મદીના જનાબ અલ્હાજ મુહમ્મદ ઈમરાન નૂરી સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–પાલેજ) સાહબે શાનદાર હમ્દો નઅત શરીફ, મન્ક઼બતો પઢી હતી. ત્યારબાદ શબે કદ્રની ફઝીલતો, બરકતો વિશે ઈસ્લાહી બયાન કરી મજમાને મંત્રમુગ્ધ કરી દીધો હતો. ત્યારબાદ એતેકાફમાં બેઠેલ ભાઈઓની મીટિંગ કરી હતી. તેમને એતેકાફ પૂર્ણ થયા બાદ રમઝાન પછી પણ મસ્જિદે ખાસ આવવા, ગુનાહોથી બચવા તેમજ ઈન્ટરનેટનો ઉપયોગ ગુનાહના કાર્ય માટે નહીં પણ નેકીની દા'વત માટે કરવા ખાસ તાકીદ કરી હતી. તેમજ એહલે સુન્નતની વેબસાઈટો તેમજ SDI Chennel, YouTube પણ ચાલુ કરવા ખાસ અપીલ કરી હતી.

*રજૂકર્તા : અઝહરૂદ્દીન રોકડ*
*(મુઆવિને : સુન્ની દા'વતે ઈસ્લામી–પારખેત)*

### સખીદાતાઓ ખાસ ધ્યાન કરે

**મુંબઈ** : "મદ્રસા અંજુમને ફયઝાને અવલિયા, ગોરેગાંવ (ઈસ્ટ), ફલાય ઓવર કો.ઓ.સો.લિ. મુંબઈ." આ જગાએ કોઈ સુન્ની મદ્રસો ન હોવાથી આપણા બાળ કો ગૈરોના મદ્રસામાં જાય છે. પણ હવે અમો કોશિશમાં લાગેલા છીએ અને "મદ્રસા અંજુમન ફયઝાને અવલિયા" નામથી રજીસ્ટ્રેશન કરીને શરૂઆત કરી છે. અહીં મકાન ખરીદવા રૂા. ૬૦ લાખ થાય છે. તો સખીદાતાઓ મામલાની ગંભીરતા સમજે આ કામે અમને લિલ્લાહ, ઝકાત વગેરેથી ભરપુર સહકાર કરે એવી નમ્ર આજીજીભરી અપીલ છે.

લિ. **સુબા ઈબ્રાહીમ કુરચણવાળા** (જ. સક્રેટરી),
**મૂસા એ. દસુ** (પ્રેસિડન્ટ),
**ગુલામ એમ. શેખ (ટ્રેઝરર)** મો. ૯૮૨૦૬૪૫૮૦૧

**(SVC Co. op. Bank Ltd., A/c. No. : 108203130001891, IFSC-SVC000082)**

Rs. 25 M.O. કરીને મંગાવો...

**નમાઝનું મહત્વ તથા જરૂરી મસાઈલ**

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી
–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, નમાઝના ફઝાઈલ–મસાઈલ, ઔરતોની નમાઝ, મુસાફિર તથા બીમારની નમાઝ, નમાઝમાં થતી ભૂલો, નમાઝ પઢવાની રીત, નમાઝે જનાઝા, સ્ત્રીઓને લગતા હૈઝ, નિફાસ, ઈસ્તેહાઝાના મસાઈલ, નમાઝની દુઆઓ, સૂરતો... વગેરે વર્ણન છે. એક વાર જરૂર વાંચશો.

**સરનામુ : રઝવી કિતાબ ઘર, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

**જુનાગઢ** : ખાતે આપણા ''બરકાતે ખ્વાજા'' (માસિક)ના એજન્ટ, નિઃસ્વાર્થ ખાદિમ જનાબ અબ્દુલમજીદભાઈ રઝવીના એહલ્યા સાહેબા નરગીસ બાનુનો ૧૩–રમઝાન જુમ્આ (તા. ૯–૬–૨૦૧૭)ના દિવસે ઈન્તેકાલ થયો છે. મર્હૂમા હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ હઝરત શાહ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہનાં મુરીદા હતાં. પીરની જેમ તેમને ઈન્તેકાલની તેર તારીખ નસીબ થઈ. મર્હૂમાની રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મગફિરત ફર્માવે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**અલીયાબાડા** : ખાતે અમારા ખાસ ચાહનારા વડીલ ''બરકાતે ખ્વાજા'' (માસિક) તથા ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''ના ખાસ ચાહક, જીવનની અંતિમ ઘડીઓ સુધી દીનો સુન્નિયત માટે ફિક્રમંદ રહી કામ કરનાર જનાબ દાઉદભાઈ નૂર મુહમ્મદ રઝવી નાદુરસ્ત તબીયત તથા લગભગ ૮૫ વરસની ઉંમર છતાં સતત અમારા સંપર્કમાં રહેતા હતા અને પોતાના સર્કલમાં મહારાષ્ટ્ર લાતૂર સુધી ''બરકાતે ખ્વાજા'' (માસિક) તથા કિતાબોના મેમ્બરો કરતા રહેતા હતા. આ સુન્ની મુજાહિદના ઈન્તેકાલના દુઃખદ સમાચાર ૧૫–શવ્વાલ હિ.સ. ૧૪૩૮, સોમવાર, તા. ૧૦–૭–૨૦૧૭ના રોજ તેમના પુત્ર સિકંદર ભાઈએ આપતાં દિલે આંચકો અનુભવ્યો. તા. ૭–૧૦–૨૦૧૭ના રોજ મારી સાથે મર્હૂમે વાત કરી ગ્રાહકોની વિગતના મોકલેલ પત્ર વિશે તથા નાણા બેંકમાં જમા કર્યા વિશે તથા અન્ય ખબર અંતરની વાતો કરી અમને દુઆઓ પણ આપી હતી. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, તેમની ખતાઓને દરગુઝર ફર્માવી તેમની નેકીઓ કબૂલ કરીને તેમની બખ્શિશ ફર્માવે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**અમદાવાદ** : કેનેડાથી જનાબ જુનેદ હુસૈન સૈયદ (**"Barkatekhwaja" App.** બનાવનાર) જણાવે છે કે તેમના વાલિદ સાહબ સૈયદ અન્વર હુસૈન મહમૂદ અલીનો તા. ૩–૫–૨૦૧૭, ૭–શાબાન હિ.સ. ૧૪૩૮ના રોજ અહમદાબાદ ખાતે ઈન્તેકાલ થયો છે. મર્હૂમ દારુલ ઉલૂમ શાહે આલમના ખૂબ જ એક્ટિવ સફીર હતા. મૂળ ભરૂચના વતની વડોદરામાં સ્થાયી હતા. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફિરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી*

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*